
ભાગ

રઢીયાળી રાત

:: ભાગ ત્રીજો ::

સંપાદક : ઝવેરચંદ મેઘાણી

મુદ્રણસ્થાન

સૌરાષ્ટ્ર મુદ્રણાલય :: રાણપુર

પહેલી આવૃત્તિ : પ્રત ૨૦૦૦ : ૧૯૨૭ : જૂન

મૂલ્ય આઠ આના

પાકું પૂંઠું બાર આના

મુદ્રક અને પ્રકાશક

અમૃતલાલ દલપતભાઈ શેઠ

નિવેદન

'રઢીયાળી રાત'નો આ ત્રીજો સંગ્રહ ઉમેરાતાં એકંદર આશરે સાડા ત્રણુસો ગીતોની સંપત્તિ આપણે સર્વભક્ષી કાળના મુખમાંથી બચાવી શક્યા છીએ. સામાન્ય રીતે ઘણાં ખરાં પ્રચલિત ગીતો આમાં સમાઈ જાય છે.

બધાં જ ગીતો ઉત્કૃષ્ટ હોવાનો દાવો થઈ શકે જ નહિ. તેમ છતાં સાધારણ ગીતોને પણ દાખલ થવા દેવામાં મારો આશય તે ગીતોમાં પ્રતિબિમ્બિત થતા લોકસમાજના, તેમજ તેમના કાવ્ય, વિકાસના અભ્યાસની સામગ્રી પૂરી પાડવાનો જ છે. શિક્ષણની દૃષ્ટિએ જુદી જુદી કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે આમાંથી ચુંટણી કરી અલાયદા સંગ્રહો કરવાનો અવકાશ છે, અને 'બાળ રઢીયાળી રાત' જેવું Selection કરવાનું મારા લક્ષ્યમાં જ છે.

આ વખતનો પ્રવેશક લખવામાં ખાસ અભ્યાસી ભાઈ બ્હેનો પર મુખ્ય દૃષ્ટિ રખાઈ છે. વિશેષે કરીને કૉલેજમાં ભણનારાઓની ઉપયોગીતા ધ્યાનમાં લીધી છે. 'Ballads' વિષે જે ચાર પુસ્તકો મળી આવ્યાં તેમાંથી યથોચિત દોહન કરેલું છે.

દક્ષિણામૂર્તિ બાલમંદિર માટે લોકગીતોનો અથાક સંગ્રહ કરનાર શિક્ષિકા બ્હેન શ્રી લીલાવતી બ્હેને પોતાનો સંગ્રહ મને કાયમ જોવા દઇ, જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે પોતાને મિષ્ઠ કંઠેથી મને ઉદાર હૃદયે ઢાળો સંભળાવ્યા છે. 'સમાજ-જીવન' માસિકનાં તંત્રી બ્હેન શ્રી લક્ષ્મી બ્હેન ડોસાણીએ મને થોકડાબંધ ગીતો સંભારી સંભારીને લખી મોકલ્યાં હતાં તેમાંથી પણ નવાં હતાં તેનો ઉપયોગ મેં આ સંગ્રહમાં કર્યો છે. સૌ. બ્હેન શ્રી. જયાકુમારી દાણીએ મારે માટે ખુણે ખાંચરે ફરી ફરી ગીતો સંઘર્યાં, ઢાળો ઝીલ્યા, અને—એ બધાની ટોચે—જાહેર શ્રોતાજનોની વચ્ચે જઈને ગીતોનું પ્રચાર કાર્ય કર્યું છે. માતુશ્રી મોંઘીબા પરમાનંદ ઠક્કરનું સમસ્ત કુટુંબ તો મારે માટે ગીતો

વાતોનું બારે માસ ચાલતું અખૂટ પરબ છે. અને આ તમામ નામોમાં એક આદરભર્યું નવું નામ બ્હેન શ્રી પ્રેમલીલા બ્હેન સુમંત મહેતાનું ઉમેરીને કૃતાર્થ થાઉં છું. ગુજરાતનાં ગરબા-મંડળો એ બ્હેનના કોકિલ-કંઠથી ક્યાં અજાણ્યાં છે? એમના લાલિત્યમય કંઠ પર ચડીને કૈંક આધુનિક કવિઓના રાસો ધન્ય બન્યા છે. પરંતુ રાજકોટની બાર્ટન ફીમેલ ટ્રેનીંગ કોલેજની અંદર પોતાની કાઠીઆવાડી વિદ્યાર્થિની બ્હેનોના વૃંદમાં, અસલ કાઠીઆવાડી ઢાળના રાસ ગાતાં ગવરાવતાં તો એ બ્હેનને હજુ હમણાં જ જોયાં. પોતાની રાસઘેલી શિષ્યાઓની સાથે સમોવડ બનીને રાસડાના કુંડાળામાં ઘૂમતાં, કાઠીઆવાડી રાસડા ઝીલતાં ઝીલાવતાં, અને પોતાની ઉદાર રસવૃત્તિ વડે પ્રાચીન અર્વાચીન રાસડાઓની વચ્ચે સંગમ કરાવતાં એ બ્હેને વિના સંકોચે પોતાની વિદ્યાર્થિની બ્હેનો કનેથી મારા માટે અનેક મધુર ગીતો કઢાવી આપ્યાં છે. પ્રત્યેક પુસ્તકની માફક આના મુખપૃષ્ઠ પર પણ ભાવવાહી ચિત્ર કરી આપી મારી લેખન-ભાવના સાથે તાદાત્મ્ય અનુભવનાર મિત્રવર રવિભાઇનું ઋણ પણ કેમ ભૂલું?

હું તો માત્ર નિમિત્ત જ બન્યો છું. ગીતોનાં સાચાં દાન દેનારાં તો આ બધાં છે. ગીત-સંગ્રહની મારી આ ત્રીજી ફુલછાબ ગુર્જરી માતાને ધરતાં ધરતાં, આ તમામ પ્રેમીજનોનું ઋણ સ્વીકારી લઇ અને રાસ-રાત્રિની પૂર્ણાહૂતિએ મારી ગુજરાતણ બ્હેનો જે પંક્તિઓ ગાય છે, તે જ પંક્તિઓનું સ્મરણ કરાવી હું કૃતજ્ઞ હૃદયે વિદાય લઉં છું કે

> "અમે અમારે ઘેર જશું
> બેનો રામ રામ છે!
> "બોલ્યું ચાલ્યું કરજો માફ
> રે બેનો રામ રામ છે!

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
રાણપુર
૧૫ : ૬ : ૨૭

સંગ્રાહક

સાંકળિયું

લોકગીતોની તુલના-દષ્ટિ

ૐ

લોકગીતોના પ્રદેશનો સીમાવિસ્તાર કેટલો ? એ વડલાની અનેક શાખાઓ : રાસડા, કીર્તનો, ધોળ, સળુકા, રામવાળા, કૃષ્ણવાળા, ભજનો, દુહાઓ ઇત્યાદિ.

રાસડાની પણ જૂજવી જાતો:

૧. ગીતકથાઓ : Ballads
૨. ઊર્મિગીતો
૩. ઋતુગીતો
૪. બાલગીતો
૫. સંસાર ચિત્રો

ગીતકથાઓ કઇ કઇ ?

ઐતિહાસિક ગીતકથાઓ : જસમાનો રાસડો, રાણકદેવીનો રાસડો, દાદુભા, દાજીરાજની કુંવર, સોનલ ગરાસણી, વેલો રાવળ વગેરે, જેમાં ગ્રામ્ય ઇતિહાસના વીરત્વના, સતીત્વના, અપહરણના આદિ કરૂણ બનાવો ગવાયા છે.

કૌટુમ્બિક ગીતકથાઓ : જેવી કે મોટાં ખોરડાં, પાતળી પરમાર, વીરને વખડાં, વાંઝીયાં આદિ, કુટુમ્બ-જીવનના કલે-

શોમાંથી જન્મતી, પણ અમોલ આત્મસમર્પણની અથવા અનુકમ્પાજનક જીવન-અંતની ઘટનાઓ.

૩. ઇતિહાસ-યુગ પૂર્વેની, એટલે કે Pre-historic કાળની કથાઓ કહેતાં ગીતો: જેવાં કે બાલુડો જોગી ગોપીચંદ, હરચંદ રાજા, રામનાં લગ્ન, સીતા વનવાસ વગેરે. એને આપણે Legendary Ballads કહી શકશું.

આ ત્રણે ભાતની ગીતકથાઓને યુરોપના લોકગીતોમાંથી સરખાસરખી બ્હેનો મળી આવે છે. બન્નેના ઉદ્ભવ, વિકાસ અને મૃત્યુનાં પગલાં એક જ માર્ગ પર પડતાં આવ્યાં છે. બન્નેમાં સમાન લક્ષણો વિલસે છે. પરંતુ યુરોપી વિવેચનસાહિત્યમાં ત્યાંના 'બેલેડો'નાં મૂલ મૂલવાયાં છે, સારાં માઠાં બેલેડને કસવાના નિયમો નક્કી થયા છે. આપણે ઘેર આપણાં લોકગીતો હજુ વિવેચનના અધિકારને પામ્યાં નથી. તેથી આપણે આપણાં ગીતોને યુરોપી વિવેચનાની સરાણે જ ચડાવવાં રહે છે:—

They are the stories of

(1) Heroism in danger
(2) Gallantry in war
3. Constance in Love
4. The Conflict of the treacherous against the brave in battle.

ભય સામે ઝુઝતા વીરત્વની, યુદ્ધમાં પ્રગટતા પરાક્રમની, પ્રણયમાં બતાવાતી વફાઈની, અને વીરનરો સામે રચાતા વિશ્વાસઘાતની એ વાતો છે. અને taken as a whole, they represent life in its sombre (dark) rather than joyful aspect : એકંદરે એ ઝીંદગીની ઉલ્લાસભરી દિશા કરતાં ઉદાસીભરી દિશાને વધુ પ્રમાણમાં રજુ કરે છે.

કંકાસ કે કરૂણતા ?

કૌટુમ્બિક કંકાસ અને તેમાંથી નીપજતી નિર્દોષ વહુવારૂઓની અથવા બ્હેન ભાઇઓની હત્યા આપણાં લોકગીતોમાં બેહદ સ્વરે

વર્ણવાયલો છે. લોકગીતોને તિરસ્કારનારાઓ આવાં ગીતોને પોતાના તિરસ્કારના સમર્થનમાં ટાંકી બતાવે છે અને પ્રશ્ન કરે છે કે આ જ તમારૂં લોક—સાહિત્ય ને ?

સાહિત્યનાં મૂલ મૂલવવામાં આવો વિચાર–ગોટાળો અત્યંત અંતરાય જન્માવે છે. યુરોપી સાહિત્યે Tragedy—કરૂણરસ વિષેનું જે આખું ઉદધિમંથન કરી જગતને રત્નો ધર્યાં છે, તેનું દુઃખદ અજ્ઞાન આ દલીલની પાછળ ડોકીયાં કરે છે. એ દલીલને જોરે તો જગતમાંથી શેકસ્પીઅરનાં નાટકોનો પોણો ભાગ દેશવટે જાય અને વિશ્વ–સાહિત્યકારોની–ડાન્ટે, મીલ્ટન અથવા ઇબ્સનની ગરદનો છેદાય. પરંતુ જે ઘડીયે આર્યાવર્તના આદ્ય નાટયગુરૂ ભરતમૂનિનું ધાર્મિક ફરમાન પણ ઉથાપીને આપણે આપણાં નાટકોને કરૂણાન્તમય કરતા થઇ ગયા છીએ, તે ઘડીયે કરૂણાન્તભીનાં લોક-ગીતોની કતલ ચલાવવી સ્હેલ નથી.

વિશ્વ-સાહિત્યનાં હોય તેટલા ભુવનોમાં ફરી વળોઃ ને પછી કહો, કરૂણતાનું સ્થાન કેટલું છે ? અને વિનોદનાં, પ્રફુલ્લિત કથા—અંતનાં મૂલ કેટલાં અંકાય છે ? શેકસ્પીઅરનું ઓથેલો, ટાગોરની નવલિકા, શરદબાબુની નવલકથા કે દ્વિજેન્દ્રનું નાટક : એમાં શું કલહ નથી ? અંતરના વલોપાત નથી ? મૃત્યુ નથી ? મુંઝવણો નથી ? રક્તપાત નથી ? ભીષણતાના પંજામાં ચંપાતું નિરપરાધી માનવ–પારેવું નથી ? લોકગીતમાં શું છે, કે જે ઉત્કૃષ્ટ સાહિત્ય–કૃતિઓમાં નથી ?

હા, તમે એમ આરોપ મૂકતા હો, કે લોકગીતોમાં ક્રૂરતા અથવા કંકાસ અથવા વૈરવૃત્તિને ઉશ્કેરનારૂં, એ વૃત્તિમાં રાચનારૂં, કે એનો બચાવ કરનારૂં લક્ષણ છે, તો તેની સાબીતી પર આપણે એ ગીતોનો પરિત્યાગ કરીએ. 'બાર બાર વરસે નાવણી ગળાવી ' એ કથામાં પોતાનાં પુત્ર–દંપતિનું બલિદાન ચડાવતાં માતપિતા રાચે છે ખરાં ? 'દાણીરાજની કુંવરી' ના રાસડાને અંતે શું શ્રોતાજન શોક્યોનાં વેરઝેર વિષેની કટુ વૃત્તિ વા કાળી ઇર્ષ્યા–વેદના લઇને ઉઠે છે ? કે નિરપરાધી

કુંવરીના કોડભર્યા જીવતરના અણુધાર્યા ક્રૂર અંતમાંથી પ્રેમ, કરૂણા, આત્મ-મંથન અને નિગૂઢ સંસાર-ઘટનાનું ઊંડું નિમજ્જન અનુભવીને ચાલ્યો જાય છે? 'મોટાં ખોરડાં' વગોવનાર વહુના વિષ-પાનને નિરખી કયો ભાવ આપણા અંતઃકરણનો કબ્જો લઇ બેસે છે? "પાતળી પરમાર"ની વાર્તા આપણા કાનમાં વેર, ધિક્કાર વા ઘાતકતાની વાત કહી જાય છે કે દાંપત્યના અમોલ બલિદાનની! એટલેથી જ ન અટકતાં, આપણે તો 'કડવલી' કણબણની ઘટના પણ તપાસીએ : પોતાના ખેડુ પાત સાથેની સરલ જીવન-યાત્રામાંથી 'કડવલી'ને કોઇ લંપટ પ્રેમિકે આકર્ષી લઇ વિલાસી જીવનના ફાંસલા નાંખ્યા. બાવાની વાંસળી પર મોહ પામનાર કડવલીએ પોતાના સ્વામીને ઝેર પાયું. પોતે નવા પ્રેમિકની સાથે ન્હાસી ગઇ. લોક ગીતના રચનારે આ બધી પતન-ઘટનાને બે ત્રણ ગીતોમાં વર્ણવી. એ વર્ણન શું કડવલીની 'હિમ્મત'ને વંદન કરે છે? એ શું વિલાસના આવા દારૂણ સ્વરૂપ પર કાવ્યનાં પુષ્પો ચડાવે છે! અથવા કંઇ નહિ તો શું એ 'કડવલી'ના elopment-પલાયનને વિનોદ-સ્વરે ગાઇ ગ્રામ્ય-જનતાને ઝ્હેર ચડાવે છે? ના. કડવલીનાં ગીતો-ત્રણે ગીતો એ ભોળી ગામડીઅણ યુવતીના દારૂણ અધઃપાતને આલેખી તે જીવન-વિનાશ પર ટપકાવેલ ત્રણ આંસુ સરખાં છે.

> ઉગમણા ઓરડા કડવી નવ ગમ્યા રે
> ખપેડાબંધ ખોરડે મન મોહ્યાં રે
> રણમાં રોળી રે કણબણ કડવલી રે
>
> કાચાળાં કાપડાં કડવીને નવ ગમ્યાં રે
> કોણી ઉતાર કાપડે મનડાં મોહ્યાં રે
> રણમાં રોળી રે કણબણ કડવલી રે

એમ રણછોડ પરણ્યો ન ગમ્યો, હનુભાઇ ગરાસીએ મન મોહ્યાં : જાડા સાડલા ન ગમ્યા, ઝીણી પછેડીએ મન મોહ્યાં : ભરેલા ઘાઘરા ન ગમ્યા, ઘેરદાર ઘાઘરે મન મોહ્યાં : એ બધા વર્ણનમાંથી કયો સૂર ઉઠે છે? ગોલ્ડસ્મીથનું Deserted Village:

હેનરીવુડનું East Lyne : ધુમકેતુની અનેક વાર્તાઓ : એ બધા સૂરો શું એક જ વાજીંત્રના તાર પરથી નથી ઊઠતા ?

આપણે આ અધમ કહેવાતું લોકગીત લીધું છે. અને તેની તુલના કરવા બેઠા છીએ. 'કડવલી'ના બીજા ગીતમાંથી થોડી પંક્તિઓ ટાંકીએ:—

"કડવીની બાઈજી રેંટીયો કાંતે જો
"કડવી બેઠી સોમલ વાટે જો કડવલી.
"સાંજ પડીને રણછોડ વાળુ કરવા આવ્યો જો
"માડી મને વાળુડાં દેજો કડવલી
માડી રે માડી ધાન કડવાં લાગે જો
તાંબડીમાંથી દૂધડીયાં દેજો રે કડવલી.
વાળુ કરીને રણછોડ વાડીએ ચાલ્યો જો
અડધે જઇને વમન થીયાં રે કડવલી.
ત્યાંથી તે રણછોડ દોડાદોડ આવ્યો જો
માડી માડી કમાડ ઉઘાડો રે કડવલી

* * *

પાછલી પછીતે ઢોલીઆ ઢાળ્યા રે કડવલી

* * *

રણછોડની માડી બોલવા લાગી જો
એકવાર હોંકારો દેજો રે જસમોયા.

હવે આ પંક્તિઓની પાસોપાસ અંગ્રેજી બેલેડ 'Earl Rendal'ને મૂકીએ :

1. O where have you been,
   Lord Rendal, my son ?
   and where have you been,
   my handsome yong man ?

I have been at Green wood,
mother make my bed soon;
for I'm wearied with hunting,
and fain would lie down.

2. And who met you there,
Lord Rendal my son ?
and whe met you there,
my handsome young man ?
O I met with my true-love:
mother make my bed soon,
for I'm wearied with hunting,
and fain would lie down ?

3. And what did she give you,
Lord Rendal my son ?
And what did she give you,
my handsome young man ?
"Eels fried in a pan;
mother make my bed soon
for I'm wearied with hunting
and fain would lie down.

કથાનો ભેદ પુરે છે: એ અમીરજાદાને એની પ્રિયતમાએ વિષ દીધું છે. આ સોરઠી અને સ્કોટલાંડી બન્ને ગીતકથાઓ દારુણ વિષદાનની છે. બન્નેમાંથી Tragedyના કરુણ સૂરો રણઝણે છે. એમાંથી એક પણ કવિ પાપમાં પ્રસન્નતા અનુભવતો નથી.

આપણી સો બસો ગીતકથાઓની સામે યુરોપીય બેલેડ ત્રણસો જેટલી સંખ્યામાં પડ્યાં છે. એમાંના પ્રત્યેક ગીતનાં પણ પાંચ પાંચ, દસ દસ અને પચીસ પચીસ જેટલાં તો પાઠાન્તરો છે. એનો આખો સંગ્રહ તો 'English and

Scollish Ballads'ને નામે છેક ઇ.સ. ૧૮૮૨થી, દશ વિભાગમાં વ્હેંચીને પ્રો. ફ્રાન્સીસ જેમ્સ ચાઇલ્ડે પ્રગટ કર્યો હતો. એના ઉપર એ વિદ્વાન સંશોધકે પોતે, હેલન ચાઇલ્ડ સારજંટ અને જ્યોર્જ લીમન કેટેરીજ નામના બે જોડીદાર પ્રોફેસરોએ, હાવર-ફોર્ડ કોલેજના પ્રોફેસર ફ્રાંન્સીસ ગ્યુમેરીએ, એવા આશરે પચીસ આંતર–રાષ્ટ્રીય પ્રતિષ્ઠાવાળા સાહિત્યકારોએ પોતાની વિવેચના પ્રગટ કરી છે. એ પ્રાચીન બેલેડની રચના પસંદ કરી, સ્કોટથી માંડી કૈંક કવિઓએ રચેલાં નવી શૈલીનાં બેલેડ આજ પણ યુરોપની તેમજ હિન્દની વિદ્યાપીઠોના અભ્યાસની અંદર મહત્ત્વનું સ્થાન રોકી બેઠાં છે. એટલે લોકસાહિત્યની વિવેચનાના સિદ્ધાંતો આપણે ત્યાં હજુ નક્કી ન થયા હોવાથી એ પાશ્ચાત્ય લોકગીતોના કાવ્યરસિકોએ મહા પ્રયત્ને ઘડેલી સુવર્ણ–તુલાને જ આપણે વાપરવી જોઇશે અને એ પાશ્ચાત્ય ગીતોનું અધ્યયન કરવું પડશે. એટલે હવે આપણને ખટકતું જે કરૂણા રસનું તત્ત્વ, તેની જ ચર્ચા, પ્રો. ગ્યુમેરી પાસેથી પ્રથમ સાંભળીએ :—

લોકગીતોનો કરૂણ રસ

"Ballad : એટલે ગીતકથા : a tale telling itself in verse: ગીત વાટે પોતાને વર્ણવતી કોઇ લોકકથા. કવિ સીડનીએ શિષ્ઠ કવિને ઉદ્દેશીને ઉચ્ચારેલાં વચનો આ આંગ્લ અને સ્કોટલેન્ડની ગીતકથાઓમાં વિરાજેલી નાની શી કાવ્યદેવીને પણ લાગુ પડે છે : એ પણ "સમધુર પ્રમાણમાં ગોઠવેલા શબ્દો સમેત અને જાદુભરી સંગીત–કલાની સંગાથે તમારી સન્મુખ આવે છે : અને એ તમારી પાસે કોઇ એક કથા લઇને આવે છે : બચ્ચાંને રમતમાંથી રોકી રાખે, તથા વૃદ્ધોને શગડી પરથી ખડા કરી મૂકે એવી કથા લઇને એ આવે છે."

"અને એ કથા શાની હોય છે ? કઇ કઈ ભાતની ? એમાં સાચેસાચ કયો ભાવ તરવરે છે ? સાંભળવાને અયોગ્ય તો એ ભાગ્યે જ હોય છે. ગીતકથાનું કાવ્ય નિર્મલ જ હોય છે. ત્રણસો જેટલી ગીતકથાઓમાંથી માત્ર વીસ જ એવાં નીકળશે કે જેને

સુખદ અંતવાળાં—happy ending વાળાં કહી શકાય : વળી એ વીસની અંદર પણ કથાને તો કેવળ કરૂણ અંતમાંથી ઉગારી જ લેવાઇ છે. બાકી ઘણાં ખરાં ગીતોની અંદર તો પહેલીથી છેલ્લી કડી સુધી આપણા હૃદય પર જે વેદનાની અસર ચાલુ રહે છે, તેને ખસેડવામાં એ સુખદ અંત—happy ending કશા કામમાં આવતું નથી. આ થોડીએક સુખપર્યવસાયી કથાઓને વટાવતાંની વાર જ, તેની લગોલગ એક જ્વાલામય દ્વાર ઉભું છે,અને એ દ્વાર વાટે થઇને જ વાચક ભીતરના ખરા કિલ્લામાં દાખલ થઈ શકે છે. તમામ ગીતકથાઓને જોઇ વળો, તો કરૂણાન્ત જ મોખરે ઉભેલો દિસે છે. એ કરૂણાન્ત ગીતો જ સહુથી વધુ લાક્ષણિક, પુરાતન, મનોહર, અને ઉત્કૃષ્ટ છે. એ બધાં કાવ્યો, કવિતા વિષેની કવિ વર્ડ્ઝવર્થની વ્યાખ્યાને—એટલે કે કવિતા તો "શાંત મનોદશામાં સાંભરેલી ઉર્મિ : emotion recalled in tranquillity છે" એ વ્યાખ્યાને સૂચવનારાં નથી. એ તો

> "Like the Volcano's tongue of flame,
> "Up from the burning core below
> "The canticles of love and woe."

"ભીતરમાં સળગતા, હૃદયમાંથી ઉછળતા, જ્વાલામુખીની જ્વાલ—જીભો જેવાં છે. પ્યાર અને વેદનાના તણખા છે' એ એમરસનની વ્યાખ્યાને જ વધુ બંધબેસતાં છે.

"કશી ચર્ચા કર્યા વિના એ ગીતકથાઓ માનવી અને કિસ્મત વચ્ચેની અથડાઅથડીનો પડઘો પાડે છે. જો એમાંથી કાંઇ સાર લેવો હોય તો તે આડકતરી રીતે જ લેવાય છે. અને એ પુરાતન સાર શો છે? એજ કે કિસ્મતના પંથ અનિવાર્ય છે, છતાં એના ભોગ થઇ પડતા માનવીએ તો નથી પોતાની દુર્દશા પર રડવાનું વા નથી હસવાનું, પણ કેવળ મર્દની રીતે વર્તવાનું જ છે. એનો અંતિમ ઉચ્ચાર છે કરૂણાજનકતા : Tragedy : નિરાશાવાદ નહિ.

"એનું ઉત્કૃષ્ટ મૂલ્ય જ એ છે કે અન્ય કોઇ કવિની પાસે ન હોય તેવાં સાધનો વડે એ જૂનાં સ્મરણોને જગાડી શકે છે. એ જંગલી કાવ્ય નથી, primitive verse નથી—ગ્રવલેશ નથી. એમાં તો કાવ્ય–કલાનું ગુંથણ છે. આજ પણ એ પ્રાચીનતાના સૂર કાઢી યુગયુગની પરંપરાનાં સ્મરણો જગાડે છે. એજ એનાં મૂલ્ય છે. એ કાંઇ કેવળ જૂના સાહિત્યના સંરક્ષણનું–survival નું મૂલ્ય નથી. ના, એ તો આધુનિક નરનારીઓની અવસ્થાઓને પણ આલેખે છે. અને એ તો આપણી પ્રજાની શાશ્વત સંપત્તિ ગણાય તેવાં છે. આજે 'Babylon' નું જંગલી ગીત અને 'Hamlet'નું આધુનિક નાટય–ધન, બન્ને વચ્ચે સામાન્ય કાવ્ય–લક્ષણ હોવું જ જોઇએ. ઉત્કૃષ્ટ ગીતકથા અને જગતનાં મહાન કાવ્યો, બન્ને ઘણી બાબતોમાં સરખાં છે ને એક જ પંથે પ્રયાણ કરે છે. એ ઉભયને આપણે ગઇ કાલની, આજની, પુસ્તકાલયમાં પઢતા માનવીની કે કોઈ એક ઉત્સવ ઉજવતા લોકવૃંદની લાગણીના ઉચ્ચારણ તરીકે મૂલવવાનાં નથી, પણ પ્રત્યેક વ્યક્તિથી લઇ સમુદાય સુધી સહુમાં ધબકતા ઉર્મિધબકારાના આવિષ્કરણ તરીકે કસવાનાં છે. બન્નેની અંદર જીવનનાં ઉંડાંમાં ઉંડાં અને સબળમાં સબળ તત્ત્વોનું સાચું વૃત્તાંત રજુ થાય છે. વેદનાના, વિપત્તિના, શોકના ને શ્રમના સ્વરોને યુદ્ધના, વિજયના, અને પરાજયના સ્વરોથી અળગા પાડવા અને સાહિત્યને એ રીતે જીવન ઉપરના ચિંતન રૂપ–reflection રૂપ બનાવી દેવું, એજ સંસ્કૃતિનું મુખ્ય કાર્ય છે. એ reflection નો–ચિંતનનો ધ્વનિ જૂની ગીતકથાઓમાં સભર ભર્યો છે. અને જેમ આ ગીત–કથાઓમાં તેમજ દરેક મહાન કાવ્યમાં અંતિમ સૂર એક જ છે—કરૂણામયતા વાટે જ એ જીવનને વ્યક્ત કરે છે. અને જે કરૂણા-મય છે તે જ આખરે સાચું હોઈ શકે : only the tragic can be finally true.

"કરૂણાન્તક વસ્તુ પરના આપણા પ્યારનું કારણ વારંવાર ચર્ચાયું છે. પરંતુ આનો ખુલાસો તો ચોકખો ચટ છે કે "આપણને સત્ય જોવાની તાલાવેલી થાય છે." દિન પ્રતિદિન આપણી સન્મુખ

comedyના—હાસ્ય રસના પડદાને લટકાવ્યો રાખી, એ પડદાને જ નાટક માની લેવું આપણુને મધુર લાગે છે. પરંતુ પ્રત્યેક માનવીને એક દિવસ તો એવો આવે છે કે જ્યારે એ જેવી હોય તેવી વસ્તુ-સ્થિતિ જોવા તલખે છે, અને તે વખતે એ જે નિરખે છે, તે જ tragedy છે. બાકી તો સુખમય સમાપ્તિ (happy end) એ આખરે એના અંતરતમ ભાવમાં તો કોઈ દારૂડીયાનું સ્વપ્ન—સ્વર્ગ નથી તો બીજું શું છે?

"અસલી ગીતકથાઓ, ભલે અત્યારની આપણી કાવ્ય–પિપાસાને તૃપ્ત કરવામાં ચાહે તેટલી ઉણપભરી ભાસતી હોય, છતાં તે એવા માનવીઓની પાસેથી આપણને મળી છે કે, જેઓએ જીવનનું કઠોરમાં કઠોર સ્વરૂપ જાણ્યું હતું, પડકાર્યું હતું, અને સ્વીકાર્યું હતું. તેઓ બરાબર જાણતા હતા કે પ્રત્યેક પ્રયત્નની સમાપ્તિ વેળા તેઓને તો હારવાનું જ છે.

"અલબત આ ગીતકથાઓને માટે કોઇએ હદ બ્હારનો દાવો કરવાનો જ નથી. એમાંનાં ઘણાં ખરાં તો નિઃશંક ઉતરતી કોટિનાં કાવ્યો છે. એમાંનું સર્વોત્કૃષ્ટ ગીત પણ મહાન શિષ્ટ કાવ્યની બરોબરીએ બેસી નહિ શકે. તેમ છતાં જીવન પ્રત્યેની તેઓની દૃષ્ટિમાં જ તેઓની પોતાની એક વિશિષ્ઠ મહત્તા છે. તેના રચનારાઓ, શેકસ્પીઅરની માફક જ જાણતા હતા કે જીવતરના મહાન ઘમસાણમાંથી ટપકતી વેદના જ ખરા ઉપયોગની છે. અને તેઓ આત્મસ્ફુરણાથી જ સમજતા હતા કે કરૂણાન્ત ઘટનાનો કોયડો અગમ્ય જ છે છતાં તે એની નિગૂઢ અગમ્યતાની અંદર જ કંઇક ઉચ્ચ આંટી—ઉકેલ ધારણ કરી રહેલ છે, અને જીવનનો સાચો અર્થ માત્ર મૃત્યુમાંથી જ નીકળે છે.

"ગીતકથાઓ આવી બધી વાતો બોલતી નથી. ના, લવલેશ નહિ. એના રચનારાઓ અને ગાનારાઓ તો 'Tragedy'ના નામ માત્રથી જ ચમકશે અને 'Tragedy'ની વ્યાખ્યા સમજવા પણ શક્ત નહિ હોય. પરંતુ તે છતાં, પોતાનાં સરલ ગીતોની અંદર જ તેઓએ એ ભય અને પરાજયની જીવન–વાટ દર્શાવી"

દીધી છે. જીવન–સંગ્રામનું વૃત્તાંત તેઓએ સેનાપતિઓ તરિકે નહિ પણ સાદા સૈનિકો બનીને રજુ કર્યું છે: કેવળ એ સમરાંગણના ધમસાણ ઉપર જ તેઓએ દૃષ્ટિ ઠેરવી છે. બાકી યુદ્ધ-રચનાનો, યુદ્ધના ઘેરાનો, સમરના સાથીઓનો તથા શત્રુસૈન્યના અણદીઠ સરદારનો તો તેઓને વિચાર સરખો યે નથી આવ્યો.

યુરોપી બૅલેડના રચનારા

કોણ? એ વિષય પર અંગ્રેજ સાહિત્યના ધુરંધરોએ સાગર–મંથન સમી મહેનત લીધી છે. નિરનિરાળી માન્યતાઓ અને નોખનોખાં અનુમાનો એ મંથનમાંથી વલોવાયાં છે. એ પ્રત્યેક અનુમાનની જટિલતા જ આ વિષયને અર્પણ થયેલી ગંભીર મહત્તાનો પૂરાવો આપે છે. એ અનુમાનો આટલાં બધાં છેઃ—

૧. ધંધાદારી ચારણોએ, ગાયકોએ રચ્યાં, રચીને દેશદેશાન્તરમાં તેનો પ્રચાર કર્યો.

૨. Collective composition or the creative authorship of an aggregate folk : એટલે કે સહુથી પ્રથમ કોઇ લોકકવિએ એની રચના કરી જનસમૂહને સુપ્રત કર્યું. પછી એ એક પછી એક ગાયકના હાથમાં રમતું થયું, તે તમામે એમાં ઘટાડા ને ઉમેરા કર્યા. એના પ્રાસાનુપ્રાસ પણ બદલ્યા. પાત્રો પણ પલટાવ્યાં. એમ બે ત્રણ શતકોના પલટા અનુભવ્યા બાદ એ ગીતોનાં સીકલ એવી તો બદલી ગઇ કે અસલ રચનાર એને દેખે તો એને પોતાની કૃતિ જ ન કહે.

૩. People as a whole composes poetry, without the agency of the individual author. એટલે કે કોઇ કવિ નામની ચોકસ વ્યક્તિની સહાય વગર, લોક-વૃંદેજ એકત્રિત બનીને આ ગીતો રચ્યાં : "કલ્પના કરો કે નાની શી એક લોક–મંડળી, દૂર દૂરના કોઇ ભૂતકાળમાં, અથવા તો જીવનની અત્યંત સરલ અવસ્થા વચ્ચે, કોઇ સામુદાયિક રસનો અવસર ઉજવવા એકઠી મળી છે : એ અવસર કોઇ ધાન્યની લ્હાણીની સમૃદ્ધિભરી સમાપ્તિનો હોય,

અથવા તો કોઇ ખુની લૂંટારાઓ સાથેના વિજયશાળી યુદ્ધનો હોય. એ રીતે એકત્ર મળવાનો આશય સહુને માલૂમ હોય; જે વીર-ઘટના ગાવાની છે તે, અને જે નૃત્ય તેની સાથે ચાલવાનું છે તે પણ આખા વૃંદને સુપરિચિત હોય. સાથોસાથ લાગણીની—મનોભાવની એકાત્મતા હોય. સુધરેલા સમાજની નાની શી મંડળીમાં જે રસની કે વિચારની ભિન્નતા રહે છે તેવી લગીરે ભિન્નતા આ લોક—વૃંદમાં ન હોય; એવા લોક—વૃંદનું નામ જ "the folk" અર્થાત એક ગાતું, નાચતું અને કવિતા સ્રજવાને માટે અનિવાર્ય એવી માનસિક તેમજ હાર્દિક ઉત્તેજના વડે રોમાંચિત થયેલું—અનેકમાંથી એક જ પ્રાણરૂપે ધબકતું માનવ—મંડલ. આવી એકત્રિત ઉર્મિવશતા અને એક સમાન માનસિક વિચારણા ગીતોના શીઘ્ર સર્જનને માટે અત્યંત અનુકૂલ છે, એટલું જ નહિ, પણ એવી અવસ્થામાંથી કાવ્યનું સર્જન થયા વિના જ રહેતું નથી. આ કાંઇ કાલ્પાનક ચિત્ર નથી. આ તો ગંભીરમાં ગંભીર જાતનું વિજ્ઞાન છે. આવો સમુદાય હોઇ શકે, તેનાં અનેક પ્રમાણો મોજૂદ છે.

હવે વિચારીએ કે એવી મંડળીની અંદર કવિતા કેમ સરજાતી હશે! વૃંદનાં વિવિધ માણસો, એક પછી એક પોતાને તાત્કાલિક સ્ફુરેલી કડીઓ નૃત્ય કરતા કરતા ગાતા જાય, અને એ પ્રત્યેક વ્યક્તિની રચેલ કડીઓનું અખંડ આખું એક ગાન બંધાય. આ રીતે રચાયલું ગીત કોઈ એક માનવીની રચના નથી. "the folk is its author."

આવું ગીતસર્જન સુલભ હતું તેના પૂરાવા રૂપે પ્રોફેસર કીટરીજ ફેરો નામના ટાપુઓ (Faroe Islands) ની જંગલી પ્રજાના આવા આધુનિક રીવાજનો કિસ્સો ટાંકે છે. અને બીજા દૃષ્ટાંત રૂપે, રૂશીઆનાં કારખાનામાં સીગારેટો વાળતી મજૂર કુમારિકાઓ કામ કરતી કરતી જે પરસ્પરનાં વિનોદ—ગીતો જોડે છે તેનો ઉલ્લેખ કરે છે. આવી સામુદાયિક રચનાના ત્રણ આધારો —ત્રણ આંતરિક પુરાવાઓ અપાય છેઃ—

(૧) **Refrains**: ગીતનો ટેક: ટેકવાળી પંક્તિ: આ પંક્તિ

કોઇ એકાંતમાં બેસીને ગીત જોડતા એકલવાયા કવિને સુઝે જ નહિ. એ તો વારંવાર સમુદાયને જ ગાવાની પંક્તિ છે. એ સૂચવે છે કે ગીતની રચનામાં ગાન ને નર્તન આદરતું લોક-વૃંદ તો હાજર હોવું જ જોઇએ.

(૨) * Recurrent passages: જૂદાં જૂદાં ગાનોમાં બોલાતી, પુનરૂક્તિ પામતી એકની એક કડીઓ; કે જે આપણી કલ્પનાને કોઇ એકાન્તવાસી કર્તાને બદલે સામુદાયિક કર્તૃત્વના અનુમાન ઉપર દોરી જાય છે.

Incremental repetition : એની એ કડીનું થોડા એવા ફેરફાર સાથે પુનરાવર્તન થાય, જે ફેરફારથી વાર્તા આગળ વધે. દૃષ્ટાંત તરીકે: *

What will you give to your sister Anne
My silken scarf and my golden fan.

× × ×

What will you leave to your sister grace
My bloody clothes to wash and dress.

આવી રચનાને પણ 'રચનાર લોકવૃંદ' ની અપેક્ષા રહે છે. ગીતકથાનું શીઘ્ર સર્જન આખો ઉત્સવમગ્ન સમુદાય કરી રહ્યો હોય ત્યારે જ આવી રચનાની જરૂર પડે છે. આ બધાં

---

* Recurrent passages નાં દૃષ્ટાંત આપણી ગીતકથાઓમાંથી નીચે મુજબ ટાંકી શકાય :—

૧. આવશે રે કાંઇ ચોમાસાના દા'ડા
રે મેહુલા તમને વીજવે રે લોલ.
સાથે લેશું મીણીઆ ને કાંઈ માફા
રે મેહુલા અમને શું કરે રે લોલ.
[ર. રા. ભા. ૩. પૃષ્ઠ ૨૪]

૨. મારી નવરંગી વાડીમાં કેવડો મ્હેકીયો રે લોલ
આવ્યા ચોમાસાના દા'ડા લાગે હવે રોયલા રે લોલ
લેજા ચમ્મર છતરી લેશું ચોમાસું શું નડે રે લોલ
[ર. રા. ભા. ૨: પૃષ્ઠ ૭]

ગીત રચનાનાં લક્ષણો તેમજ બેલેડની અંદર એકંદર તરવરી રહેલ અવ્યક્તિત્વનું–Impersonality નું વાતાવરણ આપણને એવી અટકળ પર આણી મૂકે છે, કે ભૂતકાળમાં સમાજની સરલ અવસ્થાને સમયે કોઇ ઉત્સવ–તલ્લીન, નાચતા, ગાતા તથા ઉર્મિ અને કલ્પનાશક્તિનું તાદાત્મ્ય અનુભવી રહેલા લોક-વૃંદે એક સામટા મળીને આ ગીતો રચ્યાં હોવાં જોઇએ એવો પ્રો. કીટરીજનો સબલ મત છે.

૪. Things of genius : કોઈ મહા બુદ્ધિશાળી માનવીનાં રચેલાં છે: એ મત સર આરથર કવીલર–કાઉચનો છે. એ દલીલ કરે છે કે બેલેડ કોઇકે તો રચ્યાં હોવાં જ જોઇએ. અને તમને જો એમ લાગતું હોય કે લોક-વૃંદે એકઠાં થઇને રચ્યાં છે, તો એક જાહેર સભા બોલાવીને પછી અજમાયશ કરી જોજો ! કવિતા એ રીતે રચાઇ હોવાનું, માનવજાતનો ખુદ ઇતિહાસ જ ઇન્કાર કરે છે. એ રચનાર કોઇ વ્યક્તિ હોવી જ જોઇએ. અને અત્યારે જે સ્વરૂપે આપણા હાથમાં આ બેલેડ આવ્યાં છે, તેની ઉપર તો બેશક અલ્પ મનુષ્યોના સુધારા વધારાના થર ચડેલા હોવા જ જોઇએ, પરંતુ અસલ તો એ કોઇ તેજસ્વી કવિની –Genius ની–રચના જ હોવી જોઈએ. આ મતના સમર્થનમાં હેન્ડરસન નામનો વિવેચક પોતાની The Ballad in Literature નામક પુસ્તિકામાં ઉચ્ચારે છે કે:—

"A skilled art of narration, of drammatic presentation of incidents, is also conspicuous in many ballads, which for the most part, are now woeful examples both of rhyme & expre-

---

* Intermental repetition નું આપણાં લોકગીતોમાંનું દષ્ટાંત:—

આઠો આવ્યો રે સોનલ દાદાનો દેશ જો,
સોનલે નાખ્યું જે દાદો ઓડાવશે.

× × ×

આઠો આવ્યો રે સોનલ કાકાનો દેશ જો,
સોનલે નાખ્યું જે કાકો ઓડાવશે.

ssion: and here and there we meet with isolated stanzas, matchless for their felicitous simplicity and their conveyance of tragic pathos. Are these examples of literary exceptions, or do they point to the previous existence of many ballads of real literary merit, ballads of interst not merely as vehicles of old legends or records of curious superstitions, but as examples of an ancient poetic art, not essentially faulty in rhyme & jejune in expression, but practised by men of some accomplishment, and now and again by men of genins ? ”

ચારણોએ રચ્યાં ?

ઘણા ખરા અંગ્રેજ વિવેચકો બારીક અભ્યાસને અંતે એ વાતનો ઇન્કાર કરે છે. ચારણ અલબત અતિ પ્રાચીન પાત્ર છે. એલીઝાબેથના સમય પૂર્વે બેશક એ ચારણ રાજદરબારો તથા મહંતોના મઠોનો આશ્રિત બની તેઓનાં અત્યુક્તિભર્યાં ગીતો રચતો અને દ્રવ્ય રળતો. ઘણુંખરૂં તો એ કાયમી પગારદાર જ હતો, પરંતુ ગઢકિલ્લા અને સાધુમઠો (castle & convent) સાથેનો તેમજ સત્તાધીશો, ધનિકો ને વિદ્વાનોની મંડળી સાથેનો તેનો આ સહવાસ જ લોકજીવનનાં આ નગ્ન ગીતો સાથેના તેના સંબંધની વાત બીનપાયાદાર ઠરાવે છે. ચારણ મેળામાં, ડાયરામાં અને રાજકુળોને આંગણે કોઇ શુભ અવસરોમાં ભમી ભમી લોકોને પોતાના વાણી–વૈચિત્ર્ય વડે વિનોદ કરાવતો હતો. પરંતુ બીજી બાજુથી ગ્રામ્ય લોકો પોતાના નૃત્ય–ઉત્સવોમાં અથવા રોજિંદી મજૂરી કરતાં કરતાં જે સાદાં સુમિષ્ટ ગીતો ગાતાં, તેને તો નિઃશંક આ ચારણ ધિક્કારતો હતો. યુરોપી ચારણ પણ હમેશાં પોતાના ગીતમાં અઘરી, અટપટી, મુશ્કેલભરી અને આડમ્બરી વાણી જ વાપરવા તરફ ઢળતો.

"Banned by the church, alternately petted & revlled by the lords and knights for whom they practised every art of the entertainer, and whether in poor or rich estate, the minstrels were at the farthest possible remove from the unlettered and artless simplicity which marks genuine ballads of tradition. (Gummere)

વળી લગભગ બધાં જ સાચાં આંગ્લ બેલેડો ધંધાદારી ચારણની સ્મૃતિમાં નહિ પણ ગૃહજીવનની કૌટુમ્બિક સ્મરણ શક્તિમાં જ જળવાયાં હતાં. જહોન ઓબ્રે નામનો ગ્રંથકાર કહે છે કે "સ્ત્રીઓ વાંચતી થઇ તે પૂર્વે તો આખો ઇતિહાસ માતા પાસેથી ઉત્તરોત્તર દીકરીઓના કંઠમાં ઉતરતો,...એ રીતે મારી આયાને પણ છેક ઇંગ્લાંડના વિજય [conquest] થી માંડી ચાર્લ્સ પહેલા સુધીનો ઇતિહાસ બેલેડ રૂપે જ કંઠસ્થ હતો." પ્રો. કીટરીજ પણ લખે છે કે આ તમામ ગીતકથાઓ સ્ત્રીસમુદાયને મુખેથી જ મળી આવી છે. અને ચારણને તો એ સમુદાયની સાથે દૂર દૂરનો પણ સમાગમ કદી સંભવતો નથી. Ballads are one thing and minstrel poetry is another. It is difference between sophistication and artlessness. minstrel's songs will suit the hall better than the bower, the tavern or the public square better than the cottage, and would not go to the spinning-wheel at all. (Kittirege)

યુરોપી બેલેડો વિષેની આ ચર્ચા આપણી ગીતકથાઓને પણ લાગુ પડે છે કે નહિ તે વિચારવા જેવું છે. આપણો ચારણ વર્ગ તો રાગ કાઢીને ગવાતાં ગીતોમાં રસ જ લેતો નહોતો. આપણા રાવળો, મીરો, નાથબાવાઓ કે તુરી લોકો પણ આજ મોટે ભાગે સ્ત્રીઓના પ્રાચીન રાસડાઓથી અજ્ઞાત જ છે. તેઓ ઘણે ભાગે પોતાના દાતાર બારવટીઆઓ અથવા દરબારોની

પ્રશસ્તિના જ રાસડા ગાય છે. એ પ્રશસ્તિમાં ઘટનાઓ ઉપર નહિ, પણ અત્યુક્તિભર્યાં વખાણ પર વધુ ભાર દેવાય છે. એમાં કાયમ અંતરના ઉદ્દગારો નથી હોતા. નિખાલસ ગુણદોષનું વર્ણન દેખાતું નથી. અલબત કોઈ કોઇ ચમકારા એ કાવ્ય-રચનાની અંદર માનવોર્મિનું ક્ષણિક દર્શન કરાવે છે : જેવા કે

૧. ડુંગરે ડુંગરે કાદુડાના દાયરા
દારૂ ગોળાની વાગે ઠારમઠોર રે મકરાણી કાદુ
જૂની વસતી જમાદાર માર્યં મા
એવડાં તે દુઃખ નો દઇએ લોકને

૨. ડુંગરડા દોયલા થીયા
પગ તારો વેરી થીયો
શામવાળા ગલઢેરા, ડુંગરડા દોયલા થીયા.

૩. કચ્છ ભૂજના રાજા
છેતરી છેલોને નો'તા વાઢવા
ભોળવીને એનાં માથડાં નો'તાં વાઢવાં.

અગર કોઇ ઓજસવંતુ શબ્દચિત્ર :—

કેડે કટારાં વાંકડાં મોવર
હલકે ગેંડાની ઢાલ
ખંભે ખંભાતણ શોભતી મીયાણા
ભલી ભબકી તરવાર
તરવારે મેવાર તેવો, સૂરો જવાન સાવઝ જેવો

આ સિવાય લોકહૃદયના હર્ષ-આક્રંદના સૂર આ ધંધાર્થી ગાયકોના વાજીંત્રને તારે ઝાઝા ચડ્યા નથી. પછી તો વૃત્તિ ખુશામદમાં વળી અને કાવ્ય-શક્તિ અનુકરણમાં જ ગબડી પડી. એનાં એ વર્ણનો, ભાડે મળતાં વસ્ત્રાભૂષણોની માફક હરકોઈ દાતારને વિભૂષિત કરવામાં રોકાયાં છે. છતાં કોઈ કોઇ જળ-પ્રલય, ભયાનક આગ અથવા એવી કોઇ ભીષણ હોનારત જોતાં તે ધંધાદારીઓનો હૃદય-વીણાના કોમલ તાર પણ કાંપી ઉઠ્યા છે, અને તેમાંથી વારંવાર

" કાસમ વારી વિજળી
રે મધ દરિયે વેરણ થઈ "

એવી નૈસર્ગિક ગીતકથાઓ નીસરી પડી છે. એવે સમયે તો એ ભટકતો અને પ્રશસ્તિઓ વેચતો જાચક પણ લોકસમુદાયની થડોથડ આવી લોક-લાગણીના પડછંદા ઝીલી શકતો. છતાં એ 'વિજળી' નૌકાની જલ–સમાધિના ગીતને "બાર બાર વરસે નાવણી ગળાવી " એ ગીત સાથે મૂકી જુઓ, એટલે ધંધાદારી ગાયકની તથા ઉર્મિપ્રધાન લોક–કવિની કાવ્ય–રચના વચ્ચેનો તફાવત સમજાઇ જશે. કુદરતી લોકગાન અને આજીવિકા અર્થે કરેલું કલા–સર્જન આપોઆપ અળગાં પડી જશે. કેમકે 'બાર બાર વર્ષે'નો જન્મ થયો છે ઓજનોની રાસ–રમતની કોઇ અજવાળી અધરાત્રિયે, સંયુક્ત સામુદાયિક ઉર્મિને નૃત્યમાં અપનાવવા કાજે; અને 'વિજળી'નું સર્જન થયું છે જનમનરંજનની ઇચ્છાથી રાવણહથ્થાના તાર ઉપર. એવું જ કંઇક યુરોપી વિવેચકને મન વસવાનું. રોટલાના અકેકા બટકાની આશા કરતો નાથ બાવો એકાક, ઉંબરે ઉંબરે જતો હોવાથી 'ગોપીચંદ' જેવાં ઉત્કૃષ્ટ લોકપ્રિય ગીતો ગાતો થયો છે. પરંતુ એ ગીતોને પોતે પોતાના જ કોઈ અમુક પૂર્વજની રચના તરીકે નથી લાવતો. એ તો લોક–સમુદાયમાંથી સાંભળીને લોક–પ્રીતિ અર્થે કંઠસ્થ કરી લે છે. કોઇ ધંધાદારી જાચક–વર્ગ તો આપણી ગીત–કથાઓનો મોટે ભાગે સર્જક નથી તે સ્પષ્ટ દેખાય છે. છતાં 'વિજળી' ઇત્યાદિના સરજનહારોનો વારસદાર, જો લોક–જીવનમાં પોષણ પામ્યો હોત તો નૈસર્ગિક લોક–કવિઓની પરંપરા ન લોપાઇ ગઇ હોત એ ચોકસ વાત છે.

આવી અનેક અટકળોના અણઉકેલ્યા કોયડા પાશ્ચાત્ય લોક-ગીતના રસિકોને અકળાવી રહેલ છે. અને એનાં અવતરણો આ સ્થળે આપવામાં એટલું જ બતાવવાનો આશય છે, કે તેઓએ તમામે પોતાનાં લોકગીતોને "They are genuine poetry,

peculiar poetry and sincere poetry*" રૂપે સ્વીકારીને તે પર ગંભીર લક્ષ્ય આપ્યું છે. 'માનવ જાતિ પારણામાં હીંચકતી હતી' તે યુગ સુધી પણ મહાન સંગ્રાહક પ્રો ચાઇલ્ડે બેલેડોના ઉદ્ભવસ્થાનની શોધમાં પોતાની વિવેચના-જ્યોતને પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. અને પ્રાચીન બેલેડોના આટલા પરિશીલનમાંથી તો બ્રીટનની પ્રજાએ સ્કોટ, કોલરીજ ને કીપ્લીંગ સરખા મહાકવિઓનાં અર્વાચીન બેલેડોનાં કાવ્ય-રત્નો પ્રાપ્ત કર્યાં છે. પ્રાચીન ગીતકથાઓનું સમગ્ર બલ ખેંચી લેવાયું, એની ન્યૂનતાઓ ત્યજી દેવાઇ, અને વિધવિધ ઘટનાઓને નવા યુગની ભાવનાથી રંગીને એ બેલેડ-શૈલીએ વ્હેતી કરવામાં આવી. આંગ્લ કવિતા એ બધાં કાવ્ય-રત્નો બદલ અસલી લોક-ગીતોની ઓશીંગણ રહેશે.

અંગ્રેજી સંગ્રહો

પશ્ચિમમાં પણ આ બેલેડોને સાહિત્યના રાજદરબારમાં દાખલ થવાની મનાઇ હતી. એલીઝાબેથના સુવર્ણ-યુગમાં તો આ લોકગીતો ઉઘાડાછોગ તિરસ્કારને પાત્ર થતાં. અને એનાં ગાનાર લોકવૃંદ પણ પોતાનાં ગીતોને 'સાહિત્ય' શબ્દ લગાડવાનો

---

* They are geninue poetry, peculiar poetry, sincere poetry : but they will not compare with the high music of Milton's Lucidas & Keats' Nightingale. In truth any comparison of the ballads with these would be unfair, as any comparison between children and grand folk. They appealed in their day to something young, in the national mind. The yhave all the winning grace of innocence; but they cannot scale the great poetic heights, any more than mere innocence can scale the great spiritual heights. (Sir Arthur Quiller Couch M. A.)

સ્વપ્નેય ખ્યાલ કરતાં નહોતાં. આખરે ઈ. સ. ૧૭૬૫ની અંદર બીશપ પર્સી નામના સાહિત્યકારે, ડરતાં ડરતાં, ક્ષમા માગતાં માગતાં એ કંઠસ્થ ગીતોનો સંગ્રહ કાગળ પર ઉતારી પ્રજાને સોંપ્યો. છેક એંગલ્સ અને સેક્સન જાતિએ ઈંગ્લાંડ પર આક્રમણ કર્યું ત્યારથી જ તે જાતિ ગીતો સાથે લાવેલી. અંગ્રેજી ઇતિહાસના ઉષઃકાળથી તે છેક ૧૭ મી સદી સુધી આ ગીતકથાઓના થોકે થોક મોજૂદ હતા. ત્યાર પછી જ એ કાગળ પર ટપકવા લાગ્યા. બીશપ પર્સીએ 'Maid & Palmer' નું એક લોકગીત એક ગામડામાં રહેતા ગૃહસ્થના ઘરના કાગળના ઢગલામાંથી શોધી કાઢેલું અને એણે જોયું કે એ કાગળીયાં તો ઘરની કામવાળીઓ રોજ ચૂલો પેટાવવામાં વાપરતી હતી !

પ્રથમ સંગ્રાહક : પર્સી

"પર્સીના સંગ્રહનું નામ Reliques : એણે માત્ર પ્રાચીન પરંપરાગત ગીતકથા જ નહિ, પણ કોઇ કવિઓનાં નામાચરણ વાળી—કેટલીક તો તદ્દન જાણીતા કવિઓની ગીતકથાઓ પણ સંઘરી. ગીતકથાઓની સાથે અન્ય શૈલીનાં કાવ્યો પણ દાખલ કર્યાં. એનો ઉદ્દેશ સંશોધન કરતાં સાહિત્યવૃદ્ધિનો સવિશેષ હતો. એની નેમ વિવેચન કરતાં પ્રચારની વધુ હતી. એનો ઉઘાડો અભિલાષ આ પ્રાચીન લોક—કવિતાના અસલી સૌન્દર્યની પિછાન દેવાનો તથા એની અંદર 'કવિતા' તરીકેનો રસ ઉત્પન્ન કરવાનો હતો. અને એના પુસ્તકને તાત્કાલિક જ વિજય મળ્યો. પોતે પોતાની કલ્પનામાં કદી ન દીઠેલો એવો મહાન વિજય એને વર્યો. અને ફક્ત લોકોમાં જ એનો પ્રચાર ન થયો. એના પુસ્તકે તો જર્મનીનો કૌતુકપ્રિય યુગ—German Romantic movement—સરજવામાં મોટી સહાય દીધી અને 'અર્વાચીન બેલેડ'ની કલાનું આગમન પોકાર્યું. એ પુસ્તકે યુવાન વયના કવિ વૉલ્ટર સ્કોટ ઉપર ઉંડી અસર કરીને એને પણ અસલી ગીતકથાઓનો સંગ્રહ કરવા પ્રેરણા દીધી." (હેન્ડરસન)

સ્કોટનો સંગ્રહ : Border Minstrelsy

ઇ. સ. ૧૮૦૧માં પ્રગટ થયો. પર્સીના સંગ્રહ કરતાં એનો ઘણો

મોટો પ્રભાવ પડયો. પર્સી અને સ્કોટની વચ્ચે અન્ય કેટલાએક સંગ્રહો પ્રગટ થયેલા ખરા, પણ આ સંગ્રહે પોતાના તમામ પૂર્વગામીઓ કરતાં વધુ મહત્ત્વનું કામ કર્યું. કવિ સ્કોટને સંખ્યા-બંધ પાઠાન્તરો મળી શકયાં અને જૂદા જૂદા પાઠાન્તરોની ઉત્તમોત્તમ કડીઓને એણે એક સાથે સાંકળી, આંહી તહીં સુધારા વધારા પણ ઉમેરી, જરૂર પડે ત્યાં ત્યાં ભાવ બંધબેસતો કરવા સારૂ પોતાની રચેલી પંક્તિઓ વડે પણ પૂરવણી કરી પોતાનાં નવીન જ પાઠાન્તરો રજુ કર્યાં. કેટલીક વાર તો ગીતને સંપૂર્ણ બનાવવાની તેમજ પોતાના પૂર્વજોની પરાક્રમ–કથાઓને ન્યાય આપવાની બેવડી લાલચથી એણે એ અસલી ગીતોમાં ફેરફાર કર-વાની એટલી બધી તો છૂટ લીધેલી છે કે જેથી એ ગીતોનાં મૂલ્ય વિષે ભ્રામક ખ્યાલો નીપજવા જેવું પણ થયું છે.

જેમ્સ ચાઇલ્ડનો સંગ્રહ : The English and Scottish Popular Ballads : ૧૮૮૨ થી ૧૮૯૮ સુધીમાં, દશ ભાગમાં પ્રગટ થયો. એમાં ત્રણસો ને પાંચ બેલેડ છે. પણ પ્રો. ચાઇલ્ડે તો એમાંના કેટલાંએકનાં તો જેટલાં મળ્યાં તેટલાં તમામ પાઠાન્તરો પણ દાખલ કરેલ હોવાથી એકંદર સંખ્યા ઘણી મોટી થવા જાય છે. કોઇ કોઈ ગીતનાં તો અઠ્ઠાવીસ જેટલાં પાઠાન્તરો છે. દરેક ગીતને મથાળે એ ગીતની ઐતિહાસિક ઇત્યાદિ માહિતી આપતો નાનો પ્રવેશક હોય છે. અન્ય યુરોપી ભાષામાં એ ગીતનું બંધુગીત હોય તેનો પણ ઉલ્લેખ કરેલ છે. ગીતોના સંગીત વિષે પણ નોંધ આપી હોય છે.

લોકગીતોનાં લક્ષણો

પાશ્ચાત્ય ગીતકથાઓ મહાકાવ્યોને પંથે વિચરે છે. The ballads are before all things epic : They are the heroic life of a nation told in lyric episodes: પ્રજાના વીર-જીવનને ઊર્મિભરી સંગીતમય ઘટના વાટે વ્યક્ત કરતાં એ બાલ–મહાકાવ્યો છે. આપણી ગીતકથાઓ–જેવી

કે રાણકદેવી, વેલો રાવળ, તેજમલ ઠાકોર, આદિ–પણ એ જ પંથે પ્રયાણ કરે છે.

બેલેડનાં–ગીતકથાનાં લક્ષણો સહુથી નિરાળાં, સાચા સિક્કાના રણકાર સરખાં છેઃ—

૧. એમાં impersonality–અવ્યક્તિત્વનું તત્ત્વ અગ્રપદે છે.

૨. Abrupt beginning : એમાં અધ્ધરથી જ આરંભ થાય છે. અને એ તત્કાળ ઘટનાના મધ્ય પ્રવાહમાં આપણને ઘસડી જાય છે.

૩. Breakneck speed : ધસમસતો વેગ : ઘટનાને ત્વરિત ગતિથી વહેતી રાખવા માટે એમાં સંભાળ રખાય છે. સર આરથર તો એટલે સુધી ઉચ્ચારે છે કે for rapidity these innominate lays beat any thing in Homer: હોમરના મહાકાવ્યના કરતાં યે લોકગીતોનો પ્રવાહ અધિક માર ! માર ! ગતિએ ચાલ્યો જાય છે.

૪. Directness : સીધેસીધા, આડું અવળું કશું યે ધ્યાન ખેંચ્યા વિના, વર્ણન પર કે પ્રસ્તાવના પર આપણને ન રોકતાં, આ લોકકવિઓ આપણને મૂળ વિષયના મધ્ય ભાગમાં ખેંચી જાય છે.

૫. Concrete diction : અથવા તો objectivity: એટલે કે લોકગીતના શ્રવણ, વાચન અથવા ગાયન વેળા આપણી દૃષ્ટિ શું શું બની રહ્યું છે તે પર જ ઠરે છે. રચનાર નહિ પણ કથા પોતે જ આપણને યાદ આવે. કથાનો ઉદ્દેશ નહિ પણ કથાના બનાવો પર જ ચિત્ત ચોંટે. ગીતમાં વહેતી ઉર્મિનો વિચાર ન આવે પણ એનો સાક્ષાત્કાર જ થાય–ઉર્મિમય જ બની જવાય.

આ બધાં લક્ષણોની કસોટીએ આપણી ગીતકથાઓ ચડી શકે છે કે નહિ, તે બતાવવા 'રાણકદેવડી'નું દૃષ્ટાંત લઈએ : (ર. રા. ભા. ૨ : પૃષ્ટ ૧૬૫)

કશી પ્રસ્તાવના વિના રાણકદેવી કોણ અને કોને ઘેર જન્મેલી તેના લગાર પણ ઉલ્લેખની જરૂર જાણ્યા વગર, સીધેસીધું

"ગઢમાં વાગ્યાં રે કાંઈ જંગીનાં ઢોલ રે
કાંઇ જંગીનાં ઢોલ રે
"રાજાને ઘેરે કુંવરી જલમીયાં."

એનું નામ abruptness : અને પછીની સુસવાટા કરતી ઘટના–ગતિ તપાસો: કુંવરીના રૂપનું કશું વર્ણન ન મળે. તુર્ત જોષ જોવાયા : જોશીએ વેણ કાઢ્યાં કે

" કુંવરીને ભોંમાં ભંડારજો. "

છઠ્ઠી કડીમાં તો કુંવરી ભોંમાં ભંડારાઈ : સાતમી કડીમાં તેજમલ કુંભારનું માટી ખોદવા જવું : તુર્ત જ કન્યાને પોતાને ઘેરે લઇ જવું : પાંચ વરસની રાણકદેવીનું પાણી ભરવું : તુર્ત યૌવનમાં પ્રવેશ :

" વાયા વાયા રે કાંઈ ઓતર દખણા વાય રે
કાંઈ ઓતર દખણા વાય રે
" ચૂંદડીના છેડા ફરૂકીઆ. "

રા'ખેંગારનું આગમન : સૌંદર્ય–દર્શન : લગ્ન : વગેરેનો પ્રવાહ મસ્ત બની ધસે છે. અને જોતજોતામાં તો એ અકેક કડીમાં આલેખાયલાં શબ્દ ચિત્રો આપણી કલ્પનામાં પોતાની છાપ અંકિત કરીને આખરની કરૂણ કેન્દ્ર-ઘટના પર આપણને પહોંચાડે છે. જો કવિ એ ઘટના–ઓતની ચોગમ કુદરતને આલેખવા થંભ્યો હોત, અથવા જો એ પોતાની આત્મલક્ષી વિચાર–પૂરવણી કરવા રોકાયો હોત તો આ ગતિ મારી જાત. એ જોમ : એ Vigour : રણશીંગા જેવો એ અવાજ : અને એ ઘટના-વર્ણન પાછળ કવિનું આત્મગોપન : આ પ્રકારે આપણાં લોકગીતો પાશ્ચાત્ય ગીતોના નિકષ પર ચડીને પોતાની રેખાઓ આંકી શકે છે કે નહિ, તે અનુભવવાનું કામ વાચકનું છે–ખાસ કરીને એ ગીત સાંભળનારને જ એની પૂર્ણ પ્રતીતિ થાય છે.

આપણી લગભગ પ્રત્યેક ગીતકથાને આ કસોટીઓ લાગુ પડી શકે છે. અને એનાં એ લક્ષણોનું આપણાં ગીતોમાં પણ દર્શન થતાં આપણને હજારો ગાઉને અંતરે પડેલી પ્રજા સાથેના આપણા ઉંડા આત્મ–મિલાપનો વિચાર આવે છે !

લોકગીતોનો કવિ : એનાં લક્ષણો :

૧. એના ગીતનો વિષય એનો પોતાનો નથી હોતો પણ લોક સમુદાયનો હોય છે

૨. એ વિષય કાં તો કોઇ પરાપૂર્વની પ્રાચીન લોક–કથા હોય, અથવા જનતા સમસ્તના અનુભવની, અથવા તો તાજેતર બનેલી ઘટના હોય.

૩. પોતાના વિષયને કોઇ નવીન–ચકિત કરી નાખે તેવી રીતે વર્ણવવાની, અથવા તો એને વિષે પોતાની વિશિષ્ઠ ઉર્મિઓ વ્યક્ત કરવાની એની વાંછના જ નથી હોતી. ગીતો ઉપર પોતાના વ્યક્તિત્વની છાપ મારવા એ માગતો જ નથી.

૪. કોઇ કલાવિધાની કવિની માફક એ આપણી વચ્ચે કશો વિશિષ્ઠ સંદેશો લઇને આવતો નથી.

૫. એને આત્મ–ભાન નથી હોતું.

૬. જે લાગણીને સહુ માનવી અનુભવે છે, તે જ લાગણીને એ ઉચ્ચારણ આપે છે

૭. એ માનવી નથી–પણ સાક્ષાત અવાજ છે. He is a voice rather than a person.

૮. એ એકાંતે જઇને રચતો નથી, પણ પોતાના શ્રોતૃ-સમુદાયની સમક્ષ ઉભીને રચે છે.

૯. પોતાની અને પોતાના શ્રોતાઓની વચ્ચે એ ગાઢ ઉર્મિ–સમાગમ અનુભવે છે.

લોકગીતોનું સંગીત

કલ્પના કરો કે એક વિવેચક હતો : કોયલ એણે દીઠી નહોતી. પણ કોયલ વિષે એણે કૈં કૈં કવિ મહાકવિઓનાં ગીતો

વાગ્યાં હતાં : એક દિવસ એણે આંબાની ડાળે કોયલને અબોલ બનીને બેઠેલી દીઠીઃ વિવેચક હસ્યો : આ કાળું કદરૂપ પંખી ! આમાં કવિઓએ શું રૂપ કે માધુર્ય દીઠું ! જગત શીદ આ કવિઓની શબ્દ—જાળમાં ફસાઈને આવા બદસૂરત પંખી વિષે ભ્રમણામાં પડયું ! કવિઓ સૌ જૂઠા છે અને જનતા બેવકૂફ છે !

લોક—ગીતોને કેવળ પુસ્તકમાં છાપેલાં બીબાં પરથી જ તોળનારને નસીબે પણ આવી જ પરિસ્થિતિ લખાયલી છે, એ છાપેલા શબ્દોની પાછળ અકળ, અખંડ મધૂર અને નિગૂઢ સ્વરો રહ્યા છે, તેની એને કલ્પના પણ નથી આવતી. લોક—ગીતના પ્રચલિત ઢાળોને કોઈ ગ્રીકંઠેથી ન સાંભળનારને મન તો

"આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે
"ઝીણા ઝરમર વરસે મેઘ
"ગુલાબી કેમ કરી જાશો ચાકરી રે"

એ કેવળ સાદા શુષ્ક —prosaic— શબ્દો જ માત્ર છે. સ્વરોનો અજાણ રસિક એમાં શબ્દાલંકારનાં કે અર્થાલંકારનાં દર્શન ક્યાંયે પામતો નથી. આ સાદી પંક્તિના ગર્ભમાંથી કોઈ ભાવ—ધ્વનિ એના કાનમાં ગુંજી ઉઠતો નથી. કેમકે શરીર સાથે આત્માની માફક લોકગીત સાથે જે સંગીત જડાયલું છે, તેનો રસાસ્વાદ એ રસિકે અનુભવ્યો નથી. એને શી રીતે સમજાય કે આ શબ્દોમાં તો એકજ નહિ પણ અસંખ્ય વિયોગ—ભીરૂ પ્રેમિકાઓના મર્મવેધી વિયોગ સ્વરો મઢાયા છે ! એને શી ખબર કે

"રામે તે સરોવર ખોદીયાં ને લખમણ બાંધે પાળ,
"સીતાજી પાણીલાં નીસર્યાં મારી મરઘાનેણી નાર
"તું રે મારે મન લખમણ જતિ
"મને ઘડી ન વિસરે રામ"

એ ત્રણ પંક્તિઓમાં મોજાં જેવા સ્વર—હિલ્લોલ, કોઈ પૂર્ણિમાની ભરતીના મસ્ત આરોહ અવરોહ મચવતા, અને જાનકીજીના પતિપ્રેમનો પૂર્ણ ચંદ્રોદય પોતાની સપાટી પર

ઝીલતા, ઉછાળા લઇ રહ્યા છે! જેને આ ગીતના ઢાળનો પરિચય ન હોય, તેને નહિ જ સમજાય કે

"તું રે મારે મન લખમણ જતિ
મને ઘડી ન વિસરે રામ"

એ પંક્તિમાં જાનકીનું રાવણ પ્રત્યે કેવું અમર સંબોધન અંકાયું છે! એ સંબોધનને લોક–સમુદાયની હજારો માતા–બ્હેનોના હાર્દમાં સીતાપણું ઉત્પન્ન કરવાની શક્તિ દેનાર પણ મોટે ભાગે એનું સંગીત જ છે.

વિવેચક લોકગીતોનાં મૂલ મૂલવવામાં થાપ ખાય છે અને સંગ્રાહક એની સાચી કિમ્મત અંકાવવામાં નિષ્ફળ જાય છે, એમ બન્ને પક્ષે મુંઝવણ રહે છે, કેમકે લોકગીતોના કલેવરમાં પ્રાણ સ્વરૂપે ગુંજતું સંગીત મુદ્રણકલાની શક્તિના સીમાડાની આણ માનતું નથી. વળી એ સંગીતમાં જે વિવિધ તાલોની રમઝટ બોલી રહી છે, તેના રસપાનથી પણ અવલોકનકારને વંચિત જ રહેવું પડે છે, કેમકે એ સંગ્રહના વાચન પૂરતો જ શ્રમ લઇ એક નિશ્વાસ મેલી વા એક અટ્ટહાસ કરી અટકી જાય છે. એટલે જ સમાલોચક ચાહે તેટલો પ્રમાણિક છતાં યે એ કેવળ આખી વસ્તુના ¼ અંશનું જ નિરીક્ષણ કરી શકે છે. એકજ રામકથાને

૧ : રઘુપતિ રામ રૂદેમાં રે'જો રે
૨ : વનરા તે વનમાં મઢી બનાવી
ત્યાં છે સીતાજીના વાસ મારા વાલા !
૩ : તું રે મારે મન લખમણ જતિ
મને ઘડી ન વિસરે રામ
૪ : લક્ષ્મણ લક્ષ્મણ બંધવા રે
સીતા કેમ કરી મેલ્યાં
૫ : બાઇ કો'ને કીયો દેશ
વનમાં ચાલ્યાં રે સીતા બાહુડે વેશ।

એવા પાંચ પાંચ નિરાળા ઢાળોમાં અનોખી અનોખી લાગણીના પલટા અપાયા હોવાની હકિકત હકિકત જ હોવા છતાં યે

એ ઢાળ ન જાણનારાઓની દૃષ્ટિએ તો માયા જેવી જ દિસે છે.

એ તો જૂદા જૂદા શબ્દોવાળાં ગીતો : પરંતુ હવે એકના એક જ શબ્દો કેટલા જૂજવા ઢાળોમાં ઉતર્યાં છે તેનાં દૃષ્ટાંત લઈએ: [ર. રા. ભા. ૧ : રમકડાં]

૧. "સોનાં ઇંઢોણી રૂપા બેડલું રે, છેલ રમે ગેડી દડે
પાણીડાં ગઇ'તી તળાવ રે, છેલ રમે ગેડી દડે

એ કાવ્યને નીચે પ્રમાણે નવા ટેક આપી, નવનવે સ્વરે રમાડવામાં આવ્યું છેઃ—

૨. "સોના ઇંઢોણી રૂપા બેડલું રે
નાગર ઉભા રે રંગ રસિયા.
પાણીડા ગઇ'તી તળાવ રે
નાગર ઉભા રે' રંગ રસિયા

૩. સોના ઈંઢોણી રૂપા બેડલું
દરિયાનાં ડોલર ફુલ ચડે મા'દેવને રે લોલ
પાણીડાં ગઇ'તી તળાવ રે
દરિયાનાં ડોલર ફુલ ચડે મા'દેવને રે લોલ

૪. સોના ઈંઢોણી રૂપા બેડલું
પાણી આતાં સેંજળીયા તળાવ રે
સેંજળીયાળી સરનાં પાણી સાંચર્યાં

૫. સોના ઇંઢોણી રૂપા બેડલું રે
લીંબુડું ઝુલે છે બાગમાં

૬. સોના ઇંઢોણી રૂપા હો રે બેડલું રે
પાણીડાં ગઇ'તી તળાવ
વનમાં બોલે રાજ કોયલડી રે.

આવા ઢાળો હજુ યે વિશેષ સંખ્યામાં શોધી શકાય છે. અને એ પરથી લોકગીતોમાં સંગીતનું પ્રાધાન્ય સૂઝી રહે છે

"સોનલા ગેડી ને રૂપલા દડુલીયો રે
"કાનકુંવર ગેડી દડે રમવા જાય"

એ પંક્તિઓમાં ગેડી દડાની રમતનો જ તરલ તોફાની અવાજ મેળવાયો છે. અને

" જેમ સુકાય તેમ જૂઈનાં ફુલ મારા વાલાજીરે,
" તેમ તારી ગોરાંદે કરમાય
જઈને કહેજે મારા વાલાને રે "

એમાં દૂર દૂર પડેલા 'વાલાજી'ને ખબર કહેવરાવવાનો આજીજી-સ્વર અનેક વિરહિણીઓનાં અંતરને વીંધતો ગુંથાયો છે. "Sound must echo the sense" એ સિદ્ધાંત, 'must' શબ્દમાં રહેલા આદેશના પરિપૂર્ણ પાલન રૂપે, અને છતાં યે 'must' શબ્દમાંથી સૂચવાતા કશા પણ પ્રયાસ વા પરિશ્રમ વગર, લોકગીતોમાં જે ખૂબીથી જળવાયો છે, તેનું—આપણને ઢાળો ન સાંભળનારાઓને તો ભાગ્યે જ ખરૂં ભાન આવી શકે. આ વિષય પરત્વે તો એક અકલુષિત—Unperverted શ્રવણ-રૂચિવાળા, નિર્વ્યાજતાના પૂજક, સર્વદેશીય રસવૃત્તિની બક્ષીસ પામેલા કર્ણાટકી વિદ્વાનનું જ કથન ટાંકીએ:—

" લોકસંગીતને લોકકાવ્યથી જૂદું પાડવું લગભગ અશક્ય છે. લોક કાવ્યની વિશિષ્ઠ ભાષા, તે ભાષાની નિર્વ્યાજતા, તાલ-બદ્ધતા અને અલ્પાક્ષરતા, એની અંદર પણ સંગીતનું સૂક્ષ્મ, અને અસ્પષ્ટ તત્ત્વ રહેલું છે જ. × લોક સંગીત એટલે જૂનું જ સંગીત, એવો અર્થ નથી. સમાજ—હૃદયની નિર્વ્યાજતા, લોક-હૃદયની સરલતા અને મૌલિકતા જેની અંદરથી વ્યક્ત થાય, સંસ્કારી હોવા છતાં જેની મુગ્ધતા કાયમ રહે, તેજ લોકસંગીત, તેજ લોકકાવ્ય. માત્ર લોકસંગીત કે લોકકાવ્યની કસોટી કાળે કરીને જ થાય છે. શિષ્ટ સાહિત્ય કે શાસ્ત્રીય સંગીતમાં પ્રવીણ લોકોનો નિર્ણય બસ થાય છે. અમુક મંડળે માન્યતા આપી એટલે સાહિત્ય કે સંગીત તરત જ શિષ્ઠ ગણાય છે. પણ લોક-સંગીતનાં પરીક્ષકો તો અસંખ્યાત મુગ્ધ હૃદયો જ છે. નાનાં બાળકો જેમ પોતાની વૃત્તિને જ વફાદાર રહે છે, તેમ જનહૃદય પણ પોતાની અભિરૂચિને જ વફાદાર રહે છે. એ અભિરૂચિ જ્યારે પસંદ કરે ત્યારેજ અમુક સાહિત્ય કે સંગીત 'લૌકિક' પદવીએ પહોંચે છે. સમાજમાં જ્યારે ભારે ક્રાંતિ ચાલતી હોય છે, સંખ્યાબંધ લોકોના હૃદયમાં જ્યારે

એક જ પ્રાણવાન પ્રેરણાની ઉર્મિઓ ઊઠે છે, ત્યારે લોક-હૃદય-માંથી નવું નવું લોકસંગીત પ્રકટ થાય છે અને કશા આધુનિક સાધન વિના પણ લોકમાન્ય કાવ્યોનો અને રાગોનો દેશવ્યાપી પ્રચાર થાય છે.

"આ કસોટી જો સાચી હોય તો લોક-સાહિત્યમાં જુનું અને નવું એવો કશો ભેદ જ કરવાની જરૂર નથી. જૂનું સાહિત્ય ભગવાન કાળની ચાળણીમાંથી ચળાઇને આવેલું હોય છે. અને તેથી તેની "લૌકિકતા" સ્વત-સિદ્ધ હોય છે. લાંબી વપરાશને લીધે જૂનાને લૌકિક છતાં અલૌકિક ઓપ આવેલો હોય છે. નવાં લોકગીતોમાં તેમ નથી હોતું. છતાં સહૃદય વ્યક્તિ અથવા લોકહૃદય નવામાં પણ સાચું લોકગીત અથવા લોકરાગ સહેલાઇથી પારખી શકે છે.

× × ×

"શાસ્ત્રીય સંગીતનો પ્રચાર પ્રયત્નપૂર્વક થાય છે. શાસ્ત્રીય સંગીતમાં ઉચ્ચમાં ઉચ્ચ સંસ્કારિતા હોય છે. રાષ્ટ્રીય આચાર્યોએ વિચારપૂર્વક નક્કી કરેલા આદર્શો ધ્યાનમાં રાખી તે રચેલું હોય છે. તેમાં દીર્ઘદૃષ્ટિ અને સૂક્ષ્મ શક્તિ રહેલી હોય છે. લોક-સંગીતનું તેવું નથી. લોકસંગીત પોતાની સ્વાભાવિક મનોહરતાને લીધે જ પ્રચાર પામે છે. અત્યંત સંસ્કારી લોકો પણ લોકગીતો પાછળ ગાંડા બની શકે છે. ઉદ્યાન-લતા કરતાં ચઢિયાતી વન-લતા ઘણીવાર નજરે પડે છે. સંસ્કારી દુષ્યંત મૃગશાવ સાથે ઉછરેલી શકુંતલાને પોતાના કુળની પ્રતિષ્ઠા બનાવવા તૈયાર થઇ જાય છે અને વ્યાસ જેવા રાષ્ટ્રકવિ તેમજ કાલિદાસ જેવા રાજ-કવિ તેનાં વખાણ કરતાં થાકતા જ નથી. લોકસંગીતની પણ આવી જ પ્રતિષ્ઠા છે. શાસ્ત્રીય સંગીતમાં પોતાની શક્તિનું એટલું બધું ભાન હોય છે કે ગાવાની ચીજનો શો અર્થ છે, એમાં કયો રસ છે, એના વિભાગ કેવા છે, વગેરે બાબતમાં તે બેદર-કાર રહી શકે છે. અને ઘણીવાર રહે છે પણ ખરું. પણ લોક-સંગીત તો હૃદયના ઉદ્‌ગાર સાથે જ વહેતું હોવાથી તે અત્યંત ભાવવાહી હોય છે, અને લોકસંગીતે હંમેશા પોતાના કાવ્યની

તેમજ સંગીતની આવી રીતે પરસ્પર પોષકતા સાધેલી હોવાથી લોકકાવ્યની અસર હૃદય પર મંત્ર જેવી થાય છે. " (કાકા કાલેલકર)

લોકોત્તર સાહિત્યના અંકૂરો

લોકોત્તર સાહિત્ય સાથે લોકસાહિત્યની તુલના કરવી, એમાં તો બન્નેને અન્યાય છે. બન્નેના માર્ગો નિરાળા છે. બન્નેને પોતપોતાની દુનિયા છે. બન્નેનાં વલણ માનવ જાતિની સદભિરૂચિને ઉંચે ચડાવવાનાં છતાં, બન્નેનાં લક્ષણો જૂજવાં છે. આંખા ગગનને વ્યાપીને ખેંચાયેલું મેઘધનુષ્ય, તેમજ ઝીણા એક ઝાકળબિન્દુ પર ઝલકતાં પચરંગી તેજકિરણો : બન્ને વચ્ચે આંતરિક ઐક્ય છતાં બાહ્ય આકાર પરત્વે અણુ મેરૂ જેટલો તફાવત છે. અંગ્રેજ વિવેચક ઠીક કહે છે કે,

In truth, any comparisons of the ballads with these would be unfair as any comparison between children and grown folk. They appealed in their day to something young in the national mind. They have all the winning grace of innocence; but they cannot scale the great poetic heights, any more than mere innocence can scale the greatest spiritual heights.

(Sir A. Quiller-couch.)

આમ છતાં પણ વિશ્વ-સાહિત્યનાં વિહારીઓ જ્યારે આ લોકમુખના નમ્ર ઉદ્દગારની અંદર ક્યાંય ક્યાંય ભવ્ય કલ્પનાઓના અથવા શિષ્ટ સાહિત્યની ભાવનાઓના પડછાયા ભાળે છે, ત્યારે એ સામ્યનાં દર્શનમાંથી રસાસ્વાદની નવી શક્તિ જન્મે છે. કોઈ પ્રિયતમ પોતાની પ્રિયતમાના મુખને મળતી રેખા જેમ કોઈ જંગલવાસી રમણીના વદન પર નિહાળી મીઠાં સ્મરણો અનુભવે, અથવા તો કોઈ રંક પિતા જેમ પોતાના બાળકની મુખાકૃતિ એકાદ રાજકુંવરના મ્હોં ઉપર રમતી ભાળી ગુપ્ત આનંદ પામે, તેવી રીતે શિષ્ટ કવિતા અને લોક-કવિતાની રેખા-

ઓમાં દેખાતું દૂર દૂરનું, નાનું શું સામ્ય પણ લોક-સમુદાયની અંદર અજ્ઞાન અને અણુવિકસ્યા મરી ગયેલા કેક શેલી, કાલિદાસોનું દુ:ખદ સ્મરણ કરાવે છે. દૃષ્ટાંત દઈએ:-

धन्यास्तदंगरजसा मलिनीभवन्ति

"ધન્ય છે તે માતાપિતાઓને, જેઓનાં વસ્ત્રાભૂષણો એની (પુત્રની) અંગ-રજ વડે મેલાં થાય છે."

એ કવિકુલગુરૂ કાલિદાસનું નાટ્ય શિરોમણિ નાટક શાકુંતલ : અને એ શાકુંતલનો સર્વોત્તમ શ્લોક : શાપમુક્ત દુષ્યંત મૃગયા રમવા જતાં તપોવનમાં સર્વદમનને ખેલતો જુવે છે : એની કાલી કાલી બોલી અને મધુર બાલ-ચેષ્ટાઓને કવિ ત્રણ જ ચરણોમાં સમેટી જગતનાં સમસ્ત બાલકોનું અનન્ય શબ્દચિત્ર આલેખે છે. અને પછી કહે છે કે

धन्यास्तदंगरजसा मलिनीभवन्ति

કહેવાય છે કે જર્મન કવિવર ગેટે એ શ્લોક વાંચતાં જ, 'શાકુંતલ' શિર પર ચડાવી હર્ષઘેલછામાં નાચ્યો હતો.

બાલકનું એવું જ શબ્દચિત્ર-એથી યે અદકું-વાંઝણી લોક-માતાના પ્રાર્થના-ગીતમાં છે. સૂર્યદેવનાં રાણી રન્નાદેની પાસેથી પુત્રની યાચના :

લીપ્યું ને ગુપ્યું મારૂં આંગણું
પગલીનો પાડનાર દ્યોને રન્નાદે !
વાંઝીયાં-મેણાં માડી દોહ્યલાં.

દળણાં દળીને ઉભી રહી
પાત્યુંનો પાડનાર દ્યોને રન્નાદે !
-વાંઝીયા૦

પાણીડાં ભરીને ઉભી રહી
છેડાનો ઝાલનાર દ્યોને રન્નાદે
-વાંઝીયા૦

રોટલા ઘડીને ઉભી રહી
ચાનકીનો માગનાર દ્યોને રન્નાદે
-વાંઝીયા૦

અને છેલ્લે

> ધોયો ધફોયો મારો સાડલો
> ખોળાનો ખુંદનાર દોને રન્નાદે
> –વાંઝીયા૦

ખોળાનો ખુંદનાર ! धन्यासादंगरजसा मलिनीभवन्ति ! લોક-માતા પોતાના ધોયા–ધફોયા સાડલાવાળો ખોળો ખુંદાવી નાખીને ધન્ય બનવા તલખે છે. ખુંદનાર ! કેવળ 'રમનાર' નહિ : 'પોઢનાર' નહિ : પણ 'ખુંદનાર' !

પગલીનો પાડનાર : પાઅુંનો પાડનાર : છેડાનો ઝાલનાર : ચાનકીનો માગનાર : ખોળાનો ખુંદનાર : એ ચેષ્ટાઓ કોઈ એકાદ બાલકની નથી, પણ શ્રીમંત અને રંક તમામ માતાનાં તમામ બાલકોની છે. એ સાર્વજનિકતા, એ Democraticપણું–લોક સાહિત્યનો પ્રાણ છે. એટલે જ એ કોઇ અમુક શિષ્ઠ વર્ગની સાંકડી મ્હેફિલ નથી, પણ શેરડીને વાઢે રાજાથી માંડી અંત્યજ સુધી સહુને કાતળી કાતળી ખાવાની રસલ્હાણ છે. શાકુંતલનો શ્લોક અને વાંઝણી માતાનું લોકગીત, બન્નેમાં એ સાર્વજનિકતા વહે છે.

પ્રેમિકા પોતાના શણગારો પોતાની શોભાને કાજે નથી ધરતી, પણ એ શણગારને 'જોનાર' પતિના સોભાગ્ય–ચિન્હ રૂપે જ પહેરે છે અને એ 'જોનાર'ને બતાવવામાં જ શણગારોનું સાર્થક સમજે છે; આવા ઉદ્‌ગારો સંસ્કૃત નાટકોમાં સ્થળે સ્થળે વ્યક્ત થયા છે. એ બધાની જોડમાં મૂકી શકાય તેવી પંક્તિઓ લોકગીતોમાં પણ વારંવાર દૃષ્ટિએ પડે છેઃ—

> " હાથ રંગીને દોરી શું રે કરૂં
> " એનો જોનારો પર દેશ
> " મેંદી રંગ લાગ્યો રે

એવા પ્રસંગો લોક નારીની અને લોકોત્તર પ્રેમિકાની વિપ્ર-લંભ–વેદનાના અતિ સમાન પડછંદા પાડે છે. અને બન્ને વચ્ચેની આપણી ભેદ–દૃષ્ટિ ભાંગી નાખે છે.

મસ્ત–યુગના મહાન સાહિત્યકાર શેલીએ **Skylark**–ચંડો-

હને સંબોધન કર્યું. વર્ણનથી અતીત એ પક્ષી–સૌંદર્ય લાગ્યું. અને પછી તો ઉપમાઓની જ ધારા વછૂટી :

Like a glow–worm golden
In the dell of due

* * *

Like a poet hidden
In the light of thought

* * *

Like a high–born maiden
In her palace–tower.

* * *

એમ એ ઉપમા ગીતને મહાપંથે ચાલીને કોઇ અજાણ્યા લોક–કવિએ પણ, અધરાતે ગિરનારને માથે ઝળુંબનાર અવધુત રૂખડ કોળીને ઉપમાઓથી વધાવ્યો :—

જેમ ઝળુંબે મોરલીને માથે નાગ જો,
[એમ] ગરવાને માથે રે રૂખડીઓ ઝળુંબીયો

* * *

જેમ ઝળુંબે બેટાને માથે બાપ જો

* * *

જેમ ઝળુંબે ગોપીને માથે કાન જો

* * *

જેમ ઝળુંબે નરને માથે નાર જો

* * *

અને છેવટે તો કલ્પનાની અવધિ થઇ:

જેમ ઝળુંબે ધરતીને માથે આભ જો
[એમ] ગરવાને માથે રે રૂખડીયો ઝળુંબીઓ.

* * *

હાફીઝે ગાયું કે

'બાદ બર ઝુલ્ફે તું આમદ
"શદ જહાન બરમન સીયાહ"

[તારા કેશ કલાપ પર પવન વાગ્યો, અને અય માશુક, મારી દુનિયા કાળી થઇ ગઇ.]

માશૂકના વાળને સ્પર્શ કરનાર વાયુ જાણે કે પ્રેમીનો પ્રતિસ્પર્ધી બનીને આવ્યો; પ્રેમિકથી એ પવન—સ્પર્શ સહેવાયો નહિ. તેવી જ મિસાલે,

" મારી નણદીનો વીરો દાતણ કરે,
" એની ઝારીએ બેઠેલ માખી હો સાયબા,
" એ રે માખડલી અરજું કરે.

" એ તો અરજું કરે ને હું રીસે બળું
" માખડલી હજરણ શોક્ય હો સાયબા,
" એ રે માખડલી અરજું કરે.

એ લોકગીતમાં કલ્પાયલી સ્નેહ—ઇર્ષ્યાઃ તે ઉપરાંત એવી કૈં કૈં પંકિતઓ આવે છે કે જેને મળતા ભાવો લોકોત્તર સાહિત્યમાં ઘૂમનાર રસવેત્તાને અનેક સ્થળે જડી આવશે. સાસરવાસમાં આવેલા ભાઇને મળી ન શકનાર બ્હેન ભાઇની વિદાય પછી મોડી મોડી જાણવા પામે છે, અને વગડામાં ચાલ્યા જતા વીરાની પાછળ* દોડતી દોડતી પુકારે છે કેઃ—

'જો રે સરજી હોત ચરકલી
'વીરને ભાલે બેઠી જાત જો
'જો રે સરજી હોત વાદળડી
'વીરને છાંયો કરતી જાત જો.'

એવી કલ્પનામાં લોકોત્તરત્વની રેખા અંકાયલી દિસે છે. અથવા તો

રામ તમારે બોલડીયે હું જળમાં માછલી થઇશ જો
તમે થશો જો જળમાં માછલી હું માછીડો થઇશ જો

× × ×

રામ તમારે બોલડીયે હું આકાશ વિજળી થઇશ જો
તમે થશો જો આકાશ વિજળી, હું મેવલીયો થઇશ જો

એ પ્રણયી યુગલની સંતાકુકડી આપણને અનેક શિષ્ટ—સાહિત્યના સ્નેહ—વિનોદોનું સ્પષ્ટ અસ્પષ્ટ સ્મરણ કરાવે છે. ચોક્કસ પંક્તિઓ ન સાંભરે છતાંયે અંતરમાં થાય છે કે ક્યાંઇક—જાણે

ક્યાંઇક આવાં યુગલો આપણને શેક્સ્પીઅર, કાલિદાસ અથવા હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયની રસ-સૃષ્ટિઓમાં વિહરતાં સામાં મળ્યાં હોય ની! सौमित्रे ननु सेव्यतां तरुतलं એ શ્લોકની અંદર જેમ જાનકી-વિખુટા રઘુવીરને ચંદ્રોદય મધ્યાન્હના સૂર્ય સરીખો પ્રજાળતો હોવાનો ભ્રમ થયાનું ચિત્ર આલેખાયું છે, તેમ વિદેશી સ્વામીની વાટ જોતી વિરહી લોક-પ્રિયતમાને પણ

"રસિયા મોરા ચાંદલિયો ઉગ્યો રે
કે રાજ મને સુરજ થૈ લાગ્યો"

એવો ભ્રમ થયો, સૂર્યોદયે તો સ્વામી પધારવાના છે તે સંદેશે દોરાયલી એ રસિકા જાગી અને

"રસિયા મોરા સેરીએ પડાવું સાદ રે
"કે દાતણ કરવાને કાજે રે"

એવા સાદ પાડતી વલવલે છે. આખા ભવના અબોલા રાખનાર પતિની પરિત્યકતા સ્ત્રી પોતાની વેદનાને ઠલવવા માટે નીચેના પ્રસંગમાં સારી પેઠે લાક્ષણિક ભાષા-પ્રયોગ કરતી જોવાય છે. પિતા એને કહેવરાવે છે કે

"દીકરી દુઃખ રે હોય તો વેઠીએ
"દીકરી સુખ વેઠે છે સૌ

ઉત્તરમાં દીકરી કહેવરાવે છે:—

"દાદા ખેતર હોય તો ખેડીએ
"ઓલ્યા ડુંગર ખેડયા કેમ જાય
"દાદા કુવો રે હોય તો ગાગીએ
"ઓલ્યા સમદર ગાગ્યા કેમ જાય
"દાદા કાગળ હોય તો વાંચીએ
"ઓલ્યાં કરમ વાંચ્યાં કેમ જાય!"

આવી પંક્તિઓ ઉપર લોકોત્તર કાવ્યના વ્યાસંગીઓને ચિરપરિચિતતાનાં ચિન્હો અંકાયલાં દેખાશે. તુલના કરવાનું પ્રયોજન નથી. તુલના કરવાનો તો અવકાશ જ નથી. પરંતુ લોકસાહિત્યના પ્રવાહનું રસપાન કરવામાં આવાં સ્મરણો અતિ મોટી સહાય કરે છે એમાં સંદેહ નથી. ભાષા અને

ભાવ-પ્રયોગોનાં જે ડોળાણ આપણી દષ્ટિને લોકગીતોમાં દેખાતાં હોય, તે ડોળાણ આ રીતે આછરી જાય છે. અલબત્ત એ નીર તો ઘરના ગોળાનાં નથી, ટાંકાનાં યે નથી, એ તો વીરડાનાં નીર છે. એ નીર પીવાની મીઠાશ તો જીવનની વનવાસી દશામાં—વટેમાર્ગુ દશામાં જ અનુભવાય છે. એ નીરની નિર્મળતા માપવાનાં ધોરણ ન્યારાં જ છે. એ ગીતોને લોકોત્તર સાહિત્યને ધોરણે શીદ કસીએ ? કોયલના ટોકારને સંગીતશાસ્ત્રના .નિયમોના નિકષ પર ન જ ચડાવાય. એનાં મૂલ તો એની સરલતા, અલ્પાક્ષરતા, નિર્દોષિતા, સુકોમલતા, નિખાલસતા, અને સર્વોપરિ સંગીતમયતાને ધોરણે જ મૂલવાશે. તેમ છતાં આ દષ્ટાંતો વીણવાનો આશય તો એટલું જ દેખાડવાનો છે કે લોકોત્તર અને લોકસાહિત્ય પરસ્પર વિરોધી નથી, પરંતુ તેથી ઉલટું લોકોત્તર સાહિત્યનો સાચો રસજ્ઞ તો પોતાની એ રસદષ્ટિ વડે અન્ય કરતાં સવિશેષ મધુપાન લોક-સાહિત્યમાંથી કરી શકશે.

કટાક્ષ-ગીતો

લોકગીતોના રસાસ્વાદમાં અંતરાય રૂપ થનાર બીજો એક સંયોગ એ છે કે કૌટુમ્બિક જીવન વિષેનાં કેટલાએક વિનોદાત્મક ગીતોને પણ વાચક ગંભીર સ્વરૂપે ગ્રહણ કરી લે છે. આમ થવાથી તે તે ગીતોમાં વિલસતી અભિરૂચિ વાચકને હીનતાભરી દિસે છે. વાસ્તવિક સમજ એવી થવી જોઇએ, કે જેમ લોક સાહિત્યમાં ભેદક સ્વરે કરૂણ રસ ગાનાર કવિઓ હતા, તેમ વિનોદ અને નર્મ-રસ ગાનારા પણ તટસ્થ ટીખળી લોકકવિઓ હતા. તેઓએ દૂર ઉભા રહીને લોક-જીવનનું ઉપહાસ યોગ્ય તત્ત્વ—Ludicrous element નિહાળ્યું. પતિ પત્નીના પ્રણય-કલહ અને શંકા કુશંકાની બેવકૂફી નિરખીને આ કવિઓએ "પાછી પીયરીએ મેલો માદેવજી" જેવાં, 'શંકર અને ભીલડી' જેવાં, "હું ને સાયબો વઢીયાંજી" જેવાં, "મેંદી રંગ લાગ્યો" જેવાં, અથવા તો "રાજલ મારવાડી" જેવાં, પ્રણયી જીવનની બેવકૂફી રજુ કરતાં કટાક્ષ-ગીતો રચ્યાં. સાસુ-વહુના ધડાકા દેખીને આ મર્મપ્રેમી નિરીક્ષકોએ "બાઇજીને છુડાડ્યાં" જેવા

પ્રસંગો આલેખીને ઉપહાસ વાટે સખ્ત પ્રહારો કર્યા, અને નણંદ-ભોજાઇ વચ્ચેના પરંપરાથી ચાલ્યા આવતા વૈમનસ્યને પણ "નણદલ પરોણલાં" અથવા તો "લેરીયાની લૂંટ" જેવાં કટાક્ષ-કાવ્યો વડે વધાવી સામાજીક દૂષણોને ફટકા મારવાનો, સ્વયંભૂ સ્ફુરણાથી પ્રયત્ન કર્યો. આમાંનાં ઘણાં ખરાં ગીતોમાં "હું" એવું પહેલા પુરૂષનું સર્વનામ યોજાયાથી સ્હેજે આપણે એવી માન્યતામાં દોરાઇ જઇએ, કે પોતાની કથા સંભળાવતું એ ગીતનું પાત્ર પોતે જ પોતાની દુષ્ટતાનું પ્રદર્શન કરી, સમાજમાં પોતાની ક્લેશવૃત્તિની જાહેરાત કરે છે. દષ્ટાંત રૂપે,

"ઠાલા તે કુવા ઠેકતાં બન્ને
"ભર્યા કુવામાં પડજે રાજ નણદલ પરોણલાં
"મારા હૈયામાં હામ જ રહી ગઇ
"માર્યા વન્યાની વહી ગઈ રાજ, નણદલ પરોણલાં

* * *

"આનેતી શે મરે રે, અણોલા શે લાંગે ભગવાન

* * *

"ઘરમાં જેઠ ભુંડો જેઠાણીનું ચલણ વાલ્યમજી
"મારાં કર્યાં નો થાય, રંગમાં રોળ્યાં વાલ્યમજી

એવી પંક્તિઓમાં પ્રગટ થતી, ભોજાઇ, શોક્ય અથવા વહુ ઇત્યાદિની મનોવૃત્તિ, એવી હીન પ્રકૃતિના પ્રચારાર્થે, અથવા તો ખરા દુઃખનાં ઉચ્ચારણ તરીકે વ્યક્ત થયેલી નથી માનવાની. એ તો આવાં કુરૂચિવાળાં કુટુંબી-જનોના ગુપ્ત મનોભાવો છે. અને લોકકવિઓએ એ મનોભાવોના પ્રકટપણે કરેલા ભવાડા છે. એ કલ્પાંતો નથી, પણ ચાબુકોના પ્રહારો છે. એ તમામ નર્મગીતોની નોખી તારવણી કરીને જ તેનો કટાક્ષાત્મક કાવ્ય વિનોદ ખેંચવો જોઇએ. અલબત, લોકગીતોના રચનારાઓ અનેક હોઇને. તેમજ ભિન્ન ભિન્ન ચડતી ઉતરતી રસવૃત્તિવાળા હોઇને આ ગીતોમાં વ્હેતો નર્મ રસ પણ જાડો પાતળો હોવો જ જોઇએ. નફ્ટ વહુ પોતાના કલહપ્રિય સસરા સાથે ધડાકા લઇને

" ઠેકા ઠેકા શું કરો છો શવજી માદળીયા
" મેલું એક ઢીંકા શવજી માદળીયા

આવાં વચન કહે, એ વસ્તુસ્થિતિ તરીકે ઘણાં કુટુંબોમાં સત્ય હોવા છતાં, તેમાં તેના રચનાર કવિનો coarse humour —સ્થૂલ હાસ્યરસ—દેખાઈ આવે છે, ને આપણને સૂગાવે છે. બીજી બાજુ " મેંદી રંગ લાગ્યો " નો કટાક્ષ અત્યંત કોમલ, અને તે છતાં અતિ વેધક દિસે છે. એ રસની જાતો તો નિઃશંક જૂજવી જ છે. પરંતુ એ 'વિનોદ' છે, એટલું તો આપણે ન વિસરીએ. 'હિન્દવાણી મુસલમાન બન જાઉંગી' નું આખું ગીત વટાળના Propaganda–પ્રચારકાર્ય તરીકે માનનારા ભૂલે છે. એ તો વટાળની બેવકુફી ઉપર પ્રહાર છે. તેમ

" સાસરીએ જઉં તો મારો સસરોજી ભુંડા
લાજડીયું કઢાવે રે, ના, મા,
ને જઉં સાસરીએ રે.
" પીયરીએ જઉં તો મારો દાદોજી સારા
" દીકરી કહી બોલાવે રે, ના મા,
ને જઉં સાસરીએ રે "

આ કાવ્ય પણ 'સાસરીઆ' વિરૂદ્ધની સામાજીક ચળવળ રૂપે ન સમજાવું ઘટે. " કાંતો રે મેરી છેલણ બીબીઆં " એ વિનોદ-કાવ્યમાં

" જમૈયા મંગાઉં તેરી તાક બનાઉં "
* * *
" દાઢી બોડાઉં તેરી પુણીયાં બનાઉં "

એવી સ્પષ્ટ રમૂજ હોવા છતાં પણ 'ખાદી પ્રચાર' ખાતે એ ગીતને વાપરી કેમ શકીએ ? એ તો કામ ન કરવાનાં બ્હાનાં શોધનાર સ્ત્રીનું અને સ્ત્રીનાં ઢીંઢાં ભાંગવાના શોખીન કોઈ મીયાંભાઈનું ટોળચિત્ર જ છે. અને એનો રચનાર પણ તટસ્થ લોકકવિ જ છે. ખાદીપ્રેમી મીયાં તો નથી જ.

આટલો રંગ પકડી લઈએ તો આપણે લોકગીતોના જૂજવા વિભાગોને યથાર્થ સ્વરૂપે સમજી શકીએ.

તા. ૧૫ : ૬ : ૧૯૨૭. સંગ્રાહક

રઢીયાળી રાત

:: ભાગ ત્રીજો ::

१

ઘડી ન વિસરે રામ

[ઓજસવંતા ઢાળમાં ગવાતા આ ગીતના ટેકમાં સીતાજીનો ભવ્ય ઉદ્ગાર ભર્યો છે : હે રાવણ ! તું તો મારી દૃષ્ટિમાં મારા વીર લક્ષ્મણ સમો છે.]

ફ

રામે તે સરોવર ખોદીયાં ને લખમણ બાંધે પાળ,
સીતાજી પાણીડાં સાંચર્યાં રે મારી મરઘાનેણી નાર
તું રે મારે મન લખમણ જતિ, મને ઘડી ન વિસરે રામ.

સોનાની શીંગડીએ રૂપલાની ખરીએ મરઘો ચરી ચરી જાય,
કંથ ન મળે કોડીલડો તે મરઘો મારવાને જાય
તું રે મારે મન લખમણ જતિ૰

જોગીને વેશે રાવણ આવ્યો દસ માથાળો દૈત
ભિક્ષા ઘોને સતી સીતવા રે અમે ભૂખ્યા છઇએ અતીત
તું રે મારે મન લખમણ જતિ૰

થાળ ભરીને સીતા વનફળ લાવ્યાં લ્યો ને બાવાજી થાળ,
છૂટી ભિક્ષા અમે ને રે લઇએ મારા ગરૂજીને બેસે ગાળ
તું રે મારે મન લખમણ જતિ૰

પે'લો તે પગ પાવડીએ દીધો બીજો મઢીની બા'ર
બાંવડી લોડાવીને ખંભે ચડાવી એ તો લૈ ગ્યો લંકા મોઝાર
તું રે મારે મન લખમણ જતિ૰

સવા તે લાખનો ચુડો મઢાવું ને આપું એકાવળ હાર
અંગૂઠડીમાં તને રતન મઢાવું તું ઘડી એક રામ વિસાર
તું રે મારે મન લખમણ જતિ૰

ચૂડલો તે તારો પથર પછાડું ને બાળું એકાવળ હાર
અંગૂઠડીમાં તારી આગ મેલાવું મારે ભવોભવ રામ ભરથાર
તું રે મારે મન લખમણ જતિ૰

૨

વનરા તે વનમાં

વનરા તે વનમાં મઢી બનાવી
ત્યાં છે સીતાજીના વાસ મારા વા'લા

મઢી પછવાડે કેવડીયો મ્હેકે
મરવો ચરી ચરી જાય મારા વા'લા

તુંને મરઘલા કાલ મરાવું
કાંચળીયું સીવડાવું મારા વા'લા

રાવણ તે આવ્યો જોગીને વેશે
લૈ ગયો સીતા નાર મારા વા'લા

કો' તો સીતાજી ચૂડલો મઢાવું
મેલી દો રામનાં નામ મારા વા'લા.

ચૂડલો તે તારો પથરે પછાડું
ભવોભવ રામ ભરથાર મારા વા'લા

૩

બાળુડે વેશ

બાઈ કો' ને કીધો વેશ
વનમાં ચાલ્યાં રે સીતા બાળુડે વેશ

રામ લખમણ વન ચાલિયા ને સાથે સીતા નાર
ત્રણે જણાં પંથે પડયાં એને પૂછે પૂરની નાર—બાઈ૦

પૂછ્યા સરખી વાત રે બાઇ પૂછું છું હો નાર
રીસ ન આણો અમે ગામડીયા ઘરનાર—બાઇ કો'ને૦

આવા રૂપાળા બે બટાવડા ને સરખા સરખી જોડ
આમાં તમારા સ્વામી કયા, અમારે થૈ છે હોડ—બાઇ કો'ને૦

ઓતર ખંડમાં અયોધ્યા ને એ અમારૂં ગામ
સસરો મારો ભૂપત ભારે દશરથ એનું નામ—બાઇ કો'ને૦

રાજા પાસે વચન માગ્યાં, માગ્યાં પોતાને કાજ
પોતાનાંને રાજ આપ્યાં અમને તો વનવાસ—બાઇ કો'ને૦

ગોરા છે મુજ દેરીડા મુજ સ્વામી ભીને વાન
નયણાં કેરી સાન કરીને ઓળખાવ્યા ભગવાન—બાઇ કો'ને૦

૪

શ્રવણ

માછલી વીયાણી કાંઈ દરિયાને બેટ
સરવણ રીયો એની માને પેટ સમરો રામને.

કાળી પછેડી ને ભમરીયાળી ભાત
સરવણ જલમ્યા માઝમ રાત સમરો રામને.

અડી કડી ને નવઘણ કૂવો
ત્યાં સરવણનો જલમ હુવો સમરો રામને,

લાંબી પીંપળ ટૂંકાં પાન
સરવણ ધાવે એની માને થાન સમરો રામને.

ચાર પાંચ વરસનો સરવણ થીયો
લઈ પાટી ને ભણવા ગીયો સમરો રામને.

ભણી ગણી બાજંદો થીયો
સુઘરી નારને પરણી લાવ્યો   સમરો રામને.

સુઘરી નાર મારૂં વચન સુણો
આંધળાં માબાપની સેવા કરો   સમરો રામને.

આંધળાં માબાપને કૂવામાં નાખ
મને મારે મૈયરીયે વોળાવ   સમરો રામને.

બોલ્યે સરવણ ને વાંસે નાર
સરવણ ચાલ્યો સસરાને દુવાર   સમરો રામને.

સસરાજી મારાં વચન સુણો
ને તમારી ધીડીને ઘરમાં પૂરો   સમરો રામને.

શે' શે' જમાઈ જમતા જાવ
મારી દીકરીના અવગુણ ગાતા જાવ   સમરો રામને.

ધ રે અભાણીનાં મ્હોં કોણ જુવે
મારાં આંધળાં માબાપને નાખે કુવે   સમરો રામને.

ત્યાંથી રે સરવણ ચાલતા થાય
સુતારીનાં ઘર પૂછતા જાય   સમરો રામને.

ભાઈ રે સુતાર મારાં વચન સુણો
આંધળાં માબાપની કાવડ ઘડો   સમરો રામને.

કાવડ ઘડજો ઘાટ સઘાટ
સોયલાં બેસે મારાં મા ને બાપ   સમરો રામને.

ત્યાંથી તે સરવણ ચાલતા થાય
દરજીનાં ઘર પૂછતા જાય   સમરો રામને.

ભાઈ રે દરજી મારાં વચન સુણો
આંધળાં માબાપનાં ઝુગડાં સીવો   સમરો રામને.

ઝુગડાં સીવજો ઘાટ સઘાટ
સોયલાં પેરે મારાં મા ને બાપ   સમરો રામને.

ત્યાંથી તે સરવણ ચાલતા થાય
મોચીડાનાં ઘર પૂછતા જાય સમરો રામને.

ભાઈ રે મોચીડા મારાં વચન સુણો
આંધળાં માબાપની મોજડી સીવો સમરો રામને.

મોજડી સીવજે ઘાટ સઘાટ
સોયલી પેરે મારાં મા ને બાપ સમરો રામને.

ખંભે કાવડ હાથમાં તીર
સરવણ ચાલ્યો જમનાનાં નીર સમરો રામને.

ભરીયા લોટા ખખડયાં નીર
સરવણ વીંધ્યો પેલે તીર સમરો રામને.

આ લ્યો બેન બાઈ પાણી પીવો
ને તમારો સરવણ ગામજ ગીયો સમરો રામને.

મારો સરવણ નથી ગામ ગીયો
ને મારે ને સરવણને વસવસો રીયો સમરો રામને.

૫

ગેડી દડે

સોનલા ગેડી ને રૂપલા દડુલીયો રે
કાન કુંવર ગેડી દડે રમવા જાય !

કુંભરે ચડીને દડુલો દોટાવીયો રે
જઈ પડયો જળ—જમના ભરપૂર

જમનાજીને કાંઠે કદંબ કેરાં ઝાડવાં રે
ઝાડવે ઝાડવે કાળા નાગ !

ઝાડવે ચડીને નાગ ઝંઝેડીયા રે
આ તે ક્યાંથી નાનાં બાળ !
કાં તો તારી માતાએ તને મારીયો રે
કાં તો તારે દાદે દીધી ગાળ !
કાં તો તારે ભાઈબંધે તને ભોળવ્યો રે
કાં તો તારે વેરીએ બતાવી વાટ !
કાં તો તું બાલમાંથી ભૂલો પડયો રે
કાં તો તારો લપટયો ડાબો પગ
કાં તો તારાં છોરૂડે છંછેડીયો રે
કાં તો તારા ઘરમાં નાર કજાત
નથી મારી માતાએ મને મારીઓ રે
નથી મારા દાદે દીધી ગાળ
નથી મારે ભાઇબંધે મને ભોળવ્યો રે
નથી મારે વેરીએ બતાવી વાટ
નથી હું તો બાલમાંથી ભૂલો પડયો રે
નથી મારો લપટયો ડાબો પગ
નથી મારાં છોરૂડે છંછેડીયો રે
નથી મારા ઘરમાં નાર કજાત
હું તો તારાં કમળ ફુલ લેવા આવીયો રે
હેર મારી માએ તેડયા આજ
ગેડીએ મારીને નાગ જગાડીયો રે.

* * *

નાગ વિના કેમ રહે એની નાગણી રે
નર વિના કેમ રહે ઘરનાર
કાળનાગ નાથીને કૃષ્ણ પધારીઆ રે
જશોદાએ મોતીએ પૂર્યા થાળ.

૬

ગવતરી

[મૃત્યુલોકમાં મ્હાલવા આવેલ ગાય માતા વાઘના હાથમાં પડતાં, ભૂખ્યાં બચ્ચાંને ધવરાવવાની મુદત માગીને ઘેરે આવ્યાં. પણ માતાએ વાઘને પોતાનું આખું શરીર સમર્પી દીધા પછી તેનું દૂધ પણ બચ્ચાંએ "કળપેલું દૂધ કડવો લીંબડો" માની—એટલે કે વાઘની માલીકીનું માની, પીધું નહિ. અને માતાની સાથે વાઘ પાસે જઈને વચન પાળ્યું.]

§

સરગ ભવનથી રે ઉતર્યાં ગવતરી
આવ્યા મરતુક લોકમાં મા'લવા રે

ચરવાં ડુંગરડે ને પાણી પીવાં ગંગા
વાઘ વીરાની નજરે પડયાં રે

ઉભાં રો' ગવતરી પૂછું એક વાત
મોઢે આવ્યું ખાજ નહિ મેલું રે

સાંભળ વાઘ વીરા કહું તને વાત
ઘેર રે મેલ્યાં નાનાં વાછરૂ રે

ચંદર ઉગ્યાની વીરા અવધ્યું આપો
વાછરૂ ધવરાવી વે'લાં આવશું રે

નો રે આવું તો બાવા નંદજીની આણ્યું
ચાંદો સુરજ આપું સાખીયા રે

પેલો હીંહોટો ગાયે શીમડીએ નાખ્યો
બીજે હીંહોટે આવ્યાં વાડીએ રે

ત્રીજો હીંહોટો ગામને ગોંદરે નાખ્યો
ચોથે હીંહોટે વાછરૂ ભેટીયાં રે

ઉઠો ઉઠો વાછરૂ તમે ધાવો માનાં દૂધ
અવધ્યું આવી વીરા વાઘની રે

ઘેલી માતા કામધેનું ઘેલડીયાં મ બોલો
કળપેલું દૂધ કડવો લીંબડો રે
મોર્ય ચાલ્યાં વાછરૂ ને વાંસે માતા કામધેનુ
કલ્યાણી વનમાં ઉભાં રીયાં રે
ઉઠો ઉઠો વાઘ મામા પેલા અમને મારો
પછી મારો મારી માતને રે
નાનાં એવાં વાછરૂ તમને કોણે શીખવીયાં
કોણે શીખવીયાં ને કોણે ભોળવીયાં
કીએ વેરીડે વાચા આલીયું રે !
રામે શીખવીયાં લખમણે ભોળવીયાં
અરજણે વાચા આલીયું રે
નાનાં એવાં વાછરૂ તમે કરો લીલા લેર
વસમી વેળાએ સંભારજો રે

૭

અંજના સતી

[આ ઘટના અંજના અને હનુમાનને બીલકુલ બંધબેસતી નથી. કોઈ સાંસારિક બનાવને જ અંજના–હનુમાનના નામ સાથે જોડી દીધેલ જણાય છે. પતિ પરણીને પરદેશ ગયો, માર્ગેથી ગુપ્ત વેશે કોઇ ન જાણે તેમ પાછો ઘેર આવી રાત રહી ગયો. પત્નીને ઓધાન રહ્યું. સાસુએ એના ઉપર આળ ઓઢાડ્યું, એનો સ્વામી આવ્યાની વાત સ્વીકારી નહિ, અને સતીને દેશવટે કાઢી. ત્યાં એને પુત્ર પ્રસવ્યો. સ્ત્રીની શોધમાં આવેલા પિતાને પુત્ર પોતાની માતાની આવી વલે કરવા બદલ ફિટકાર આપે છે.]

§

સાત સોપારી રાજા પાનનાં બીડાં
આવ્યા પરદેશી કાગળ રે
પવનકુંવર રાજા પરણી પધાર્યા

ઓરે સારથીયા ટોળ રે વળીયા,
આવ્યા પરદેશી કાગળ રે
પવનકુંવર રાજા પરદેશ ચડીયા

વહુના સસરાજી સુણો મારી વાતું
ઓધાન રીયાં અંજના વહુને રે
અંજના તે વહુને વન વોળાવો

થાંભલો ઝાલીને અંજના વહુ રૂવે
એંધાણુ માદળડીના આપું રે
શીદ મોરી બાઇજી વન વોળાવો

આપણા તે શે'રમાં હીરા ઘણેરા,
એંધાણુ વહુવારૂનાં ખોટાં રે
અંજના તે વહુને વન વળાવો

મોર્ય સાસુ ને વાંસે વવારૂ
વાંસે ચાલ્યાં વહુનાં દાસી રે
અંજના તે વહુને વન વોળાવ્યાં

એક વન મેલ્યું ને બીજું વન મેલ્યું
અઘોર વનમાં ઉતરીયાં રે
અંજના તે વહુને વન વોળાવ્યાં

બાર બાર વરસે પવન ઘેર આવ્યા
સૂના ઓરડીયા દીઠા રે
કહે મોરી માતા ! અંજના દેખાડો.

અંજના રે વહુ પવન પાણીડાં ગ્યાં છે,
ઘોડલેથી હેઠા ઉતરો રે
અંજના રે વહુને વન વોળાવ્યાં.

ફૂટ રે હત્યારી માતા, ફૂટ રે ગોઝારી.
ચડયે ઘોડે પાછા વળીયા રે
અંજના તે વહુની ગોતે રે ચાલ્યા.

એક વન મેલ્યું ને બીજું વન મેલ્યું,
અઘોર વનમાં ઉતરીયાં રે
અંજના તે વહુની ગોતે રે ચાલ્યા.

આગલવડ હેઠળ બાલુડો રમતો,
પરદેશી ઘોડલા દીઠા રે
અંજના તે વહુને વન વોળાવ્યાં.

હું રે જલમ્યો ત્યારે માનવી નો'તાં,
અમારાં માતાજી દુઃખ પામ્યાં રે
જાવ રે પત્યાજી પાછલા વળજો.

હું રે જલમ્યો ત્યારે ગળથુથી નો'તી
પાણીડાં પીને ઉઝરીયો રે
જાવ રે પિતાજી પાછલા વળજો.

હું રે જલમ્યો ત્યારે બાળોતીયાં નો'તાં,
આગવડને પાંદડે ઉઝરીયાં રે
જાવ રે પિતાજી પાછલા વળજો

હું રે જલમ્યો ત્યારે પારણીયાં નો'તાં,
ઉડળમાં લઈને ઉઝરીયો ને
જાવ રે પિતાજી પાછલા વળજો.

૮

સતી કલાવંતી

[ઉપરના ગીત જેવી જ એક કથા જૈનોના ઇતિહાસમાં આવે છે, અને તેનું 'સજ્ઝાય' નામે ઓળખાતું જૈન લોકગીત નીચે મુજબ ગવાય છે. પૂર્વ જન્મે પોપટ અવતારી પતિની પાંખો આ નારીએ છેદી નાખી હતી, તેના બદલા તરીકે આ જન્મે એના હાથ કપાય છે. પોતાના સીમંત પ્રસંગે પોતાના સગા ભાઇએ બેરખો (કંકણ) આપેલ, પરંતુ એના અસ્પષ્ટ ઉત્તરથી રાજાને રાણી પર સંદેહ આવ્યો, એટલે કોણી સુધી એના બન્ને હાથ કાપીને એ સગર્ભાને વનમાં મોકલી હતી.]

૬

નગરી તે કોસંબી નગરીનો રાજા,
નામે જેસીંગપૂર રાય રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

પે'લે અવસરીયે વીરે બેરખો ઘડાવીયો,
નાખ્યો છે કાંઈ અવસરીયાને હાથ રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

બેરખો પે'રીને રાણી મો'લ પધાર્યાં,
નથી કરી કાંઇ બેરખડાની વાત રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

કેણે ઘડાવ્યો રાણી કેણે ચડાવ્યો,
કેણે નાખ્યો તમારે હાથ રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

રોષ ભર્યા રે રાજા નીચે ઉતરીયા.
તેડાવ્યા કાંઇ સબંધી બે ચાર રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

જ્યાં નહિ અન્ન ને જ્યાં નહિ પાણી,
ત્યાં ને બાઇનાં સાજનિયાં હોય રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

કળાયેથો રે બાઈના હાથ જ કાપ્યા,
બાઈને તો દીધો વનવાસ રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

નવ નવ માસે બાઇને કુંવર જલમ્યો,
અન્ન પાણીનો નવ પાર રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

તેડાવો જાણું ને તેડાવો જોશી
જોજો મારા કરમ કેરા દોષ રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

પે'લા તે ભવમાં હતી રાજાની કુંવરી,
એને હતો પશુનો અવતાર રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

તેની રે બાઈ તમે પાંખો રે ભાંગી,
તેનાં રે પરાછત તમને લાગ્યાં રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

બેરખો ઉતારીને રાજાએ વાંચિયો,
સતીને મેં દીધાં ઝાઝાં દુઃખ રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

ત્યાંથી રાજાએ ઘોડીલા ખેલવ્યા,
જઈને ઝોકાર્યા વન મોઝાર રે કલાવંતી !
સતી રે શિરોમણિ નાર.

૯

તુલસીના વિવાહ

[જલંધરની પરમ સતી સ્ત્રીને પ્રભુએ છલથી જલંધર સ્વરૂપ ધરી ભ્રષ્ટ કરેલી, અને બીજે જન્મે એ તુલસીનો અવતાર પામી પ્રભુને પરણી, એવી શોચનીય પુરાણ-કથાનો કશો આશરો લીધા વિના, લોક કવિએ તુલસી-વિવાહના ગીતમાં હરકોઇ ગ્રામ્ય કન્યાને લગ્નના મનોરથ પ્રકટ કરવી, અને પિતા પાસેથી જ મોટામોટ મનવાંછિત પતિ માગતી પ્રગલ્ભા ચિતરી છે.]

§

સોના સીંગલડી ને ગંગાની ગરણી
તેમાં તુલસી વન રોપાવો હો રામ,
પાણી રે આાં'તાં રામની વાડી

સરખી સાહેલી પાણી રે આાં'તાં
સૈયર મેણું બોલ્યાં હો રામ
પાણી રે આાં'તાં રામની વાડી

અમે રે પરણ્યાં ને તુળસી કુંવારાં,
એવાં સૈયર મેણું બોલી હો રામ,
પાણી રે આાં'તાં રામની વાડી

ઘેર આવી તુળસી ઢોલીઆ ઢાળે
ઢોલીએ ચડી તુળસી પોઢ્યાં હો રામ,
પાણી રે આાં'તાં રામની વાડી

કે રશ પીડી માથડાં દુઃખે
કે રશ આવ્યા તાવ હો રામ,
પાણી રે આાં'તાં રામની વાડી

નથી રે દાદા માથડાં દુઃખ્યાં
નથી રે આવ્યા તાવ હો રામ,
પાણી રે ગ્યાં'તાં રામની વાડી

સરખી સાહેલી જળ ભરવા ગ્યાં'તાં
મેયર મેણાં બોલી હો રામ
પાણી રે ગ્યાં'તાં રામની વાડી

કો' તો તમને તુળસી સૂરજ પરણાવું
ચંદર વરનાં માગાં હો રામ,
પાણી રે ગ્યાં'તાં રામની વાડી

સૂરજનાં દાદા ! તેજ ઘણેરાં
ચંદર રાતે ખંડન હો રામ,
પાણી રે ગ્યાં'તાં રામની વાડી

કયો'તો તમને તુળસી શંકર પરણાવું
હનુમાન વરનાં માગાં હો રામ,
પાણી રે ગ્યાં'તાં રામની વાડી

શંકરની દાદા ! જટા મોટેરી
હનુમાન તેલે ટપકતા હો રામ,
પાણી રે ગ્યાં'તાં રામની વાડી

કો' તો તમને તુળસી ગણેશ પરણાવું
ઠાકોર વરનાં માગાં હો રામ,
પાણી રે ગ્યાં'તાં રામની વાડી

ગુણપતની દાદા ફાંદ મોટેરી
ઠાકોર વર પરણાવો હો રામ,
પાણી રે ગ્યાં'તાં, રામની વાડી

પેર્યાં પીતાંબર પેર્યાં છે વાઘા
માથડીયે મેલ્યા મુગટ હો રામ,
પાણી રે ગ્યાં'તાં રામની વાડી.

૧૦

જળદેવતાને બલિદાન

[જૂદાં જૂદાં અનેક ગામોનાં જળાશયો વિષે બોલાતી આ કથા છે. નવાણમાં પાણી નથી આવતું. જળદેવતા ભોગ માગે છે. ગામનો ઠાકોર પોતાનાં દીકરાવહુનું બલિદાન ચડાવે છે. વાત્સલ્યની વેદના, દાંપત્યની આલાપ, અને સમાજ–સુખ કાજે સ્વાર્પણ : એ ત્રણે ભાવથી વિભૂષિત બનીને જળસમાધિ લેનારાં આ વર વધુએ લોક–જીવનમાં અમર એક અશ્રુગંગા વહાવી દીધી છે. છેલ્લી પંક્તિઓ પાછળથી ઉમેરાઈ લાગે છે.]

§

બાર બાર વરસે નવાણુ ગળાવ્યાં,
નવાણે નીર નો આવ્યાં જી રે.
તેડાવો જાણતલ તેડાવો જોશી,
જોશીડા જોશ જોવરાવો જી રે.
જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,
દીકરો ને વહુ પધરાવો જી રે.
ઘોડા ખેલવતા વીર રે વસરામ વીર,
દાદાજી બોલાવે જી રે.
શું કો'છો મારા સમરથ દાદા,
શા કાજે બોલાવ્યા જી રે.
જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,
દીકરો ને વહુ પધરાવો જી રે.
એમાં તે શું મારા સમરથ દાદા,
પારકી જણીને પૂછી આવો જી રે.
બેટડો ધવરાવતાં વહુ રે વાલેલી,
સાસુજી બોલાવે જી રે.

શું કો'છો મારાં સમરથ સાસુ,
શા કાજે બોલાવ્યાં જી રે.
જાણુતલ જોશીડા એમ કરી બોલ્યો,
દીકરો ને વહુ પધરાવો જી રે.
એમાં તે શું મારાં સમરથ સાસુ,
જે કે'શો તે કરશું જી રે.
ઉઠોને રે મારા નાના દેરીડા,
મૈયર હું મળી આવું જી રે.
આઘેરાંક જાતાં જોશીડા મળીયો,
કયાં વાઘેલી ચાલ્યાં જી રે.
ખરે બપોરે મરવાનાં કીધાં
મૈયર હું મળી આવું જી રે.
મરવાનાં હોય તો ભલે રે મરજો
એનાં વખાણુ નો હોયે જી રે.
ભાઇ રે જોશીડા વીર રે જોશીડા
સંદેશો લઇ જાજે જી રે.
મારી માતાજીને એટલું કે'જે
મોડીઓ ને ચુંદડી લાવે જી રે.
ઉઠોને રે મારાં ઝકલ જેઠાણી,
ઉનાં પાણી મેલો જી રે.
ઉઠોને રે મારાં નાનીબા નણુદી,
માથાં અમારાં ગુંથો જી રે.
ઉઠોને રે મારાં સમરથ સસરા,
વાજાં ને વગડાવો જી રે.
પુતર જઇને પારણે પોઢાડયો,
નયણે આંસુડાંની ધાર જી રે.

કોણ રમાડશે, કોણ જમાડશે,
કેમ કરી મોટાં થાશો જી રે.
દેર રમાડશે, નણદી જમાડશે.
એમ કરી મોટાં થાશે જી રે.
પેલે પગથીએ જઇ પગ મૂકયો,
પાતાળે પાણી ઝબકયાં જી રે.
બીજે પગથીએ જઇ પગ મૂકયો,
કાંડાં તે બૂડ પાણી આવ્યાં જી રે.
ત્રીજે પગથીએ જઇ પગ મૂકયો,
કડ્ય કડ્ય સમાં નીર આવ્યાં જી રે.
ચોથે પગથીએ જઇ પગ મૂકયો,
છાતી સમાં નીર આવ્યાં જી રે.
પાંચમે પગથીએ જઇ પગ મૂકયો,
પરવશ પડિયા પ્રાણ જી રે.
એક હોંકારો દ્યો રે વસરામભાઈ
ગોઝારાં પાણી કોણ પીશે જી રે.
પીશે તે ચારણ પીશે તે ભાટ,
પીશે વશરામ ભા'નો દાદો જી રે.
એક હોંકારો દ્યો રે વાઘેલી વહુ
ગોઝારાં પાણી કોણ પીશે જી રે.
પીશે તે વાણીઆં પીશે તે બ્રાહ્મણ,
પીશે વાળુભાનાં લોક જી રે.
વા'લાં હતાં તેને ખોળે બેસાર્યાં,
દવલાંને પાતાળ પૂર્યાં જી રે.

૧૧

તેજમલ

[શત્રુઓની ફોજ પોતાના રાજ્ય પર ચડી આવે છે, પણ પુત્રહીન વૃદ્ધ ઠાકોર સાત સાત દીકરીએ પણ આજ પોતાને વાંઝીઓ સમજી નિરૂપાય બની રડે છે. ગામની રક્ષા કરનાર કોઈ નથી. ત્યાં તો બાપુની મુંઝવણ દેખીને તેજમલ નામની દીકરી પુરૂષ વેશે શસ્ત્રો સજી રણે ચડે છે. જે ફોજમાં પોતે મદદ આપવા જાય છે, તેમાં પોતાની ચતુરાઈ વડે પોતાના સ્ત્રીત્વનાં તમામ લક્ષણો પોતાના સાથીઓથી છુપાવે છે. અને વિજય કરી એ વીરાંગના ઘેરે આવે છે. વાંચીને આપણને 'હોથલ' સાંભરે છે. સ્ત્રી પુરૂષના જૂદા પડતા સ્વભાવનું આમાં લાક્ષણિક રમ્ય ચિત્ર છે.]

§

ઉગમણી ધરતીના દાદા કોરા કાગળ આવ્યા રે
એ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યા રે
કાકો વાંચે ને દાદો રહુ રહુ રૂવે રે
ઉપરવાડેથી તેજમલ ડોકાણું રે
શીદને રૂવો છો દાદા શું છે તે કોને રે
દળ કટક આવ્યું દીકરી વારે કોણ ચડશે રે
સાત સાત દીકરીએ દાદો વાંઝીઓ કે'વાણો રે
હૈયે હિંમત રાખો દાદા અમે વારે ચડશું રે
માથાનો અંબોડો તેજમલ અસ્તો કેમ રે'શે રે
માથાનો અંબોડો દાદા મોળીડામાં રે'શે રે
કાનના અકોટા તેજમલ અસ્તા કેમ રે'શે રે
કાનના અકોટા દાદા બોકાનામાં રે'શે રે
હાથનાં ત્રાજવાં તેજમલ અસ્તાં કેમ રે'શે રે
હાથનાં ત્રાજવાં દાદા બાંયલડીમાં રે'શે રે

પગનાં ત્રાજવાં તેજમલ અસ્તાં કેમ રે'શે રે
પગનાં ત્રાજવાં દાદા મોજડીયુંમાં રે'શે રે
દાંત રંગાવેલ તેજમલ અસ્તા કેમ રે'શે રે
નાનાં હતાં ત્યારે મોસાળ આ'તાં રે
ખાંતીલી મામીએ દાંત રંગાવ્યા રે.
નાક વીંધાવેલ તેજમલ અસ્તા કેમ રે'શે રે
અમારી માતાને અમે ખોટનાં હતાં રે
નાનાં હતાં તે દિ' નાક વીંધાવ્યાં રે
ચાલો મારા સાથી આપણુ સોનીહાટે જઇએ રે
સોની હાટે જઇને અસ્રી પારખીએ રે.
અસ્રી હશે તો ઝુમણુંએ મન મો'શે રે
પુરૂષ હશે તો ભેરખડે મન મો'શે રે.
સઘળા સાથીડાએ ઝુમણાં મૂલવીયાં રે
તેજમલ ઠાકોરીઆએ ભેરખા મૂલવીયા રે
ચાલો મારા સાથી આપણુ વાણી હાટે જઇએ રે
પુરૂષ હશે તો પાઘડીએ મન મો'શે રે
અસ્રી હશે તો ચુંદડીએ મન મો'શે રે
સંધા સાથીડાએ ચુંદડીયું મૂલવીયું રે
તેજમલ ઠાકોરીએ મોળીડાં મૂલવીયાં રે
ચાલો મારા સાથી આપણુ સંઘેડા હાટે જઇએ રે
સંઘેડા હાટે જઇને અસ્રી પારખીએ રે
પુરૂષ હશે તો ઢાલીએ મન મો'શે રે
અસ્રી હશે તો ચૂડલે મન મો'શે રે
સંધા સાથીડાએ ચૂડલા મૂલવીયા રે
તેજમલ ઠાકોરીયાનાં ઢાલીએ મન મોયાં રે
ચાલો મારા સાથી આપણુ દરિયે નાવા જાયેં રે
દરીયા કાંઠે જઇને અસ્રી પારખીએ રે
પુરૂષ હશે તો દરિયો ડોળી ના'શે રે

અસ્ત્રી હશે તો કાંઠે બેસી ના'શે રે
સંધા સાથીડા કાંઠે બેસી ના'યા રે
તેજમલ ઠાકોરીયો દરિયો ડોળી ના'યો રે
ચાલો મારા સાથી આપણ લશ્કરમાં જાયેં રે
અસ્ત્રી હશે તો પાછે પગલે ખસશે રે
પુરૂષ હશે તો સામે પગલે ધાશે રે
તેજમલ ઠાકોરીઓ સામે પગલે ધાયો રે
કળકટક વાળી તેજમલ ઘેરે પધાર્યાં રે
દાદે ને કાકે એને મોતીડે વધાવ્યાં રે.

૧૨

વણઝારાં

[કુટુંબે ત્યજી દીધેલા ગરીબ વણઝારા યુવકને એની જુવાન સ્ત્રી પરદેશ ખેડવા વિનવે છે. પોતાના દાગીના વેચીને પોઠીયા વગેરે લઇ આપે છે. ભેદાતે હૃદયે વિદાય દે છે. વાટ જોઈ જોઇને પતિવ્રત પાળતી એ વણઝારણે આખરે ચાતુર્માસ બેસતાં પોતાના સસરાને, જેઠને વગેરેને એક પછી એક રળીને ઘેર આવતા દીઠા, પણ પોતાનો 'નાયક ક્યાં રહ્યો' એની ખબર પડી નહિ. હર્ષભેર એ સહુ સગાંને પૂછવા દોડી. આખરે સાચી વાતની ખબર પડી કે નાયકને તો સર્પદંશ થયો. એટલે પોતે જંગલમાં જઇ સ્વામીના શબ સાથે સળગી મરી.]

§

નાયક રે સહુ ચાલ્યાં પરદેશ
આપણે ઘેરે બેસી શું કરશું વણઝારા હો જી.
ગોરી રે સહુની ગાંઠે છે ગરથ
આપણી ગાંઠે નથી દોકડો વણઝારા હો જી.

નાયક રે આલું હૈયા કેરો હાર
હાર વેચી ભરો પોઠીડા વણઝારા હો જી.

હાલી રે મારા સસરાની પોઠ
સસરો હાલ્યા ને નાયક હાલશે વણઝારા હો જી.

હાલી રે મારા જેઠની પોઠ
જેઠ હાલ્યા ને નાયક હાલશે વણઝારા હો જી.

હાલી રે મારા ભાણેજની પોઠ
ભાણેજ હાલ્યા ને મામો હાલશે વણઝારા હો જી.

નાયક રે તમે ચાલ્યા પરદેશ
અમને ભળાવ્યાં શાં કામ રે વણઝારા હો જી.

ગોરી રે સોંપ્યો ગરથ ભંડાર
બીજો સોંપ્યો મોભી દીકરો વણઝારા હો જી.

ગોરી રે સોંપ્યો ગુણ કપાસ
બીજો સોંપ્યો સમરથ રેંટીઓ વણઝારા હો જી.

બળજો રે તારો ગુણ કપાસ
રેંટીયો બાળીને રાંધું ખીચડી વણઝારા હો જી.

ગોરી રે બેસજો ગરઢેરી ગોઠ
ખડ ખડ દાંત ન કાઢશો વણઝારા હો જી.

ગોરી રે પોઢજો નણંદ ભોજાઇ
જમણાં તે અંગ ન રોળજો વણઝારા હો જી.

આવી રે મારા સસરાની પોઠ
રૂમઝુમતી ચાલી પૂછવા વણઝારા હો જી.

સસરા રે વળી લાગુંછું પાય
તમે રે આવ્યા ને નાયક ક્યાં રીયા વણઝારા હો જી.

ફાટી રે વહુજી ચોખાની પોઠ
અમે રે આવ્યા ને નાયક ત્યાં રીયા વણઝારા હો જી.

આવી રે મારા જેઠની પોઠ
ઝમઝુમતાં ચાલ્યાં પૂછવા વણઝારા હો જી.

જેઠ રે લળી લાગુંછું પાય
તમે આવ્યા ને નાયક કયાં રીયા વણઝારા હો જી.

ફાટી રે વહુ ઘઉંડાની પોઠ
અમે રે આવ્યા ને નાયક ત્યાં રીયા વણઝારા હો જી.

આવી રે મારા દેવરની પોઠ
ઝમઝુમતાં ચાલ્યાં પૂછવા વણઝારા હો જી.

દેવર રે મારા જાણુ સુજાણુ
તમે રે આવ્યા ને નાયક કયાં રીયા વણઝારા હો જી.

આવી રે ભાભી વડલાની છાંય
સોડય તાણીને વીરો ત્યાં સૂતા વણઝારા હો જી.
(સોડયમાં સરપણ ઘુઘરે રે વણઝારા હો જી)

કરડયો રે ભાભી કાળુડો નાગ
સોડય તાણીને વીરો ત્યાં સૂતા વણઝારા હો જી.

આવ્યા રે ભાભી વગડા મોઝાર
અમે રે આવ્યા ને વીરો ત્યાં રીયા વણઝારા હોજી.

૧૩

વેરણ ચાકરી

[રાજ્યના ગરાસ ખાતા કોઈ ઠાકોરને, પોતાના કુટુંબમાંથી એક જણને દરબારી ચાકરી પર મોકલવાનો સાંકેતિક હુકમ આવે છે. દીવાને અજવાળે તો કાગળ ઉકલે પણ નહિ એવા કોઇ રસ વડે ગુપ્ત અક્ષરો લખેલા. અંતે પ્રભાતે કાગળ વાંચી શકાયો. વચ્ચેટ દીકરાને ઉપડવાની આજ્ઞા મળી. એની વિજોગ પામતી પત્ની અન્ય સહુને મોકલીને પણ પોતાના સ્વામીને રોકવાની કરુણ આજીજી કરે છે. સહુને ન જવાનાં કંઈક ને કંઈક મશ્કો છે. પણ એની એકની દયા કોઇ ખાતું નથી. ઉંડા ઉંડા કરુણ ઢાળે આ ગીત ગવાય છે.]

૬

ઉભી ઉભી ઉગમણે દરબાર
  રે કાગળીઆ આવ્યા રાજના રે લોલ.
ઉઠો દાસી દીવડીઆ અંજવાસો
  રે કાગળીઆ આવ્યા રાજના રે લોલ.
શેની કરૂં દીવડીઆની વાટ્યું
  રે શેણે રે દીવડો પરગટું રે લોલ.
અધમણ રૂની કરી છે વાટ્યું
  રે સવા મણ તેલે પરગટ્યો રે લોલ.
બાળ્યાં બાળ્યાં બાર ઘાણીનાં તેલ
  રે તોયે ન કાગળ ઉકલ્યો રે લોલ.
ઉગ્યો ઉગ્યો પૂનમ કેરો ચંદર
  રે સવારે કાગળ ઉકલ્યો રે લોલ.
કોરે મોરે લખીઆં છે સો સો સલામું
  રે વચાળે વેરણ ચાકરી રે લોલ.

ચાકરીએ મારા સસરાજીને મેલ્યા
રે અલબેલા નૈ જાય ચાકરી રે લોલ.
સસરા ઘેરે દરબારી છે રાજ
રે દરબારી પૂરાં ને પડે રે લોલ.
ચાકરીએ મારા જેઠીડાને મેલ્યા
રે અલબેલા નૈ જાય ચાકરી રે લોલ.
જેઠ ઘેરે જેઠાણી ઝીણુંબોલી
રે ઉડીને ઝગડો માંડશે રે લોલ.
ચાકરીએ મારા દેવરજીને મેલ્યા
રે અલબેલા નૈ જાય ચાકરી રે લોલ.
દેર ઘેરે દેરાણી નાનું બાળ
રે મોલુંમાં એકલ નૈ રહે રે લોલ.
આવશે રે કાંઇ શિયાળાના દા'ડા
રે ટાઢડીયું તમને લાગશે રે લોલ.
સાથે લેશું ડગલા ને કાંઇ ડોટી
રે ગોરાંદે ટાઢયું શું કરે રે લોલ.
આવશે રે કાંઇ ઉનાળાના દા'ડા
રે તડકા તે તમને લાગશે રે લોલ.
સાથે લેશું છતરી ને કાંઇ છાંયા
રે ગોરાંદે તડકા શું કરે રે લોલ.
આવશે રે કાંઇ ચોમાસાના દા'ડા
રે મેવલીયા તમને ભીંજવે રે લોલ.
સાથે લેશું મીણીયા ને કાંઇ માફા
રે ગોરાંદે મેવલા શું કરે રે લોલ.
લીલી ઘોડી પાતળીયો અસવાર
રે અલબેલા ચાલ્યા ચાકરી રે લોલ.

ઝાલી ઝાલી ઘોડલાયાની વાઘું
　　　　રે અલબેલા ક્યારે આવશો રે લોલ.
ગણજો ગોરી પીપળીઆનાં પાન
　　　　રે એટલે ને દા'ડે આવશું રે લોલ.
ગોરી મોરી આવડલો શો હેડો
　　　　રે આંખુમાં આંસુ બહુ ઝરે રે લોલ.

૧૪

રૂદા

[ઠકરાણીના મેણાનો માર્યો ઠાકોર, ઠગાઈ આદરી ઠકરાણીની બ્હેન રૂદાને પોતાના ઘરમાં બેસાડવા તેડી લાવે છે, પણ ઠાકોરના દગાની જાણ થતાં જ સતી રૂદાને સત ચડે છે, પોતે બળે છે, પોતાની બ્હેન પણ એ ચિતામાં ઝંપલાવે છે, અને ઠાકોર પોતે પણ પોતે ગુજારેલા કેરના પ્રાયશ્ચિત રૂપે એ બન્નેની સાથે બળી મરે છે.)

§

હો ગોરાંદે રે ગોરી મોરી રે
ઝટપટ રસોયું નીપજાવો, ઝટપટ રસોયું નીપજાવો
　મારે ગામડે જાવું ગોરી મોરી રે

હો ઠાકોરીયા રે ઠાકોર મોરા રે
ઝટપટ રાંધનારી લાવો, ઝટપટ રાંધનારી લાવો
　ઠાકોર મોરા રે

હો ગોરાંદે રે ગોરી મોરાં રે
ઝટપટ રાંધે રૂદા સાળી, ઝટપટ રાંધે રૂદા સાળી,
　ગોરી મોરાં રે

હો ઠાકોરીયા રે ઠાકોર મોરા રે
ઝટપટ રાંધે રૂપાદે નણદી, ઝટપટ રાંધે રૂપાદે નણદી
ઠાકોર મોરા રે
બાઇ પાડોશણુ રે બેન પાડોશણુ રે
ઠાકોર જમ્યા વિના જાય, ઠાકોર જમ્યા વિના જાય

* * *

હો માતાજી રે માતા મોરાં રે
મુજને સપનાં રે આવ્યાં, મુજને સપનાં રે આવ્યાં
માતા મોરી રે
જાણે એની ઘેર જાવાં માતા મોરી રે
હો દીકરડી રે દીકરી મોરી રે
સપનાં આળ પંપાળ, સપનાં આળ પંપાળ
દીકરી મોરી રે
હો માતાજી રે માતા મોરાં રે
મુજને સપનાં રે આવ્યાં મુજને સપનાં રે આવ્યાં
જાણે બનેવી તેડવા આવે માતા મોરી રે
હો દીકરડી રે દીકરી મોરી રે
સપનાં આળ પંપાળ સપનાં આળ પંપાળ
ઢાલીયા ફેરવી ઢળાવું દીકરી મોરી રે

* * *

હો સાસુડી રે સાસુ મોરાં રે
ઝટપટ રૂઢા સાબદી કરો, ઝટપટ રૂઢા સાબદી કરો
સાસુ મોરાં રે
હો જમાઈડા રે જમાઇ મોરા રે
એવડાં રૂઢાનાં શાં કામ, એવડાં રૂઢાનાં શાં કામ,
જમાઇ મોરા રે

હો સાસુડી રે સાસુ મોરાં રે
ઘરે સૂવાવડનાં કામ, ઘરે સૂવાવડનાં કામ
સાસુ મોરાં રે

હો જમાઇડા રે જમાઇ મોરા રે
રૂડા સુવાવડ શું જાણે, રૂડા સુવાવડ શું જાણે
જમાઇ મોરા રે

હો સાસુજી રે સાસુ મોરાં રે
સુવાવડ કરનારા કરે, સુવાવડ કરનારા કરે,
રૂડા હાલણુ ચાલણુ જોઇ સાસુ મોરાં રે.

હો માતાજી રે માતા મોરાં રે
ઝટપટ માથડાં ગુંથો, ઝટપટ માથડાં ગુંથો
માતા મોરાં રે

હો ભાભલડી રે ભાભી મોરાં રે
ઝટપટ બચકીયું બાંધો, ઝટપટ બચકીયું બાંધો
મારે બેની ઘેર જાવું ભાભી મોરાં રે

હો વીરાજી રે વીરા મોરા રે
ઝટપટ વેલડી શણગારો, ઝટપટ વેલડી શણગારો,
મારે બેની ઘેર જાવું વીરા મોરા રે

હો સાથીડા રે સાથી મોરા રે
ઝટપટ ઘોડલા શણગારો ઝટપટ ઘોડલા શણગારો
સાથી મોરા રે

* * *

હો બનેવી રે બનેવી મોરા રે
આ તે કીયાં શે'ર આવ્યાં, આ તે કીયા શે'ર આવ્યાં
બનેવી મોરા રે.

હો ગોરાંદે રે ગોરી મોરાં રે

આ તો પાટણ શે'ર આવ્યાં, આ તો પાટણ શેર આવ્યા
પટોળાં મનગમતાં વોરો ગોરી મોરાં રે
હો બનેવી રે બનેવી મોરા રે
આ તે કીયાં શે'ર આવ્યાં, આ તે કીયાં શે'ર આવ્યાં
બનેવા મોરા રે
હો ગોરાંદે રે ગોરી મોરાં રે
આ તો ચીતળ શે'ર આવ્યાં, આ તો ચીતળ શે'ર આવ્યા
ચુંદડી મનગમતી વોરો ગોરી મોરાં રે
હો બનેવી રે બનેવી મોરા રે
હુંસવું એક વાર હોય, હુંસવું બે વાર હોય
આવડી મશ્કરી નો કરીયેં બનેવી મોરા રે

* * *

હો બેનડલી રે બેની મોરાં રે
ઝટપટ બારણાં ઉઘાડો, ઝટપટ બારણાં ઉઘાડો
બેની મોરાં રે
રૂદા બેનડી રે બેની મોરી રે
તું તો શોકય થઇને આવી, તું તો વેરણ થઇને આવી
બારણાં કેમ ઉઘાડું બેની મોરી રે
એવું સાંભળી રે એવું સાંભળી રે
રૂદાને હૈયે ઝાળ લાગી, રૂદાને હૈયે ઝાળ લાગી
જમણે પગને અંગૂઠે અગની ઉઠી રે.
બેને જોયું રે બેને જોયું રે
હડ હડ ચેયું બળતી દીઠી, હડ હડ ચેયું બળતી દીઠી
બારણાં ઉઘાડી ઘોડી ધુબકો માર્યો રે
ઠાકોર આવે રે ઠાકોર આવે રે
કાંઇ મોલુંની માંય કાંઇ મોલુંની માંય
જુવે ત્યાં તો બે બેન્યું બળતી દીઠા રે

સોનલા વરણી રે સોનલા વરણી રે
કાંઇ ચેયું બળતી દીઠી, કાંઇ ચેયું બળતી દીઠી,
  રૂપલા વરણો ઉડે એનો ધૂંહુ રે
એવું જોઇને રે, એવું જોઇને રે
ઠાકોર દલ લીધી વાત, ઠાકોર દલ લીધી વાત
  હુવે એકલાં જીવીને શું કરવું રે
ઠાકોર ધોડયા રે ઠાકોર ધોડયા રે
જઇને ચેયુંમાં ઝંપલાવ્યાં, જઇને ચેયુંમાં ઝંપલાવ્યા
  બળ્યાં રાજા રાણી ને હારે રૂદા રે*

* આ ગીતની છેલ્લી સાત આઠ કડીઓ, અસલ પંક્તિઓ ન જડવાથી, અસલ ઘટનાની વસ્તુને અનુસરી, ગીતનાં સંપાદક બ્હેન શ્રી લીલાવતી (મોંધી) બ્હેન, ભાવનગર બાલમંદિર વાળાંએ સ્વતઃ રચી કાઢી છે.

૧૫

સીતા–વનવાસ

[આ ગીતમાં નામો તથા ઘટનાઓના ગોટાળા છે. લોકમાન્યતા એવી ઉતરી છે કે સીતાએ લંકાના ચિત્રો ચિતર્યાં તેથી રાવણ ઉપર સીતાને ગુપ્ત આસક્તિ હોવાની રામને શંકા પડી અને પરિણામે સીતાને વનવાસ દીધો. એ વાત બાજુએ રાખતાં, સીતાને ભોળવીને દીધેલી વિદાય ઈત્યાદિનું આ એક લાગણીભર્યું શબ્દ–ચિત્ર છે.]

§

અવળી ગંગાનાં સવળાં નીર
વહુને ઘેર સાસુ બેસવા જાય
વહુ બેઠાં સિંહાસન ચડી
ને સાસુ બેઠાં ચમરો ઢળી.

વહુ રે વહુ મારી સમરથ વહુ, લંકા લખી દેખાડો
હું રે ન જાણું મારી બાઇજી રે લંકા કેમ લખાશે.

કાને ન સૂણ્યું ને નજરે ન દીઠું
કેમ લખાય લંકાનું સરૂં
બાઇજીને તો રીસ જ ચડી
ને અડવડ દડવડ પાછી વળી

વળો રે વળો મારી બાઇજી રે લંકા લખી દેખાડું

અત્રીસ બત્રીસ બેનડી લખી
ને છપન કરોડ જમાઇડા લખ્યા
ભાત જાતી ભતવારી લખી
ને છાણાં વીણતી છોડી લખી
કોસ હાંકતો કોસીડો લખ્યો
ને પાણી વાળતો પાણતીઓ લખ્યો
ચાંદો સૂરજ બે સાખીયા લખ્યા
ને રામ લખમણ બે બંધવા લખ્યા
દસ મથાળો રાવણ લખ્યો
ને માથા વન્યાનો ખવી લખ્યો

સોના ગેડી રૂપા દડુલો રે રામ રમવા નીસરીયા
રમી ભમી ઘેરે આવીયા રે માતા પગરખાણું આપો
અમને શું પૂછો રૂડા રામજી રે તમે હાથે લઇ લ્યોને
ઠાલા તે ગોળા ઠણકણે રે રામ નદીએ સંચરીયા
હાથ ધોયા મુખ વીછળ્યાં રે રામ ઘેરે પધાર્યા
માતા માતા મોરી માવડી રે અમને ભોજન દ્યોને
ભોજન કરી રામ ઉઠીયા રે સામો વેરીડો દીઠો
માતા તે મોરી માવડી રે વેરી કોણે રે લખીયા
હું શું જાણું રૂડા રામજી રે લખમણ બાંધવને પૂછો

લક્ષ્મણ લક્ષ્મણ બંધવા રે વેરી કોણે રે લખીઆ
હું શું જાણું રૂડા રામજી રે બેની સુભદ્રાને પૂછો
સુભદ્રા સુભદ્રા બેનડી રે વેરી કોણે રે લખીઆ
હું શું જાણું વીરા રામજી રે સીતા ભોજાઇને પૂછો
સોળ સૈયરૂમાં સીતા રમતાં રે એને રામનાં તેડાં
નથી ઢોળ્યાં નથી ફોડીયાં રે શેના રામનાં તેડાં
માથાની વેણુ છૂટી પડી રે હૈડે ત્રાસ જ પડીયા
ચારે તે છેડા ઢળકતા રે સીતા મલપતાં આવે
સીતા રે સીતા સાધવી રે વેરી કોણે રે લખીઆ
નાની તે નણંદે આળેખીયાં રે મેં તો રંગજ પૂર્યા

* * *

લક્ષ્મણ લક્ષ્મણ બંધવા રે સીતાને વન મેલી આવો
કાળા તે રથડા જોતર્યા રે કાળા વેલ્ય ને માફા
* પેલી તે પોળમાં પેસતાં રે આડા નાગ ઉતરીયા
લક્ષ્મણ લક્ષ્મણ દેરીડા રે આવે શુકને નો જાયેં
આવે શુકને જો જાયેં રે ફરી રામને નો મળીએં
બીજી તે પોળમાં પેસતાં રે સામા કાગ કળેળ્યા
લક્ષ્મણ લક્ષ્મણ દેરીડા રે આવે શુકને નો જાયેં
આવે શુકને જો જાયેં રે ફરી રામને ન મળીએં

---

* પાઠાન્તર

પેલો તે રથ જોડીયો ને
ઇંધણું ભારો સામો મળ્યો

* * *

બીજો તે રથ જોડીયો ને
કાળે બળદે કાળા રાશ

* * *

ત્રીજો તે રથ જોડીયો ને
કાને અકોટા વાંસળીઆં

લક્ષ્મણ લક્ષ્મણ દેરીડા રે વનમાં બીક જ લાગે
વનમાં ભાભી ઝાઝાં વાદરાં રે સાથે રમજો ને રે'જો.
લક્ષ્મણ લક્ષ્મણ દેરીડા રે વનમાં ભૂખ જ લાગે
વનમાં ભાભી ઘણાં ફળફુલ રે તમે ખાજો ને રે'જો

લક્ષ્મણ લક્ષ્મણ દેરીડા રે વનમાં તરસ્યું રે લાગે
વનમાં ભાભી છે તળાવડી રે પાણી પીજો ને રે'જો
લક્ષ્મણ લક્ષ્મણ દેરીડા રે વનમાં ટાઢડીયું લાગે
વનમાં ભાભી ઝાઝાં ઝાડવાં રે છાલ્યું પેરીને રે'જો

* * *

લક્ષ્મણ લક્ષ્મણ બંધવા રે સીતા કેમ જ મેલ્યાં
ગાય વન્યાનાં વાછરૂ આરડે રે સીતા આરડતાં મેલ્યાં
લક્ષ્મણ લક્ષ્મણ બંધવા રે સીતા કેમ જ મેલ્યાં
જળ વન્યા માછલાં તરફડે રે સીતા તરફડતાં મેલ્યાં
લક્ષ્મણ લક્ષ્મણ બંધવા રે સીતા કેમજ મેલ્યા
મા વન્યા છોરૂડાં ટળવળે રે સીતા ટળવળતાં મેલ્યાં

* * *

ધરતી રે ધરતી માવડી રે મને મારગ દેજો
ધરતી ફાટી મારગ દીધલા રે સીતા સતી સમાણાં
સીતાને માથે ચોટલો રે નીલો ડાભડો ઉગ્યો.

૧૬

શૌર્ય

[માવો ને જેસો બે ભાઈ હતા. સમુદ્રની અંદર નકળંક મહાદેવનું દેવળ હશે, ત્યાં ભરતીને દિવસે પહોંચીને મહાદેવની મૂર્તિ પરથી સોપારી અને શ્રીફળ લઈ આવવાની સરત કરીને બન્ને પડયા. પણ રેલ આવી તેમાં તણાઇ ગયા. આ તીર્થધામ ઘોઘા તરફના દરિયામાં છે.]

§

વીરા પોટલીયામાં પાણી લેજો પોંચતાં
લેજો લેજો નદીયું કેરાં નીર રે
માવો ને જેસો રવ રમ્યા.

વીરો હોડ કરીને બાર નીસર્યો
જઈને ગીયા નકળંગને ગામ રે—માવો૦
વીરે નકળંગ જઈને વિચાર કર્યો
આપણે લેવું છે લીલું નાળીએર રે—માવો૦
વીરે વેળીયું કાઢીને બેનને આલીયું
બેનને નયણે વછૂટયાં છે નીર રે—માવો૦
વીરે વિચાર કરીને ઓકાનાં બીડીયાં
પડીયા રતનાગર સાગર મોઝાર રે—માવો૦
વીરની બેન્યું તે વાટું જોઈ રહી,
કયારે આવે માડીજાયો વીર રે—માવો૦
વીરો લીલાં સોપારી સાથે દોડીયો
નવ દીઠું નાળીએર મુખ્ય રે—માવો૦
પછી પાણી સમુદરનું વળી ગયું
પછી લેવાણા લોઢું માંય રે—માવો૦

એનું કામ બધું વાંસે ચાલીયું
ત્યાં તો વળી દરિયાની રેલ રે—માવો૦
પછી દરિયાને કાંઠે કાઢી નાખ્યા
પછી ત્યાં રે દેવરાવ્યા છે દેન રે—માવો૦

૧૭

મે'માન

દળણું દળો રે વહુ ઉતાવળાં
આપણે ઘેર આવેલાં મેમાન જો
[illegible]ડા દળીને વહુ ઉભા રીયાં
કો'ને બાઇજી કયાંના મેમાન જો—દળણું૦
લાંબે ઘુંઘટડે વહુ પાણીડાં ભરો જો
પછી કરશું મેમાનુંની વાત જો—દળણું૦
લાંબે ઘુંઘટડે વહુ મેમાનું જમાડો જો
પછી કરશું મેમાનુંની વાત જો—દળણું૦
મેમાનું વોળાવી વહુ ઉભાં રહ્યાં
કહોની બાઇજી મેમાનુંની વાતું જો—દળણું૦
લીલૂડે ઘોડે વહુ તારો વીરલો
કાળુડે ઘોડે તારો કાકો જો—દળણું૦
માંકડે ઘોડે વહુ તારો મામો ને
એ વહુ આપણા મેમાન જો—દળણું૦
ફૂટ રે ગોઝારી સાસુ પાપણી
ના રે જાયો માડીજાયો વીરો જો—દળણું૦

ફૂટ રે ગોઝારી સાસુ પાપણી
ના રે જોયા કાકા ને કટંબી જો—દળણું૦

ફૂટ રે ગોઝારી સાસુ પાપણી
ના રે જોયા મામા ને મોસાળ જો—દળણું૦

જો રે સરજી હોત ચરકલડી
મારા વીરને ભાલે બેસી જાત જો—દળણું૦

જો રે સરજી હોત વાદળડી
મારા વીરને છાંયો કરતી જાત જો—દળણું૦

મેમાનુંની વાંસે ઘોડી સાસોસાસે
નવ જોયાં ઘોડલે પલાણ જો—દળણું૦

ડુંગર ઉપર વહુએ દેહડી પછાડી કે
લોહીની નીકું વહી જાય જો—દળણું૦

રોતી કકળતી વહુ ભોંયમાં સમાણી ને
બાઇજીએ આવી ઝાલ્યા કેશ જો—દળણું૦

૧૮

નણંદ ભોજાઈ

નણંદ ભોજાઈ પાણીડાંન હાર,
પાણીડાં ચ્યાં'તાં રે સતગરૂ વાડીયે રે લોલ.

બેડું મેલ્યું સરવરીયાની પાળ,
ઈંઢાણી વળગાડી આંબા ડાળીએ રે લોલ.

તીંયાં તે આવી જોગીની જમાત,
જોગીડા ઉતર્યો રે સતગરૂ વાડીએ રે લોલ.

રમ્યાં તે રમ્યાં બાજીયું બે ચાર,
જોગીડા ને નણદલ રમીયાં જુગટે રે લોલ.

હારી તે હારી જોગીની જમાત,
જોગીડો હાર્યો ને નણદલ જીતીયાં રે લોલ.
મારી તે મારી અવળા સવળી ઠોંઠ
બીજી રે મારી છે પગની મોજડી રે લોલ.
સાંભળો રે મારી સગી નણંદના વીર,
વાતલડી કેશું તો કડવાં લાગશું રે લોલ.
તારી બેની જોગીડાને જાય.
જોગીડો ઉતર્યો રે સતગરૂ વાડીએ રે લોલ.
વીરે લીધાં અરધાનાં અફીણ,
સોનાને કચોળે અફીણ ઘોળીયાં રે લોલ.
પી જાને મારી માજણી તું બેન,
ગોઝારી ભોજાઇને હત્યા લાગશે રે લોલ.
આડું અવળું જોઇને બેની પી ગયાં રે લોલ.
તાણી તાણી સાળુડાની સોડય,
માથેને ઓઢાડી નવરંગ ચુંદડી રે લોલ

૧૯

પ્રણય—કલહ

[ગાય પાછી વાળવાની ના પાડવાથી પતિને માર ખાતી ગોવાલણ રાત્રિયે ઘર બંધ કરીને અંદર બેસી જાય છે. પતિના કાલાવાલાથી એ પીગળતી નથી. એટલે આંગણાના કુવામાં પત્થર નાખીને પતિ સંતાઇ જાય છે. પતિ જાણે કુવે પડયો, એવા ભ્રાંતિથી સ્ત્રી બહાર નીકળીને પતિને સાદ પાડે છે. અનિષ્ટની શંકાથી એનો તમામ રોષ પીગળી પડે છે.]

દુ

પ્રભુજી વનમાં ચારે ધેન, વગાડે રૂડી વાંસળી રે લોલ
રાધા ગોરી ભાતડીયાં લઈ જાય ચલાણે ચોળ્યાં ચૂરમાં રે લોલ

પ્રભુજી ક્યાં રે ઉતારૂં ભાત કે ક્યાં બેસી જમશો રે લોલ
રાધા ગોરી આસોપાલવને ઝાડ કે ફરતી છાંયડી રે લોલ
રાધા ગોરી ત્યાં ઉનારો ભાત કે ત્યાં બેસી જમશું રે લોલ
રાધા ગોરી ડુંગર ચડીયલ ધેન કે ધેન પાછી વાળજો રે લોલ
પ્રભુજી તમારી ચારેલ ધેન કે અમ થકી નહિ વળે રે લોલ
પ્રભુજીને ચટકે ચડીયલ રીસ કે જમતા ઉઠીય રે લોલ
મારી મારી અવળી સવળી ઠોંટ કે ડાબા પગની મોજડી રે લોલ
રાધાજીને ચટકે ચડીયલ રીસ કે ભોગળ ભીડીયાં રે લોલ
ઝીણા ઝરમર વરસે મેઘ પ્રભુ ભીંજાય બારણે રે લોલ
રાધા ગોરી ઉઘાડો જોડ કમાડ પ્રભુ ભીંજાય બારણે રે લોલ
જાવ જાવ માનેતીને મો'લ કે અંહી શીદ આવીયા રે લોલ
જાશું જાશું માનેતીને મો'લ કે પછી થાશે ઓરત । રે લોલ
પ્રભુજીને આંગણ ઉંડી કુઈ કે કંકર નાખાયા રે લોલ
ધબકે ઉઘડયાં જોડ કમાડ કે પ્રભુની ગોતે નીસર્યાં રે લોલ
કોઇ મને દેખાડો દીનાનાથ કે આપું વધામણી રે લોલ
આપું આપું હૈડા કેરો હાર કે માથ. કેરી દામણી રે લોલ

૨૦

મણીઆરડો

[નગરઠાકી ગામના રાજાની કુંવરી મણીઆરા પર મોહીને પ
હવી તેનો કચ્છ વાગડમાં ગવાતો આ રાસડો છે.]

§

મણીઆરડા રે હો ગોરલના સાયબા રે
ભમરીયા ભાલા વાળો મણીઆર
નીમાણું નેણુંવાળો મણીઆર
મીઠુડી બોલીવાળો મણીઆર.

જુના રે ગઢથી પોઠીડા પલાણીઆ
પલાણીઆ ગોરીબંદા! ઉતાર્યા અમારે વાગડ઼ેં
મણીઆરડા રે હો ગોરલના સાયબા રે,
મીઠુડી બોલીવાળો મણીઆર.

જે જે મારગે મણીઆરો ચાલીયો,
ચાલીયો રે ગોરીબંદા! ઝીણું રે ઉડે લાલ ગુલા
મણીઆરડા રે હો ગોરલના સાયબા રે!
નીમાણું નેણુંવાળો મણીઆર.

ઓતરાખંડથી મણીઆરો ઉતર્યો,
ઉતર્યો રે ગોરીબંદા! તંબુડા તાણ્યા રે આસમા
મણીઆરડા રે હો ગોરલના સાયબા રે!
ભમરીયા ભાલાવાળો મણીઆર.

પેલો રે ઉતર્યો રે હુરીયા બાગમાં
બાગમાં રે ગોરીબંદા ! પછી ઉતર્યો ગઢની રાંગ.
મણીઆરડા રે હો ગોરલના સાયબા રે !
મીઠુડી બોલીવાળો મણીઆર

ઉતારા આપો મણીઆરાને ઓરડા
ઓરડા રે ગોરીબંદા ! દેશું રે મેડી ને મો'લ
મણીઆરડા રે હો ગોરલના સાયબા રે !
નીમાણું નેણાંવાળો મણીઆર.

દાતણીયાં આપો મણીઆરાને દાડમી
દાડમી રે ગોરી બંદા ! દેશું રે ફણીયલ કેરી કાંબ
મણીઆરડા રે હો ગોરલના સાયબા રે !
ભમરીયા ભાલાવાળો મણીઆર.

* * *

જલમ દીધો મણીઆરાની માવડી
માવડી રે ગોરીબંદા ! રૂપલીયો દીધો રે દીનાનાથ
મણીઆરડા રે હો ગોરલના સાયબા રે !
નીમાણું નેણાંવાળો મણીઆર

સૂરજની સાખે મણીઆરો જલમીયો
જલમીયો રે ગોરીબંદા ! સોના રે સરીખો મણીઆર!
મણીઆરડા રે હો ગોરલના સાયબા રે
ભમરીયા ભાલાવાળો મણીઆર.



૨૧

આંબો

[કુટુંબ–જીવનને આંબાની ઉપમા આપી એનાં સુમિષ્ટ ફળોનું વર્ણન થાય છે.]

§

કીયા ભાઈને આંગણ આંબો મોરીયો રે
    કીયા ભાઇને લળી લળી આવે છાંય
        આંબો મોર્યો ને આબે ફળ ઘણાં રે
કીયા ભાઈને આંગણ રૂડા ઘોડલા રે
    કીયા ભાઈને આંગણ હાથીની જોડ
        આંબો મોર્યો ને આંબે ફળ ઘણાં રે
કીયા ભાઈને ઘેરે વલોણાં ઘુમતાં રે
    કીયા ભાઈને ઘેરે ભેંસુની જોડ
        આંબો મોર્યો ને આંબે ફળ ઘણાં રે
કીયા ભાઇની મેડીએ દીવો શગે બળે રે
    કીયા ભાઈને ઓરડીયે અંજવાસ
        આંબો મોર્યો ને આંબે ફળ ઘણાં રે
કીયા ભાઇના કુવા કરે કચુડીયા રે
    કીયા ભાઇની વાડીયું લેરે જાય
        આંબો મોર્યો ને આંબે ફળ ઘણાં રે
કીયા ભાઇને ધોળીડા બળદીઆ રે
    કીયા ભાઇને ફુમકીયાળી રાશ
        આંબો મોર્યો ને આંબે ફળ ઘણાં રે

કીયા ભાઇના કુંવર પોઢ્યા પારણે રે
કીયા ભાઈની કુંવરી હાલાં ગાય
આંબો મોર્યો ને આંબે ફૂળ ઘણાં રે

કીયા ભાઇની કુંવરી હાલ્યાં સાસરે રે
કીયા ભાઇનો કુંવર વળાવા જાય
આંબો મોર્યો ને આંબે ફૂળ ઘણાં રે

કઇ વહુને ફુલફગરનો ઘાઘરો રે
કયી વહુને ઓઢણ આછાં ચીર
આંબો મોર્યો ને આંબે ફૂળ ઘણાં રે

૨૨

ચાંદલિયો

આસો માસે શરદ પૂનમની રાત જો
ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં.

સસરો મારો ઓલ્યા જલમનો બાપ જો
સાસુ રે ઓલ્યા જલમની માવડી.

જેઠ મારો આષાઢીલો મેઘ જો
જેઠાણી ઝબૂકે વાદળ વિજળી.

દેર મારો ચાંપલિયાનો છોડ જો
દેરાણી ચાંપલિયા કેરી પાંદડી.

નણંદ મારી વાડી માયલી વેલ્ય જો
નણદોઈ મારો વાડી માંયલો વાંદરો.

પરણ્યો મારી સગી નણંદનો વીર જો
તાણીને બાંધે રે નવરંગ પાઘડી.

૨૩

વડલો

[આંહી કુટુંબને વડલાનું રૂપક આપ્યું છે.]

ઉંચો વડલો ઘેર ગંભીર જો
થડે થોડા ને ડાળે અતિ ઘણો રે લોલ.
ડાળે ડાળે હંસલા મોર જો
પાંદડીયે પાંદડીયે દીવા બળે રે લોલ—ઉંચો૦
સાસરો મારો બોલ્યા જલમનો બાપજો
સાસુડી બોલ્યા જલમની માવડી રે લોલ—ઉંચો૦

[તે પછી ઉપરના ગીતની માફક ગવાય છે]

૨૪

પરણેતર

જામ તારૂં જાંબુડું રળીયામણું રે
પરણે સીતા ને શ્રીરામ
આવે જાદવ કુળની જાન
જામ તારૂં જાંબુડું રળીયામણું ર

સોનીડાના બેટડા વીર તને વીનવું રે
રૂડાં ઝુમણુલાં લઈ આવ
પરણે સીતા ને શ્રી રામ
જામ તારૂં જાંબુડું રળીયામણું રે

સુતારીના બેટડા વીર તને વીનવું રે
રૂડો બાજોઠીયો ઘડી લાવ
પરણે સીતા ને શ્રી રામ
જામ તારૂં જાંબુડું રળીયામણું રે

લુવારીના બેટડા વીર તને વીનવું રે
રૂડો દીવડલો ઘડી લાવ
પરણે સીતા ને શ્રી રામ
જામ તારૂં જાંબુડું રળીયામણું રે

૨૫

ચાંદલો લાલ સોહામણો

સખી ચાંદલો તે લાલ સોહામણો રે
સખી રાજા વિનાનાં સૂનાં રાજ છે જો
સખી રાણીઓ વિનાના સૂના મો'લજો
ચાંદલો તે લાલ સોહામણો રે.

સખી પિતા વિનાનું પીયર સૂનું જો
સખી માતા વિનાના શા લાડ જો
ચાંદલો તો લાલ સોહામણો રે

સખી ભાઇ વિનાની શી પસલી જો
સખી ભોજાઈ વિનાનાં શાં હેત જો
ચાંદલો તે લાલ સોહામણો રે.

સખી બેનડ વિનાની શી ગોઠડી જો
સખી સૈયરો વિનાના શા સાથ જો
ચાંદલો તે લાલ સોહામણો રે.

૨૬

વહુવારૂની હોંશ

લીલી લીલી ઇંઢાણી હીરની રે,
મને પાણી ભર્યાંની ઘણી હોંશ રે.
લીલી ઇંઢાણી હીરની રે.

સાંકડી શેરીમાં સસરો સામા મળ્યા રે,
મને લાજ કાઢ્યાની ઘણી હોંશ રે.
લીલી ઇંઢાણી હીરની રે.

સાંકડી શેરીમાં જેઠજી સામા મળ્યા રે,
મને ઝીણું બોલ્યાની ઘણી હોંશ રે–લીલી૦

કડી શેરીમાં જેઠાણી સામા મળ્યાં રે,
મને ઠેકડી કર્યાંની ઘણી હોંશ રે–લીલી૦

સાંકડી શેરીમાં દેરજી સામા મળ્યા રે,
મને હસ્યા બોલ્યાની ઘણી હોંશ રે–લીલી૦

સાંકડી શેરીમાં નણદી સામા મળ્યા રે,
મને માથું ગુંથ્યાની ઘણી હોંશ રે–લીલી૦

સાંકડી શેરીમાં વાલમ સામા મળ્યા રે,
મને મોઢું મલકાવ્યાની હોંશ રે–લીલી૦

૨૭

માતા અને સાસુ

માતાને આંગણે રે રૂડો આંબલો
ત્યાં રમતાં દિ’ ને રાત, માતા કોને વિસરે!

સાસુને આંગણે રે લીલો લીંબડો
ત્યાં કાંતતાં દિ’ ને રાત, સાસુ કોને સાંભરે!

માતાએ પિરસી રૂડી લાપસી
મહીં ગોરી ગાયનાં ઘી માતા કોને વિસરે !
સાસુએ પીરસી ભુંડી રાબડી
મહીં ટીપું આપ્યું તેલ સાસુ કોને સાંભરે !
માતાએ ગુંથ્યાં રૂડાં માથડાં
મહીં ટહયું લીધી ત્રણ માતા કોને વિસરે !
સાસુએ ગુંથ્યાં ભૂંડાં માથડાં
મહીં ટોલા મેલ્યા ત્રણ સાસુ કોને સાંભરે !
માતાએ ઢાળ્યા રૂડા ઢોલીઆ
ઓશીકે નાગરની વેલ્ય માતા કોને વિસરે !
સાસુએ ઢાળી ટુટલ ખાટલી
ઓશીકે કાળો નાગ સાસુ કોને સાંભરે !

૨૯

માતા—સાસુ

શરદ પૂનમની રાતડી રંગ ડોલરીયો
માતાજી રમવા દ્યો રે રંગ ડોલરીયો
રમી ભમી ઘેર આવીયાં રંગ ડોલરીયો
માતાજી ભોજન દ્યો રે રંગ ડોલરીયો
માતાએ પિરસી લાપસી રંગ ડોલરીયો
મંહી પળી એક આલ્યાં ઘી રે રંગ ડોલરીયો
શરદ પૂનમની રાતડી રંગ ડોલરીયો

સાસુજી રમવા દ્યો રે રંગ ડોલરીયો
રમી ભમી ઘેર આવીયાં રંગ ડોલરીયો
સાસુજી જમવા દ્યો રે રંગ ડોલરીયો
બાઇજીએ પિરસ્યું બાજરીયું રંગ ડોલરીયો
મહીં ટીપું આલ્યાં તેલ રે રંગ ડોલરીયો
બળ્યું બાઇજી તારૂં બાજરીયું રંગ ડોલરીયો
તારા તેલમાં ટાંડી મેલ્ય રે રંગ ડોલરીયો
માતાએ ગૂંથ્યાં માથડાં રંગ ડોલરીયો
મહીં ટસર્યું લીધી ત્રણ રે રંગ ડોલરીયો
સાસુએ ગુંથ્યાં માથડાં રંગ ડોલરીયો
મહીં ટોલા મેલ્યા ત્રણ રે રંગ ડોલરીયો
માતાએ ઢાળ્યા ઢોલીઆ રંગ ડોલરીયો
ઓસીકે નાગરવેલ્ય રે રંગ ડોલરીયો
સાસુએ ઢાળી ખાટલી રંગ ડોલરીયો
ઓસીકે કાળો નાગ રે રંગ ડોલરીયો

૩૦

શ્રાવણનાં સંભારણાં

ચાણો લીંબડો તે લાંબે પાંદડે
ચાણો વડલીયો ઘેર ગંભીર રે શ્રાવણ રેલીઓ.
ગોરા ...ભાઇ તે ગામ સીધાવીઆ
ઘેર ...વહુ ધાન ન ખાય રે શ્રાવણ રેલીઓ.
ગોરાં ....વહુ તે છાના કાગળ મોકલે
ઘેર આવો નણંદબાના વીરા રે શ્રાવણ રેલીઓ.

ગોરી હું કેમ આવું એકલો
મારા વેરીડે રોકી છે વાટ રે શ્રાવણુ રેલીઓ.
તમારા વેરીને બંધાવું મધરાસ મોળીયાં
તમે રાતબુઢા ઘેરે આવો રે શ્રાવણુ રેલીઓ.
ગોરી હું કેમ આવું એકલો
મારી આડે છે વસમી વાટ રે શ્રાવણુ રેલીઓ.
તમારી વસમી વાટું સ્વામી દૂર કરૂં
તમે રાતબુઢા ઘેર આવો રે શ્રાવણુ રેલીઓ.
વીરો પાદર આવ્યા ધરતી ધમધમી
આવ્યા આવ્યા નણુંદબાના વીર રે શ્રાવણુ રેલીઓ.
વીરો બજારે આવ્યા ઘોડા હુણુહુણ્યા
દીઠા દીઠા નણુંદબાના વીર રે શ્રાવણુ રેલીઓ.
વીરો ખડીયામાં લાવ્યા ઝાલ ઝૂમણું
તમે પે'રો માનેતી નાર રે શ્રાવણુ રેલીઓ.
નાથ હું કેમ પેરૂં એકલી
મારી નાની નણુંદબા દુવાય રે શ્રાવણુ રેલીઓ.
વીરે ચીતળથી મગાવી ચુંદડી
વીરે પટોળીનો નવ રાખ્યો પાર રે શ્રાવણુ રેલીઓ.
તેણે નાનીબા નણુંદ મનાવીયાં
રીઝયાં રીઝયા નાનીબા બેન રે શ્રાવણુ રેલીઓ.



૩૧

નૈ જાવા દઉં ચાકરી રે

આભમાં ઝીણી ઝબૂકે વિજળી રે
  કે ઝીણા ઝરમર વરસે મેહ
    ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે

ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલાં રે
  કે ભીંજાય હાથીનો બેસતલ સૂબો
    ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે—આભમાં૦

ભીંજાય મેડી ને ભીંજાય માળીયાં રે
  કે ભીંજાય મેડીની બેસતલ રાણી
    ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે—આભમાં૦

તમને વા'લી દરબારી ચાકરી રે
  કે અમને વા'લો તમારો જીવ
    ગુલાબી ! નૈ જાવા દઉં ચાકરી રે—આભમાં૦

૩૨

ચોરી

કાળી તે ભોંના કોદર્યા રે,
    દળજો ઝીણેરા લોટ.
દળતાં તે વહુને ઝોલું આવીયું રે
    ઉંદર ખાઇ ગ્યો છે લોટ.
સાસુને ઘેરે ત્રાજવાં રે,
    નણદી જોખે છે લોટ.

ઝોખતાં તે ચપટીક ઓછો થીયો,
નણદી બોલે છે બોલ.
સાસુ મારે છે માર.
દીકરી તે છાના કાગળ મોકલે રે,
માડી તેડવાને આવ.
વીરા વેલેરો આવ.
હું કેમ આવું બેની એકલો રે,
આડી નદીયું બે ચાર.
આડા ડુંગર બે ચાર !

૩૩

ગુલાબે રમતાં'તાં

ગુલે ગુલે ગુલાબની વાડી	ગુલાબે રમતાં'તાં
મારો સસરો આણે આવ્યા	,, ,, ,,
ઇ તો હડકાયો કૂતરો લાવ્યા	,, ,, ,,
મારા સસરા સાથે ને જાઉં	,, ,, ,,

* * *

મારો પરણ્યોજી આણે આવ્યા.	,, ,, ,,
ઇ તો ફુલની છાબડી લાવ્યા	,, ,, ,,
મારા પરણ્યા સાથે જાશું	,, ,, ,,

૩૪

ચણોઠડી

દાંકણીમાં ચોખા ડુંબે ચણોઠડી હુંબે ને હુંબે
સાસરો આણે આવ્યા ચણોઠડી હુંબે ને હુંબે

ખોખરૂં ગાડું લાવ્યા ચણોઠડી લુંબે ને ઝુંબે
સસરા ભેળી નૈં જાઉં ચણોઠડી લુંબે ને ઝુંબે

* * *

પરણ્યો આણે આવ્યા ચણોઠડી લુંબે ને ઝુંબે
પરણ્યા ભેળી નૈ જાઉં ચણોઠડી લુંબે ને ઝુંબે
સબ સોટો માર્યો ચણોઠડી લુંબે ને ઝુંબે
પટ ગાડે બેઠાં ચણોઠડી લુંબે ને ઝુંબે

૩૫

કોયલડી રીસાણી

હાં હાં રે કોયલડી રીસાણી,
મારા વીરની કોયલડી રીસાણી.
એને કોણ મનાવા જાય, કોયલડી રીસાણી.

* * *

રથ જોડી નણદીબા નીસર્યાં,
વળો વળો ભાભલડી ઘેર, કોયલડી રીસાણી—હાં૦
નણદી તમારી વાળી નૈ વળું
કેં આવે તમારો વીરો કોયલડી રીસાણી—હાં૦
મારી દોઢ બદામની ભાભલડી,
કાંઈ લાખુંનો મારો વીરો, કોયલડી રીસાણી—હાં૦

૩૬

વહુનું મૃત્યુ

મારા વાડામાં ગલ વાવીયો
ફાલ્યો લચકા લોળ મારા વા'લા,

ખોળે વાળી ફુલ વીણતાં
    કરડયો કાળો નાગ મારા વા'લા.

સસરો આવ્યા જોવા રે
    પાંચસે રૂપીઆ પાણી મારા વા'લા,
સાસુ આવી જોવા રે
    ભલે વહુ ભાગ્યશાળી મારા વા'લા.

જેઠ તે આવ્યા જોવા રે
    ઘુમટાની તાણનાર ગઇ મારા વા'લા,
જેઠાણી આવાં જોવા રે
    પાણીની ભરનાર ગઈ મારા વા'લા.

દેર આવ્યા જોવા રે
    ઠેકડીની કરનાર ગઈ મારા વા'લા,
દેરાણી આવાં જોવા રે
    મારી જોડ નાર ગઈ મારા વા'લા.

૩૭

સંતાકુકડી

[પતિપત્ની અરસ્પરસ આમોદ કરતાં કરતાં કલ્પનાની અંદર સંતાનીની રમત રમે છે. સ્વામી પોતાની પ્રિયતમને હરકોઈ સ્થળે, ચાહે ...માં પણ પકડી પાડીને મીઠી ખીજ ઉપજાવવા મથે છે.]

§

લવીંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો
ફુલ કેરે દડુલીયે સીતાએ વેર વાળ્યાં જો

રામ તમારે બોલડીયે હું પરઘેર દળવા જઇશ જો
તમે જશો જો પરઘેર દળવા, હું ઘંટૂલો થઇશ જો
રામ તમારે બોલડીયે હું પર ઘેર ખાંડવા જઇશ જો
તમે જશો જો પર ઘેર ખાંડવા, હું સાંબેલું થઇશ જો
રામ તમારે બોલડીયે હું જળમાં માછલી થઇશ જો
તમે થશો જો જળમાં માછલી, હું માછીડો થઈશ જો
રામ તમારે બોલડીયે હું આકાશ વિજળી થઇશ જો
તમે થશો જો આકાશ વિજળી, હું મેવલીયો થઇશ જો

૩૮

ભાઈ—ભાભી

વઢવાણમાં લીલી પીળી લીમડી રે	હેલીના	હુરીયા	હચો.
બોલ્યા ચાર જણા કોણ આવે રે	,,	,,	,,
એમાં વચલો મારો વીરો રે	,,	,,	,,
મારા વીરના હાથમાં ભાલું રે	,,	,,	,,
બોલી ચાર જણી કોણ આવે રે	,,	,,	,,
એમાં વચલી મારી ભાભી રે	,,	,,	,,
એમાં છેલ્લી મારી શોકય રે	,,	,,	,,
મારી ભાભીના હાથમાં બેટડો રે	,,	,,	,,
ભાભી બેટો ધવરાવતી આવે રે	,,	,,	,,
મારી શોકયના હાથમાં શીકલી રે	,,	,,	,,
શીકલીમાં નાની એવી છોકરી રે	,,	,,	,,
શોકય છોકરી પછાડતી આવે રે	,,	,,	,,

૩૯

બેડું ફોડયું !

સસરાજી રે મેં બેડું ફોડયું
વહુ રે કેમ કરતાં ફોડયું
હાથ લપસ્યો, પગ લપસ્યો, જઇને પાવઠડે ફોડયું.

વહુ રે વહુ તમે ઘર બા'ર જાજો
આમ નો જાઉં, તેમ નો જાઉં, સાસુડી આવે ત્યારે જાઉં.

સાસુજી રે મેં બેડું ફોડયું
વહુ રે કેમ કરતાં ફોડયું
હાથ લપસ્યો, પગ લપસ્યો જઇને પાવઠડે ફોડયું.

વહુ રે વહુ તમે ઘર બા'ર જાજો
આમ નો જાઉં, તેમ નો જાઉં, જેઠજી આવે ત્યારે જાઉં.

* * *

નણદીના વીર મેં તો બેડુ ફોડયું
ઘરની નાર તમે કેમ કરતાં ફોડયું
હાથ લપસ્યો, પગ લપસ્યો, જઇને પાવઠડે ફોડયું

ઘરની નાર તમે ઘરમાં રેજો !
હમણાં વૈદ તેડાવું રે
ભલે રે તમે બેડુ ફોડયું !



૪૦

ભવના અબોલા

મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં
 મેં તો કાચનાં કોર્યાં કમાડ
  મોરી સૈયરૂં અબોલા ભવ રીયા.

મેં તો અગર ચંદણના ચુલા કોયા
 મેં તો ટોપરડે ભરીયા ઓબાળ—મોરી૦

મેં તો દૂધનાં આંધણ મેલીયાં
 મેં તો ચોખલા ઓર્યાં શેર—મોરી૦

એક અદ્ધર સમળી સમસમે
 બાઈ મારો સંદેશો લઈ જા—મોરી૦

મારા દાદાની ડેલીયે જઈ કે'જે
 તમારી દીકરીને બહુ પડિયાં દુ:ખ—મોરી૦

દીકરી દુ:ખ રે હોય તો વેઠીએ
 દીકરી સુખ પેઠે છે સૌ—મોરી૦

દાદા ખેતર હોય તો ખેડીએ
 ઓલ્યા ડુંગર ખેડ્યા કેમ જાય—મોરી૦

દાદા કૂવો રે હોય તો ત્રાગીયે
 ઓલ્યા સમદર ત્રાગ્યા કેમ જાય—મોરી૦

દાદા ઢાંઢો રે હોય તો વેચીએ
 ઓલ્યો પરણ્યો વેચ્યો કેમ જાય—મોરી૦

દાદા કાગળ હોય તો વાંચીએ
 ઓલ્યાં કરમ વાંચ્યાં કેમ જાય—મોરી૦



૪૧

મારા વા'લાને રે

જેમ સૂકાય તેમ જૂઇનાં ફુલ મારા વાલાજી રે
તેમ તારી ગોરાંદે કરમાય
જઇને કહેજો મારા વાલાને રે

ઉતારા દેશું ઓરડા મારા વાલાજી રે
ઉતારા કરનારો પરદેશ
જઇને કહેજો મારા વાલાને રે
—જેમ સુકાય૦

દાતણુ દેશું દાડમી મારા વાલાજી રે
દાતણુ કરનારો પરદેશ
જઇને કે'જો મારા વાલાને રે
—જેમ સુકાય૦

* * *

૪૨

લગરીક માખણીયા સાટુ

ઓરડા ચણાવ્યા રે વાલે મારે ઉતારા સાટુ રે;
ઉતારા કરશે શ્રી ભગવાન
વાલો મારો વસીઆ ગોકુળ ગામ.
અબોલડા લીધા રે લગરીક માખણીઆ સાટુ રે.

દાડમી રોપાવી રે વાલે મારે દાતણીઆ સાટુ રે;
દાતણુ કરશે શ્રી ભગવાન
વા'લો મારો વસીયા ગોકુળ ગામ.
અબોલડા લીધા રે૦

કુંડીયું રખાવી રે વાલે મારે નાવણીઆ સાટુ રે.
નાવણુ કરશે શ્રી ભગવાન
વા'લો મારો વસીયા ગોકુળ ગામ.
અબોલડા લીધા રે૦

* * *

૪૩

વાટલડી

સૈયર મોરી રે
ચાંદલીયા પછવાડે સૂરજ ઉગીઓ રે લોલ.
સૈયર મોરી રે
વાટલડી જોઇને જોઇને મારો જલમ ગીયો રે લોલ.
સૈયર મોરી રે
ઉતારાનો કરનારો વાલમ વાડીએ રે લોલ-સૈયર૦

* * *

૪૪

મારે આંગણુ

મારે આંગણુ ગલપુલ ને વળી મરવો
ડોલર લેચું રે હો લ્યે છે.
મારે આંગણુ પ્રભુજી નિતનિત આવતા
દાતણુ કરતા રે હો જાવને
તારે આંગણુ દાતણુ કર્યાની મારે બાધા
એ શું બોલ્યા રે હો રાધા—મારે આંગણુ૦

*　　*　　*

૪૫

ઢેલડ રીસાણી

મોર બોલે ને ઢેલડ રીસાણી
તમે શાના લીધા છે વાદ
એક વાર બોલોને ઢેલડ રીસાણી
મારા નાક પરમાણે નથડી
મેં તો ટીલીએ લીધલ વાદ
એક વાર બોલોને ઢેલડ રીસાણી–મોર૦

*　　*　　*

૪૬

લીંબુડું

લીંબુની મારી હું તો નૈ મરૂં રે વાલમા,
લીંબુડું ઝુલે છે બાગમાં.

તારાં મેણુાંની મારી મરી જાઉં મારા વાલમા,
લીંબુડું ઝુલે છે બાગમાં.

પગ પરમાણે કડલાં રે વાલમા,
લીંબુડું ઝુલે છે બાગમાં.

કાંબીયુંની બબ્બે જોડ મારા વાલમા,
લીંબુડું ઝુલે છે બાગમાં.

* * *

૪૭

કટકો કાગળીયો રે

કટકો કાગળીયો રે
કોઇ મને વાંચીને વિગતે સુણાવો

હાલાર શેરના હાથીડા લાવજો,
સોનાની અંબાડી રે—કટકો૦

હાથીએ તે બેસશે રાજા ગંભીરસિંહ
બાહર ઢાળે હજૂરી રે—કટકો૦

*ઘોઘા તે શેરનાં ઘોડલાં રે લાવજો
પીતળીયાં પલાણ રે—કટકો૦

ઘોડલે તે બેસશે રાજા મંગળસંગ
વાહર ઢાળે હજૂરી રે—કટકો૦

* * *

* એ રીતે 'વાળાક શેર—વેલડી' મૂકીને ગવાય છે.

૪૮

કમળ

રાધા કરસન રમે હોળીએ રે લોલ
ઉડે છે કાંઇ અબીલ ગુલાલ લાલ
કૃષ્ણ વાડીમાં કમળ ઉઘડ્યાં રે લોલ
કૃષ્ણજીને ઉતારા ઓરડા રે લોલ
રાધાજીને મેડીના મોલ લાલ
કૃષ્ણ વાડીમાં કમળ ઉઘડ્યાં રે લોલ

* * *

૪૯

પોપટ

મારા બાપુનો પાળેલ પોપટો
મારી માતાની નીરેલ ચણ
મારો લાલ પિયારો પોપટો
મારા કાકાનો પાળેલ પોપટો
મારી કાકીની નીરેલ ચણ
મારો લાલ પિયારો પોપટો.

* * *

[સહુ સગાંના નામ મૂકાય છે.]

૫૦

નથ

નથ ઘડી દે સોનારા રે
મારી નથ ઘડી દે સોનારા

તારી તે નથમાં શું શું જોશે
માણેક મોતી ને પરવાળાં રે—મારી૦
પગ પરમાણે કડલાં રે ઘડજે
કાંબીયુંના હુલકારા રે—મારી૦

૫૧

બેનીબાનો વીર

વાડી ફુલી વન ફુલડે
ફુલ કોણ વીણવા જાય
બેનીબાનું સાસરૂં વેગળું
ત્યાં કોણ તેડવા જાય.
જાશે વીરાજી પાતળા
ઘોડલે ઘૂઘરમાળ
લીલી ઘોડી ને પીળો ચાબખો
પાતળીઓ અસવાર
બેનીબાના ગામને ગોંદરે
ઘોડલાં ઠેકયાં જાય
ગામને ગરાસીએ પૂછીયું
કયાંનો રાજા જાય
નથી રાણો ને નથી રાજીઓ
બેની તે બાનો વીર
રો' તો વીરાજી રાંધું લાપસી
જાવ તો કઢીયલ દૂધ
ના રે બેનીબા હું ને રહું
રે મારો સંગ ચાલ્યો જાય—વાડી૦

૫૨

પીલૂડાં

પીલુડાં પાકયાં મા પીલુડાં પાકયાં,
અઘોર વન વેડયાં મા, પીલુડાં પાકયાં.

જાળી ઉપર જાળી, જાળી ઉપર જાળી.
ઝુલે છે મારી માડી મા, પીલુડાં પાકયાં—પીલુડાં૦

વાટકડીમાં સાકર, વાટકડીમાં સાકર,
ઝુલે છે મારા ઠાકર મા પીલુડાં પાકયાં—પીલુડાં૦

વાટકડીમા કેરી, વાટકડીમાં કેરી,
ઝુલે છે મારા વેરી મા, પીલુડાં પાકયાં—પીલુડાં૦

વાટકડીમાં હીરા, વાટડીમાં હીરા
ઝુલે છે મારા વીરા મા, પીલુડાં પાકયાં—પીલુડાં૦

૫૩

બેનીબાની ચુંદડી

દૂધી દૂધી તળાવડી રે
દૂધે ભરીયાં તળાવ
મેં તો ઓઢી છે ચુંદડી રે.

મોટા ભાઇ હાલ્યા છે ચાકરી રે
નાનુભાઇ હાલ્યા અમદાવાદ
મેં તો ઓઢી છે ચુંદડી રે.

મોટા ભાઈ લાવ્યા છે ઘુઘરા રે
નાનુભાઈ લાવ્યા ચંદણહાર
મેં તો ઓઢી છે ચુંદડી રે.

મોટી વહુ પેરે છે ઘુઘરા રે
નાની વહુ પેરે ચંદણહાર
મેં તો ઓઢી છે ચુંદડી રે.

મોટી વહુ હાલે છે ઠેકડે રે
નાની વહુ હાલે મરડા મરડ
મેં તો ઓઢી છે ચુંદડી રે.

૫૪

કેવડો

કુવાને કાંઠે કેવડો ગોવાળીયા
કેવડો લળી લળી જાય
કેવડો લે ને ગોવાળીઆ.

કુવાને કાંઠે કેવડો ગોવાળીયા
વાઢું તો બે ભર થાય
કેવડો લે ને ગોવાળીઆ.

પગ પરમાણે કડલાં ગોવાળીયા
કાંબીયું ફરી ઘડાવ
કેવડો લે ને ગોવાળીઆ.

*   *   *

૫૫

ગોવાળણી

મારા સોના ઈંઢાણી ગોવાળણી રે લોલ
મારૂં રૂપાનું બેડું ગોવાળણી રે લોલ

તો સરોવર ચાલી ગોવાળણી રે લોલ
મેં તો બેડું મેલ્યું આરે ગોવાળણી રે લોલ
ઈંઢાણી મેલી આંબા ડાળે ગોવાળણી રે લોલ
હું તો વાડીમાં સીધાવી ગોવાળણી રે લોલ
હું તો ફુલ વીણી લાવી ગોવાળણી રે લોલ
ફુલ માલણને આપ્યાં ગોવાળણી રે લોલ
માલણ હાર ગુંથી લાવે ગોવાળણી રે લોલ
હાર બેડે ચડાવ્યો ગોવાળણી રે લોલ
કાન બેડે આવી લુમ્યો ગોવાળણી રે લોલ
કાન બેડું નંદવાશે ગોવાળણી રે લોલ
ગોરી નવલું લે આલું ગોવાળણી રે લોલ
તારૂં નવલું મારે દવલું ગોવાળણી રે લોલ
મારૂં જૂનું મારે સારૂં ગોવાળણી રે લોલ

૫૬

મારો ગરબો

મારો ગરબો રે રમે રાજ ને દરબાર,
રમતો ભમતો રે ગ્યો છે કુંભારીને બાર
અલી કુંભારીની નાર
તું તો સૂતી હોય તો જાગ
મારે ગરબે રે રૂડાં કોડીયાં મેલાવ

મારો ગરબો રે રમે રાજ ને દરબાર
રમતો ભમતો રે ગ્યોછે સોનીડાને બાર
અલી સોનીડાની નાર
તું તો સૂતી હોય તો જાગ
મારે ગરબે રે રૂડાં જાળીયાં મેલાવ.

મારો ગરબો રે રમે રાજને દરબાર
રમતો ભમતો રે ગ્યોછે ઘાંચીડાને બાર
અલી ઘાંચીડાની નાર
તું તો સૂતી હોય તો જાગ
મારે ગરબે રે રૂડાં દીવેલ પૂરાવ—મારો૦

૫૭

ગોરી ગરબો આવ્યો

સૂતી હોય તો જાગ રે ગોરી ગરબો આવ્યો
તેલ બળે ઘી પૂર્ય રે ગોરી ગરબો આવ્યો
ગરબે ઝાઝા હીરા રે ગોરી ગરબો આવ્યો
કઇ બાઇ માગે વીરા રે ગોરી ગરબો આવ્યો
....બાઈ માગે વીરા રે ગોરી ગરબો આવ્યો
ગરબે ઝાઝાં સૂતર રે ગોરી ગરબો આવ્યો
કઇ વહુ માગે પૂતર રે ગોરી ગરબો આવ્યો
...વહુ માગે પૂતર રે ગોરી ગરબો આવ્યો
એકના એકવીસ રે ગોરી ગરબો આવ્યો
બેના બાવીસ રે ગોરી ગરબો આવ્યો
તેલ બળે ઘી પૂર્ય રે ગોરી ગરબો આવ્યો
સૂતી હોય તો જાગ રે ગોરી ગરબો આવ્યો

૫૮

ગોધન

ઘોડલુ આવે ડોલતી તેને કોણ દોવા જાય જો,
નવસેં નોંજણુ વાળીયાં સરી કૃષ્ણ દોવા જાય જો.

ધમકે શેડ્યું ફુટીયું એનાં દૂધ દોણું નો માય જો,
છડકે છાશું ફેરીયું એનાં મહી માખણુ નો માય જો.
પેલું મંગળ ગાઇશ મારો દાદો દેશે દાન જો,
દાદે દીધાં ગામ દાદા એટલાં ઘણું હોય જો.

*   *   *

પછી કાકા, મામા, વીરા વગેરેના સાથે ભેંસો, ઘોડાં, હાથી, ઈત્યાદિનાં મંગળ મૂકીને ગવાય છે.

૫૯

બંગલો

અડવડ દડવડ નગારાં વાગે,
હુર હુર ગોમતી ગાજે રે બંગલા ફૂકકડ બનાયા—અડવડ૦
વાણે ચડીને વીરે ઇંટું મગાવી,
ઈંટુના ઓરડા ચણાવો રે બંગલા ફૂક્કડ બનાયા—અડવડ૦
વાણે ચડીને વીરે સોપારી મગાવી
સોપારીની પૂરણી પૂરાવો રે બંગલા ફૂક્કડ બનાયા—અડવડ૦
વાણે ચડીને વીરે લવીંગ મગાવ્યાં
લવીંગનાં જાળીયાં મેલાવો રે બંગલા ફૂક્કડ બનાયા—અડવડ૦
વાણે ચડીને વીરે એલચી મગાવી
એલચીની બારીયું મેલાવો રે બંગલા ફૂક્કડ બનાયા—અડવડ૦
વાણે ચડીને વીરે કંકુ મગાવ્યાં
કંકુની ગાર્યું કરાવો રે બંગલા ફૂક્કડ બનાયા—અડવડ૦

૬૦

ઈંગારશા પીર

પીર છે પીર છે પીર છે રે
શેત્રુંજે ઈંગારશા પીર છે.
ધોળી ધજા ને માથે નેજા ફરૂકે
ફરતો લોબાનનો ધૂપ છે રે—શેત્રુજે૦
વાંઝીયાં આવે રે પીર તારી જાત્રાએ
પુતર લઈને ઘેરે જાય છે રે—શેત્રુજે૦
કોઢીયા આવે રે પીર તારી જાત્રાએ
યા લઈને ઘેરે જાય છે રે—શેત્રુજે૦
ધોળી ધજા ને માથે નેજા ફરૂકે
ગ રે કાંગરે મોર છે રે
શેત્રુજે ઈંગારશા પીર છે.

૬૧

વણઝારી

હાં રે મેં તો વાડામાં રીંગણી વાવી રે ઝુલણુ લે વણઝારી રે
હાં રે એનાં ફુલડાં રાતાં ને ફળ કાળાં રે ,, ,, ,,
હાં રે હું તો સોનીની શેરીએ ગઈ'તી રે ,, ,, ,,
હાં રે એનાં હાટમાં ઝુમણાં જોયાં રે ,, ,, ,,
હાં રે મારાં ઝુમણુંલે મન મોયાં રે ,, ,, ,,
હાં રે મારાં મન મોયાં દલ ખોયાં રે ,, ,, ,,

* * *

તે પછી : મણીઆરની શેરી–ચૂડલા : દોશીડાની શેરી–ચુંદડી વગેરે

૬૨

કેર કાંટો

[પ્રેમની મસ્તીએ ચડેલી નાદાન સ્ત્રી સ્વતંત્ર જીવનનો આનંદ માણવા માટે સંયુક્ત કુટુંબની જંજાળોથી કેવી રીતે મુક્ત બનવાના મનોરથ કરે છે, તેનુ ટોળ-ચિત્ર કોઈ લોક-કવિએ આ ગીતમાં આબાદ ખૂબીથી ઉતાર્યું છે.]

§

હાં કે રાજ !
વાવડીના પાણી ભરવા ગ્યાંતાં
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ !
વડોદરાના વૈદડા તેડાવો
મારા કાંટડીયા કઢાવો
મને પાટડીયા બંધાવો
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ !
ધોરાજીના ઢોલીયા મંગાવો
માંહિ પાથરણાં પથરાવો
આડા પડદલા બંધાવો
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ !
ઘરમાંથી રાંધણીયાંને કાઢો
મારી ધુમાડે આંખ્યું દુઃખે
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ !
ઓશરીયેથી ખાંડણીયાને કાઢો
મારા ધબકે ખંભા દુઃખે
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ !
આંગણીયેથી ગાવલડીને કાઢો
એના વલોણાને સોતી
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ !
સસરાજીને ચોવટ કરવા મેલો
મને ઘુંઘટડા કઢાવો
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ !
નણંદડીને સાસરીયે વળાવો
એનાં છોરૂડાંને સોતી
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ !
ફળીયામાંથી પાડોશણને કાઢો
એના રેંટીયાને સોતી
મને કેર કાંટો વાગ્યો.

૬૩

દરિયાનાં ફુલ

[નૃત્યમાં મસ્તી જગાવતા આ ગીતને જૂદા જૂદા ટેક લગાડીને જુદા જુદા સ્વરે તથા તાલે ગાવામાં આવે છે. જુઓ ર. રા. ભા. ૧—છેલ રમે ગેડી·દડે : ભા. ૨—નાગર ઉભા રે'ને રંગ રસિયા : ઇત્યાદિ. આંહી કાવ્યત્વનો રસ ટેકમાંથી નિષ્પન્ન થાય છે.]

§

દરિયાનાં ડોલર ફુલ ચડે મા'દેવને રે લોલ
સોના ઇંઢોણી રૂપા બેડલું
દરિયાનાં ડોલર ફુલ ચડે મા'દેવને રે લોલ.

પાણીડાં ગઈ'તી તળાવ રે
હરિયાનાં ડોલર ફુલ ચડે મા'દેવને રે લોલ.

કાંઠે તે કાન ઘોડાં ખેલવે—હરિયાનાં૦
કાન મને ઘડુલો ચડાવ્ય રે—હરિયાનાં૦
તારો ઘડો તે ગોરી નો ચડે—હરિયાનાં૦
*તું છો મારા ઘરડાની નાર રે—હરિયાનાં૦

---

*ર. રા. ભા. પહેલાના "છેલ રમે ગેડી દડે" (૭૧) મુજબ બાકીની પંક્તિઓ પૂરી થાય છે.

૬૪

તન્મયતા

[પ્રેમીજન પોતાના પ્રેમપાત્રની સેવાને કાજે ચાહે તે વસ્તુનું સ્વરૂપ સ્વીકારવા તલસે છે.]

§

ગેંડા સરજાવું સા'બ કણીયા સરજાઉં.
ઉતારા કરો તો 'સા'બ અમકું બોલાવો,
સોના કેરી ખાટ બની જાઉં સાબ—ગેંડા૦
દાતણ કરો તો સાબ અમકું બોલાવો,
રૂપા કેરી ઝારી બની જાઉં સાબ—ગેંડા૦
નાવણ કરો તો સાબ અમકું બોલાવો,
ત્રાંબાકુંડી જળ બની જાઉં સાબ—ગેંડા૦

ભોજન કરો તો સાબ અમકું બોલાવો,
નાની થાળીમાં લાડુ બની જાઉં સાબ—ગેં૦ ડા૦

મુખવાસ કરો તો સાબ અમકું બોલાવો,
પાન સોપારી એલચી બની જાઉં સાબ—ગેં૦ ડા૦

પોઢણું કરો તો સાબ અમકું બોલાવો,
ઢોલીયા તળાઈ બની જાઉં સાબ—ગેં૦ ડા૦



ઋતુ–ગીતો

વિરહિણી પ્રિયતમા પ્રત્યેક માસની ઋતુ-લીલા વર્ણવી પરદેશ ગયેલા વલ્લભને યાદ કરે, અથવા તો વિપત્તિમાં પડેલી અબળા રાજદરબાર સમક્ષ 'બાર–માસી'ને રૂપે પોતાના વીતકો વર્ણવે, એવી પ્રથા બંગાળી લોક–કાવ્યોમાં પણ ઠેર ઠેર તરવરે છે. આપણા લોક-સાહિત્યમાં ઋતુ–ગીતો બે જાતનાં છે: એક સ્ત્રીજનને ગાવાના રાસડા અને બીજાં ચારણ-રચિત છંદો ને ગીતો : ચારણો, મીરો અથવા મોતીસર લોકો કાં તો રાધા–કૃષ્ણને નામે એ ઋતુ–વર્ણનો રચે છે, ને કાં પોતાના આશ્રિત અથવા મિત્ર સમ કોઈ વિદેહી રાજાને સંબોધી પ્રત્યેક માસના મરશીયા ગાય છે, કે જેને આપણે Elegy નામ આપી શકીએ. સ્ત્રીજનોના રાસડામાં ઋતુ-વર્ણન ઝીણવટ-વાળું નથી હોતું. ઘણીખરી વાર તો ઋતુનાં કશાં લક્ષણો આપ્યા સિવાય કેવળ પ્રાસ મેળવીને જ વિયોગની વેદના વ્યક્ત કરેલ હોય છે: જ્યારે ચારણી 'બારમાસા'ની અંદર ભાવોર્મિ કરતાં વધુ પ્રમાણમાં ઋતુ–લક્ષણોનું બારીક નિરીક્ષણ ને ભાષામાં ઝડઝમકનો ઉઠાવ નજરે પડે છે. બન્ને પ્રદેશમાં બારમાસી કાવ્યો રચવાનો મોહ ઘણા કવિઓને થયો દેખાય છે. પરંતુ પછી તો એ તમામમાં કેવળ એકજ શૈલીનાં વર્ણનો ચાલે છે. નવીનતાનો રસ કોઇને લાગતો જ નથી. શબ્દો, ભાવો, ચિત્રો, તમામ એનાં એ જ રહે છે. વૈવિધ્ય માત્ર ઢાળોમાં જ જળવાય છે. પ્રત્યેક ઢાળને એનું વ્યક્તિત્વ છે. આંહી ફક્ત સ્ત્રીજનોને મુખે ગવાતા બારમાસના રાસડા જ આપીએ છીએ.

૬૫

વાલા

વાલા માગશરે મથુરા ભણી રે
　　　　મારે કરમે આ કુબજા કયાં મળી રે
વાલા પોસે સૂકાણી હું તો શોષમાં રે
　　　　તે દી'ની ફરૂં છું ઘણા રોષમાં રે
વાલા મા મહિને મેલી ગીઆ રે
　　　　દીનાનાથ નમેરી શું થયા રે
વાલા ફાગણુ હોળી હૈયે બળે રે
　　　　દીનાનાથ ગોત્યા કયાંય નવ મળે રે
વાલા ચૈતર ચિંતા થાય છે રે
　　　　ધીરપ રાખું ત્યાં જોબન વહી જાય છે રે
વાલા વૈશાખે વન વિચરી રે
　　　　નાર નાની ને મોટી જોવા નીસરી રે
વાલા જેઠ આવ્યો ને હવે શું કરૂં રે
　　　　દીનાનાથ વન્યા હવે નહિ ફરૂં રે
વાલા આષાઢી ઘમઘોરીયા રે
　　　　ઝીણા ઝરમર વરસે મેહુલા રે
વાલા શ્રાવણુ શેરીયું વળાવતી રે
　　　　નાથ આવે તો નેણુ ભરી ન્યાળતી રે
વાલા ભાદરવો ભર રંગમાં રે
　　　　એની ઉલટ ઘણેરી મારા અંગમાં રે
વાલા આસુના અંજવાળીઆં રે
　　　　નાથ આવો તો મારે મંદર જાળીઆં રે
વાલા કારતકે કાન ઘેરે આવીઆ રે
　　　　માતા જશોદાને મન્ન બહુ ભાવીઆ રે

૬૬

વાલાજી

કારતક મહિને મેલી ચાલ્યા કંથ રે વાલાજી !
આ પ્રીતલડી તોડીને ચાલ્યા પંથ મારા વાલાજી !

માગશર મહિને મુજને નો કહી વાત રે વાલાજી.
આ આવડલી ને રીસ ન કરીએ નાથ મારા વાલાજી !

પોષ મહિને પડિયા મુજને દોષ રે વાલાજી,
આ જોશીડા તેડાવો જોવે જોશ મારા વાલાજી !

ભાઇ જોશીડા જોજે રૂડા જોશ રે વાલાજી,
આ કે'જે મારા કરમડાના દોષ મારા વાલાજી !

મહા મહિનાની ટાઢ્યું મુજને વાય રે વાલાજી,
આ હેમાળો હુલકયો ને કેમ રે'વાય મારા વાલાજી !

ફાગણ મહિને ફેર તણી છે હોળી રે વાલાજી,
આ ફળીઆની પાડોશણ રંગમાં રોળી મારા વાલાજી !

ચૈતર મહિને ચિત્ત કરે છે ચાળા રે વાલાજી,
આ ઘેર પધારો મોહન મોરલીવાળા મારા વાલાજી !

વૈશાખે કૈં વનસપતિ બહુ પાકી રે વાલાજી,
આ પાકી છે કાંઇ દાડમડી ને દ્રાખ મારા વાલાજી !

જેઠ મહિને જઇ બેઠા છે ઠેઠ રે વાલાજી,
આ ઠેઠ જઇને ભર નીંદરમાં સૂતા મારા વાલાજી !

આષાઢીલા ઘમઘોર્યાં આકાશ રે વાલાજી,
આ વાદળડીમાં વીજ કરે ચમકાર મારા વાલાજી !

*દીવાળી રાત ભાગ ૩

શ્રાવણ મહિને સડવડ દડવડ વરસે રે વાલાજી,
આ નદીયુંમાં કંઇ છલકે ઓળાં નીર મારા વાલાજી !

ભાદરવે તો ભરદરિયે હું ડુબી રે વાલાજી,
આ કંથ વિના કર ઝાલી કોણ ઉગારે મારા વાલાજી !

આસો માસે આવેલી દીવાળી રે મારા વાલાજી,
આ તમ કાજે હું સેવ વણું સુંવાળી મારા વાલાજી !

મેં જાણ્યું જે ઉજળું એટલું દૂધ રે વાલાજી,
આ જાતે ને જનમારે માંડયાં જૂદ્ધ મારા વાલાજી !

મેં જાણ્યું જે લીલુડા એટલા મગડા રે વાલાજી,
આ જાતે ને જનમારે માંડયા ઝગડા મારા વાલાજી !

મેં જાણ્યું જે કાંત્યું એટલું સૂતર રે વાલજી,
આ ઘેર પધારો સાસુડીના પૂતર મારા વાલાજી !

નથી લખ્યો એક કાગળીયાનો કટકો રે વાલાજી,
આ શીદ રાખ્યો છે દિલમાં અવડો ખટકો મારા વાલાજી !

સમદરિયા તું શીદ ભર્યો છો ખારો રે વાલાજી,
નથી એકે ઉતરવા કેરો આરો મારા વાલાજી !

*. માગશર મહિને મંદિર ખાવા ધાય રે વાલાજી
આ એકલડી દાસીના દિન કેમ જાય મારા વાલાજી.

૬૭

આણાં

કારતકે કૃષ્ણ સીધાવીઆ રાણી રૂખમણી સજે શણગાર,
કોઈ કે' કરસનજી આવીયા એને આલું નવસર હાર
કે આણાં મોકલને મોરાર

માગશરે મેલી ગયા ને પ્રભુ મેલ્યાં માસ છ માસ,
સૈયર સંદેશા દઇ ગયા એની એકલડી દીન રાત
કે આણું મોકલને મોરાર !

પોષ મહિનાની પ્રીતડી ને પ્રભુ પ્રીતે ચાલ્યા,
નવી નારી સાથે મન મોયાં પ્રભુ અમસું સરીયાં કાજ
કે આણું મોકલને મોરાર !

માઘ મહિનાનાં માયરાં ને પરણે જાદવરાય,
એક ન આવ્યા અણોસરી મારા સૂના દિવસ કેમ જાય
કે આણું મોકલને મોરાર !

ફાગણ ફૂલ્યો ફૂલડે ને ફૂલ્યાં કેસર ઝાડ,
અબીલ ગલાલને છાંટણે રમે ગોપી ને ગોવાળ
કે આણું મોકલને મોરાર !

ચૈતરે ચાંપો મોરીયો ને મોર્યાં દાડમ દ્રાખ,
કોયલ ટૌકા કરે બેઠી આંબાની ડાળ
કે આણું મોકલને મોરાર !

વૈશાખે વન વેડીયાં ને વેડી આંબા શાખ,
રસે ભરેલો વાટકો મને કોણ કે'શે તું ચાખ
કે આણું મોકલને મોરાર !

જેઠ મહિનાના તાપ ઘણા ને ઘરમાં નવ રે'વાય,
હાથનો ગૂંથેલા વીંઝણો હું કોને ઢાળું વાય
કે આણું મોકલને મોરાર !

આષાઢે ધમધોરીયા ને વાદળ ગાજે ઘોર,
બપૈયા પિયુ પિયુ કરે ને મધુરા બોલે મોર
કે આણું, મોકલને મોરાર

શ્રાવણ વરસે સરવડે ને નદીએ બોળાં નીર,
આંસુડે ભીંજાય મારી કાંચળી નવ આવ્યા નણદીના વીર
કે આણું મોકલને મોરાર !

ભાદરવો ભલે ગાજીયો ને ગાજ્યા વરસે મેહ,
હું રે ભીંજાઉં ઘર આંગણે મારા પ્રભુ ભીંજાય પરદેશ
કે આણું મોકલને મોરાર !

આસોનાં અંજવાળીયાં ને ગોપીયું ગરબા ગાય,
વે'લો વળજે વીઠુલા તારી ગોરી ધાન ન ખાય
કે આણું મોકલને મોરાર !

ખાજાં તો ખોરાં થીયાં ને લાડુડા ખારા ઝેર,
જલેબીએ તો જુલમ કર્યો દહીંથરીયે વાળ્યો દાટ
કે આણુ મોકલને મોરાર !

સોપારી તો સળી ગઈ ને સૂડીએ વળીયો કાટ,
એલચડી તો બટાઇ ગઇ લવીંગડે ઉડી આગ
કે આણું મોકલને મોરાર !

ફૂલ ફગરનો ઘાઘરો સીવડાવ્યો સુકરવાર,
પેર્યો નથી પણ પે'રશું મારા દાદાને દરબાર
કે આણું મોકલને મોરાર !

સસરા માથે શલ્યા ઢળી, સાસુને ડસીયલ નાગ,
જેઠ માથે વેઠ પડી જેઠાણીને તરીયો તાવ
કે આણું મોકલને મોરાર !

દેર રમે દડુલડે દેશાણી દોડાદોડ,
નણંદ મારી સાપણી પાડોસણ મારી શોક્ય
કે આણું મોકલને મોરાર !

મંગાવો કાંઇ દોત કલમ ને કાગળીયો લખાવ,
બાંધો પોપટને છેડલે એને સાસરીએ મોકલાવ
કે આણું મોકલને મોરાર !

સામા ટોડા ચીતર્યા ને વચ્ચે લખ્યા બે મોર,
પરણ્યા ધણીને આટલું કે'જો તમે માણુસ છો કે ઢોર
કે આણું મોકલને મોરાર !

આણું આણું શું કરો ગોરી આણું જેવડાં થાળ,
આણાંનો નથી ઓરતો મારે નગર જોયાની ખાંત.
કે આણાં મોકલને મોરાર !

સરખી તે સૈયરે કહાવીયું બેની વેલ્ય છુટી વડ હેઠ,
આણે આવ્યાં ત્રણ જણાં મારો સસરો દેર ને જેઠ
આણાં આવ્યાં રે મોરાર !

સસરાને પિરસી લાપસી ને જેઠને છૂટી સેવ,
દેરને પિરસી શીરા પૂરી મારી જમી સાસર વેલ
આણાં આવ્યાં રે મોરાર !

સસરો મારો રાજીયો સાસુડી સમદર લેર,
જેઠ મારો જદુપતિ જેઠાણી ઘરનો થંભ
કે આણાં આવ્યાં રે મોરાર !

દેર દડુલા દોટવે દેરાણી નાનું બાળ,
નણંદ મારી ચરકલી પાડોશણ મારી બેન
કે આણાં આવ્યાં રે મોરાર !

સોપારી રૂડી વાંકડી એળચડી લેરે જાય,
બગીચો એનો સોયામણો લાડુડા લાલ ગલાલ
કે આણાં આવ્યાં રે મોરાર !

ફુલફગરનો ઘાઘરો સીવડાવ્યો સકરવાર,
પેર્યો ને વળી પેરશું મારા સસરાને દરબાર
કે આણાં આવ્યાં રે મોરાર !



૬૮

રમવા આવોને રે

આવો આવો ને નંદલાલ, રમવા આવો ને રે
કારતક તો મેં કષ્ટે રે કાઢયો
નરસે થયા નંદલાલ
રમવા આવોને રે !

માગશરે મારગડે રે મેલી
હવે અમારૂં કોણ છે બેલી
વા'લા વિણુ થઇ છું ઘેલી
રમવા આવો ને રે—આવો૦

પોષે તો મારા પ્રાણ તજું છું
લોકડીયાંની લાજ લોપું છું
સંસાર ત્યાગ કરૂં છું
રમવા આવો ને રે—આવો૦

મહા મહિને મંદિરીયાં રે સૂના
હરિ વિના આસનીયાં રે સૂના
વા'લા વિના જાય છે જોબનીયાં
રમવા આવો ને રે—આવો૦

ફાગણે ફગફગતી રે હોળી
અબીલ ગુલાલ ભરાવું રે ઝોળી
વા'લા વિના કોણ ખેલે હોળી
રમવા આવો ને રે—આવો૦

ચૈતરે તો મને ચિંતા રે લાગી
સૂની સેજલડીમાં ઝબકીને જાગી
વા'લાની લ્હે' મને લાગી
રમવા આવો ને રે—આવો૦

વૈશાખે વાવલીયા રે વાયા
આંખ ઉઘાડીને ચોય દશ જોયા
આંસુ પાલવડે લોયાં
રમવા આવો ને રે—આવો•

જેઠ માસે જુગ જીવણુ આવે
સૌ લોકો સંદેશા રે લાવે
વા'લો મારો કંઇયે ન કહાવે
રમવા આવો ને રે—આવો૦

આષાઢે હું અબળા રે નારી
જોબન દરિયે પૂર છે ભારી
વા'લે મારે મેલ્યાં વિસારી
રમવા આવો ને રે—આવો૦

શ્રાવણે સરવડીયાં રે વરસે
નદીયે નીર ઓળેરાં ઉભરશે
વા'લો મારો કેમ ઉતરશે
રમવા આવો ને રે—આવો૦

ભાદરવો ભર દરિયે રે ગાજે
લીલુડાં વન નવ પલ્લવ છાજે
વા'લો મારો લગરી ન લાજે
રમવા આવો ને રે—આવો૦

આસો તે માસે આવી દિવાળી
લોક વણે છે શેવ સુંવાળી
વા'લા વિના આ શી દિવાળી
રમવા આવો ને રે—આવો૦

૯૯

આવો હરિ !

કારતકે કૃષ્ણ ગયા મેલી
મારે ઘેર આવો વનમાળી
કુબજા કેમ રે ગમે કાળી
આવો હરિ રાસ રમો વાલા !

માગસરે મારગડે રમતાં
ભેળાં બેસી ભોજનીયાં જમતાં
હવે હરિ કેમ નથી ગમતાં
આવો હરિ રાસ રમો વાલા !

પોષે તો શોષ પડયો અમને
ત્રિકમજી શું કહીએ તમને
દિલાસા દે રે ગયા અમને
આવો હરિ રાસ રમો વાલા !

માઘે મહા અંધારી રાત્યો
કુલડીયે બીછાવી ખાટયો
વા'લે લીધી મથુરાની વાટયો
આવો હરિ રાસ રમો વાલા !

ફાગણ માસે ફેરા ફરે હોળી
સૈયરૂં પેરે ચરણાં ને ચોળી
કેસૂડાં બહુ રે છાંટયાં બોળી
આવો હરિ રાસ રમો વાલા !

ચૈતરે ચતુરા નાર કે'તી
વાલાજીના ગણ ગાતી ફરતી
પરભુ મારા તોય કીધી નરતી
આવો હરિ રાસ રમો વાલા !

વૈશાખે વાટલડી જોતી
ઉભી ઉભી મુશકડે રોતી
આંસુડાં પાલવડે લ્હોતી
આવો હરિ રાસ રમો વાલા !

જેઠે તો જગજીવન આવે
વધામણી લોક બધાં લાવે
વાલો મારો કાંઈ યે નો કહાવે
આવો હરિ રાસ રમો વાલા !

અષાઢે ઈંદ્ર ઘણું વરસે
નદીનાળાં છલોછલ ઉભરશે
વાલો મારો કેમ કરી ઉતરશે
આવો હરિ રાસ રમો વાલા !

શ્રાવણ તો સરવડીએ વરસે
ઝીણા ઝીણા મેવલીઆ વરસે
વાલા મારા તોય મરૂં તરશે
આવો હરિ રાસ રમો વાલા !

ભાદરવો ભર હરિયે ગાજે
સામે ઘેર વલોણું વાજે
એ તો મારા હૈડામાં સાજે
આવો હરિ રાસ રમો વાલા !

આસો માસ આવી છે દીવાળી
એયડૂં રાંધે સેવું સુંવાળી
પરભુને જમાડું વાળી વાળી
આવો હરિ રાસ રમો વાલા !

૭૦

વિનતિ

કારતકે કૃષ્ણ સીધાવ્યા વન
કે વ્રજ કરે વિનતિ રે લોલ.
માગશરે મેલી ગયા મહારાજ
કે નેણે નીર ઝરે રે લોલ.
પોષે પ્રભુજી ગયા પરદેશ
નારીને મેલ્યાં એકલાં રે લોલ.
માઘે મંદિર ખાવા ધાય
કે સેજ શા કામની રે લલ.
ફાગણે ફુલડાં કેરા હાર
ગુંથીને લાવે ગોપીયું રે લોલ.
ચૈતરે સૂરજ તપે આકાશ
કે તેથી મારાં અંતર તપે રે લોલ.
વૈશાખે વનમાં ગોપી જાય
કે વાલાજીને ગોતવા રે લોલ.
જેઠે જુગજીવન ઘેરે આવ્યા
સંદેશો મારો શું રે લાવ્યા રે લોલ.
આષાઢે ઝીણી ઝબૂકે વીજ
મધુરા બોલે મોરલા રે લોલ.
શ્રાવણે સોળ સજ્યા શણગાર
કે આંખડી ન આંજીયે રે લોલ.

ભાદરવો ભર જોબનમાં જાય
દિવસ જવા દોયલા રે લોલ.
આસો માસે દીવાળીની સેવું
વાલાજી વિના કોણ જમે રે લોલ.

૭૧

રાધા હરિ રમે

[સ્વાભાવિક ઝડઝમક, પ્રબલ પ્રવાહ–ગતિ અને લલિત શબ્દાવલિ છતાં પણ આ તિથિ–ગીતમાં અર્થની સ્પષ્ટતા નથી. બધું અસંબદ્ધ લાગે છે. પ્રત્યેક કડી નિરાળું નિરાળું શબ્દ–ચિત્ર આંકે છે.]

§

અમ્માસે હરિ ઓપી ગોપી શામળીયો સરદાર,
અરજાણ ઓપી હો ને રાધા હરિ રમે.
પડવે પિતાંબર ઓઢણ અંબર ચમર ઢળંતો ચાલે,
ચડી ચાંખડીયે હો ને રાધા હરિ રમે.
બીજ બોળી, કેસર ઘોળી, અંગે ચરણાં ચોળી,
રાજ બિરાજે હો ને રાધા હરિ રમે.
ત્રીજે તાલ પખાજ ધડુકે કને કને કડતાળ,
ઘુઘરા ઘમકે હો ને રાધા હરિ રમે.
ચોથે ચકમક દાણ મોરલી શી શી ને શરણાયું,
ઝાંઝર ઝમકે હો ને રાધા હરિ રમે.
પાંચમે મોતી હૈડે જોતી સાંચી ને સાંચવતી,
હાથ પગે હીરા હો ને રાધા હરિ રમે.

છઠે શેર સીંદુરનો સેંથો, રજે સજેથી ભરીયો,
હાથ અરીસો હો ને રાધા હરિ રમે.
સાતમે સાયર ઉમટયા ને મછે ધર્યો અવતાર,
ગોકુળ ગઢમાં હો ને રાધા હરિ રમે.
આઠમે કાનડ અવતર્યા ને પ્રથમીના આધાર,
કુળ અજવાળાં હો ને રાધા હરિ રમે.
નવમે ન કરીશ નાગલા એની વાળી વીંટી ત્રોટી,
હલકે હીંચે હો ને રાધા હરિ રમે.
દસમે દશામા વાગીયા હરિ રાધા વરસું રીઝયાં
ઢોલ ધડુસ્યા હો ને રાધા હરિ રમે.
એકાદશી અપવાસણી ને નદીએ નરમળ ન્હાતી,
નીર નીતરતી હો ને રાધા હરિ રમે.
બારસે બત્રીસાં ભોજન તેત્રીસવરણાં શાક,
જાદવ જમજો હો ને રાધા હરિ રમે.
તેરસે તેડાં મોકલ્યાં રાધાજી વેગે પધારો,
મંદિર સૂનાં હો ને રાધા હરિ રમે.
ચૌદશે ચરણાં પે'રીયા ને સોળસે ગોપીમાંય,
રમવા આ'તાં હો ને રાધા હરિ રમે.
પંદર તિથિમાં વડી પુનમડી, ટીલી તપે લીલાડ,
સોળ કળાની હો ને રાધા હરિ ર .